દાખલ તા. ૦૫–૦૧–૨૦૧૮

રજી.કર્યા.તા. ૦૫–૦૧–૨૦૧૮

ફેસલ કર્યા તા. ૨૨–૦૪–૨૦૨૬

સમય ગાળો – ૮ વર્ષ ૩ માસ ૧૭ દિવસ

---

**ધોળકાનાં મહે.એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી બી.એમ.ગઢિયા )**
**સાહેબશ્રીની કોર્ટમાં,ધોળકા**

---

**ક્રિ.પ.અરજી નંબરઃ–૧૨/૨૦૧૮**

**આંકઃ–**

**અરજદાર/ફરિયાદીઃ**

(૧) સંગીતાબેન વનરાજભાઈ ગોહીલ
ઉ.વ.આ.૩૦, ધંધો–ઘરકામ

(૨) સગીર બ્રીજેશ વનરાજભાઈ ગોહીલ,
ઉ.વ.આ.૧૧, ધંધો–અભ્યાસ,
અરજદાર નં.ર ના વાલી અને ઈષ્ટમિત્ર તરીકે
રહે., બંને હાલ: જાખડા,તા.ધોળકા,જી.અમદાવાદ.

**વિરુધ્ધ**

**સામાવાળાઓ/આરોપીઓઃ**

(૧) વનરાજભાઇ બાબુભાઇ ગોહીલ
(૨) બાબુભાઇ ગગુભાઇ ગોહીલ
(૩) સુરજબેન બાબુભાઇ ગોહીલ,
રહે.તમામ મીઠાપુર,તા.બાવળા, જી.અમદાવાદ.

**વિષયઃ– ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૧૨,૧૮,૧૯,૨૦ ૨૨ મુજબની દાદ મેળવવા માટેની અરજી**

અરજદાર તરફે : વિ.વ.શ્રી એસ.જે.સૈયદ
સામાવાળા તરફે : જે.સી.કીકાણી

**:: ચુકાદો ::**

(૧) ફરિયાદીની અરજની હકીકત એવી છે કે આ કામના અરજદાર નં. ૧ ના લગ્ન તા.૨૫/૦૪/૨૦૦૫ ના રોજ હિન્દુ શાસ્ત્રોક વિધિ અને તેઓની જ્ઞાતિના રીત–રીવાજ મુજબ થયેલા અને લગ્ન વખતે તેઓના પિયરપક્ષ તરફથી તેઓને કરીયાવરમાં સોના–ચાંદીના દર દાગીના, જેવા કે સોનાનો સેટ ૫ તોલા, સોનાના પોચા ૨ તોલા, પગના વેઢ ૨ તોલા, સોનાની ચેન ૩ તોલા, ચાદીનો કેડ–કંદોરો ૫૦૦ ગ્રામ, ચાંદીના પગ છડા ૫૦૦ ગ્રામ, જમાઇને સોનાની વીટી નંગ–ર એક તોલા, તથા વાસણ કુસણ કપડા લત્તા તેમજ ફર્નીચરમાં ખુરશીઓ, ગાદલા ગોદડા આપેલા જે તમામ ચીજદસ્તુઓ લઇ તેઓ ફરીયાદી આ કામના પ્રતિવાદીનં. ૧ ના ઘરે વારણાં મુકામે ગયેલા જયાં આ કામના પ્રતિવાદી ન.૧ ના પત્ની તરીકે લગ્ન જીવનના હકકો અને ફરજો અદા કરતા હતા.

(૨) આ કામના પ્રતિવાદીઓએ તેઓ ફરીયાદીને થોડા મહીના સારૂ રાખેલું, અને ત્યારબાદ તેઓ ફરીયાદીને સાસુ–સસરા વડસસરા નાની બાતોમાં મેણા–ટોણા મારી કામની બાબતમા વગર કારણે ખાચાં કાઢીને તેઓની સાથે ઝઘડો કરતા હતા અને તેઓના પતિ ઘરે ના હોય ત્યારે તેઓનીસાથે ઝઘડો કરીને તેઓને સતત માનસીક ત્રાસ આપતા હતા અને તેઓના પતિ ઘરે આવેલ એટલે તેમને પણ તેઓની વિરૂધ્ધ ચઢવણી કરતા હતા અને તેના લીધે તેઓના પતિ અવાર–નવાર તેઓને મારઝુડ કરીને કાઢી મુકતા હતા પરંતુ તેઓને તેઓના માતા–પિતા તેઓને સમજાવતા કે બેટા સંસારમાં આવું તોબધુ ચાલ્યા જ કરે તેમ કહી તેઓને તેઓની સાસરીમાં મુકી જતા હતા આવું તો ઘણીવાર બનેલું પરંતુ પ્રતિવાદીઓના વર્તનમાં કોઇ જ સુધારો આવેલ નહી અને તેમનો ત્રાસ દિન–પ્રતિવાદી વધતો જતો હતો તેઓને એવુ હતુ કે હવે તેઓને બાબાને જન્મ આપ્યો છે તેથી તેઓને સારુ રાખશે પરંતુ તે લોકોના વર્તનમાં કોઇ જ સુધારો આવેલ નહી.

(૩) તેઓને જયારે ટાઇફોઇડ થયેલ અને તેઓ સખત બિમાર હતી ત્યારે પણ તેઓની કોઇ જ દરકાર કરેલ નહી અને તેઓની સારવાર કરાવેલી નહી અને તેઓને જણાવેલ કે તારે સારવાર કરાવવી હોય તો તારા બાપને ત્યાં જા અઅને તારા બાપા તારી સારવાર કરાવશે જેથી તેઓને તેઓના પતિએ તેઓના પિયરમાં મોકલી દીધેલ અને તેઓના માતા–પિતાએ તેઓની સારવાર કરાવેલી અને દાવ કરાવ્યા બાદ તેઓ તેઓની સાસરીમાં ગયેલ તયારબાદ તેઓના પતિ તેઓના ઉપર ખોટા ખોટા વહેમ રાખીને તેણીને મારઝુડ કરતાં અને કહેતા કે તુ કોઇને છાના–માના ફોન કરે છે અને તને કોઇ મળવા આવે છે અને આવા ખોટા–ખોટા બહાના કાઢીને તેઓને શારીરીક માનસીક ત્રાસ આપવાનું ચાલું જ રાખેલ તેમ છતાં તેઓતેઓનું અને તેઓના પુત્રનું ભવિષ્ય ન બગડે અને તેઓને સંસાર ટકાવી રાખવા તમામ ત્રાસ સહન કરીને રહેતી હતી.

(૪) તયારબાદ તા.૨૩/૧૨/૨૦૦૬ ના રોજ તેઓના પતિએ તેઓના તમામ

કપડા–લત્તા, દરદાગીના કરીયારની તમામ ચીજદસ્તુઓ પડાવી લઇને તેઓને અને તેઓના બાબાને કાઢી મુકેલ છે અને તયારથી તેઓ તેઓના સગીર પુત્ર સાથે તેઓના પિયરમાં નીરાધાર હાલતમાં જીવન ગુજારે છે. તેઓને તેઓના પતિએ કાઢી મુકયા બાદ તેઓના સગા સંબંધીઓ ધ્વારા તેઓના માતાપિતાએ અનેકવાર કહેવડાવ્યુ છતાં આજદિન સુધી આ લોકો તેઓને તેડી ગયેલા નથી કે તેઓની તેમજ તેઓના પુત્રની કોઇ જ જાતની દરકાર કરેલ નથી.

(૫) આ ઉપરાંત છેલ્લે તેઓ તા.૭/૧/૨૦૧૩ ના રોજ સામાવાળાને રજી.એડી.થી નોટીસ આપવા છતાં તેઓ તેઓને તેડી ગયા નથી અને ઉલટાનો તેઓની નોટીસનો તદન ખોટો અને ઉડાઉ જવાબ આપેલો તયારબાદ તેઓ ફરીયાદીએ ધોળકા કોર્ટમાં ઘરેલું હિંસાથી સ્ત્રી રક્ષણ અધીનીયમ હેઠળ જુદી જુદી દાદો મેળવવા માટે ફરીયાદ કરેલીઅને નામદાર કોર્ટે વચગાળાનો હુકમ પણ કરેલો પરંતુ તા.૨૦/૯/૧૭ ના રોજ પ્રતિવાદીઓએ તેડી જવા માટે હૈયાધારણા આપેલ જેથી તેઓ ફરીયાદીએ વિડ્રો પુરસીસ આપી ફરીયાદ પાછી ખેંચેલી. અને ત્યારબાદ અવાર–નવાર પ્રતિવાદીઓને તેડી જવા જણાવવા છતાં પ્રતિવાદીઓ ગલ્લા તલ્લા કરે છે અને જણાવે છે કે તને અમો કોઇ સંજોગોમાં તેડી જવાના નથી તારાથી થાય તે કરી લેજે કોર્ટના બારણા ઉઘાડા છે. જેથી આ ફરીયાદ કરવાની જરૂર પડી છે.

(૬) હાલમાં તેઓ તેઓના પીયરમાં નીરાધાર હાલતમાં જીવન ગુજારે છે. તેઓને આવકનું કોઇ સાધન નથી તેમજ તેઓને કોઇ કામધંધો પણ આવડતો નથી. તેમજ તેઓનો પુત્ર ધોરણ–૭ માં અભ્યાસ કરતો હોવાથી તેના અભ્યાસ પાછળ પણ ખુજ જ ખર્ચ થાય છે અને તેની શાળાની ફી,ટયુશની ફી સ્કુલ યુનીફોર્મ, રીક્ષા ભાડું, ઉછેર,દવાઓ વિગેરેના ખુબ જ ખર્ચ થાય છે અને તે ખર્ચ તેઓ કરી શકે તેમ નથી કારણ કે તેઓના માતા–પિતાની આર્થીક સ્થીતી નબળી છે જેથી તેઓ વધુ સમય તેઓનું ભરણપોષણ કરી શકે તેમ નથી. તેઓને કાઢી મુકયા બાદ તેઓના પતિએ તેઓના રહેઠાણની કે

ભરણપોષણની કે દવા–દારૂની કોઈ દરકાર કરેલ નથી.

(૭) આ કામના પ્રતિવાદીઓ ખુબ જ સુખી માણસો છે તેઓના પતિને આશરે ૨૫૦ વિઘા ઉપરાંતની ખેતી લાયક જમીન આવેલી છે તેમજ ખેતી માટે પોતાની માલીકીના બે ટ્રેકટર છે તેમજ ઘઉ, ચણા, કપાસ વગેરેને ખેતી કરીને વાર્ષીક રૂ.૨૦,૦૦,૦૦૦/– ઉપરાંત ખેતીમાંથી આવક મેળવે છે. આ ઉપરાંત તેઓના પતિ પશુપાલન માટે ભેંસો રાખી દુધનો મોટો વેપાર કરે છે અને દુધની આવકમાંથી માસિક રૂ.૫૦,૦૦૦/– ઉપરાંત કમાય છે અને આમ તેઓના પતિની માસીક આવક રૂ.૨,૦૦,૦૦૦/– ઉપરાંતની છે તેઓના પતિને પોતાનું પાકું મકાન આવેલ છે. તેઓના પતિને તેઓના તથા સગીર બાળક સ્વિાય બીજા કોઈના ભરણપોષણની જવાબદારી નથી.

(૮) અરજદાર નમ્રપણે વિનંતી કરે છે કે,

(૧) પ્રોટેકશન ઓર્ડર કલમ–૧૮ મુજબઃઃ

–આ કામના સામાવાળાઓ ફરિયાદી વિરુધ્ધ પારીવારિક હિંસાનું કોઈ કૃત્ય આચરે નહિં તેવા પગલા લેવા મે.થશે.

–આ કામના સામાવાળાઓ ફરિયાદી હાલમાં જ્યા રહે છે તે સ્થળે પ્રવેશ કરે–કરાવે નહિ કે તેઓને હેરાન પરેશાન કરે–કરાવે નહિ તેવો હુકમ કરવા મે.થશે.

–આ કામના સામાવાળાઓ ફરિયાદીને તેઓના સગા–સંબંધીઓને ત્યા જતા આવતા અટકાવે નહિ તેવો હુકમ કરવા મે.થશે.

–આ કામના સામાવાળાઓ ફરિયાદીને મદદ કરતા વ્યક્તિઓ વિરુધ્ધ હિંસા ભરેલું કૃત્ય કરે–કરાવે નહિ તેવો હુકમ ફરમાવવા મે.થશે.

–ફરિયાદીની સ્ત્રી ધનની વસ્તુઓ(યાદી મુજબની) સામાવાળાઓ વેચે–વેચાવે નહિ કે તેનો ઉપયોગ કરે–કરાવે નહિ તેવો હુકમ કરવા મે.થશે.

(૨) રહેણાંક/રહેવાસના આદેશોઃઃ

–કલમ ૧૯(૧)(છ) મુજબ ફરિયાદીને આ કામના સામાવાળા

વૈકલ્પીક રહેઠાણ પુરુ પાડે અગર/અથવા સામાવાળા અરજદાર તેમજ સામાવાળાના સ્ટેટસ મુજબ રહેઠાણ અંગે ભાડુ રૂ.૨૦,૦૦૦/– ચુકવે તેવો હુકમ સામાવાળાને ફરમાવવા મે.થશે.

–કલમ ૧૯(૭) મુજબ સુરક્ષા અપાવવા તથા ૧૯(૮) મુજબ અરજદારનું સ્ત્રીધનનો કબજો અપાવવા હુકમ થવા મે.થશે.

(૪) વળતર કલમ–૨૦ મુજબ : શારીરીક–માનસીક ઈજા નુકશાન પેટે રૂા.૫,૦૦,૦૦૦/– તેમજ તબીબી ખર્ચ પેટે રૂા.૧,૦૦,૦૦૦/– ચુકવે તેવો હુકમ સામાવાળાને ફરમાવવા મે.થશે.

(૫) આર્થિક સહાયઃઃ

–પારીવારિક (ઘરેલુ) હિંસાની કલમ ૨૦(૩) મુજબ આ કામના સામાવાળાઓ પાસેથી અરજદાર નં.૧ ના ભરણપોષણ પેટે રૂ.૫૦,૦૦૦/– તથા અરજદાર નં.૨ સગીર બાળકના ભરણપોષણ પેટે રૂા.૩૦,૦૦૦/– ચુકવવા સામાવાળાને  હુકમ કરવા મે.થશે.

(૬) વળતર આદેશઃઃ

–કલમ ૨૨ મુજબ સામાવાળા તરફથી ફરિયાદીને આપેલ માનસિક અને શારિરિક ત્રાસના વળતર અને નુકશાની પેટે રૂ.૩૦,૦૦,૦૦૦/– આ કામના સામાવાળા ચુકવે તે મુજબનો હુકમ ફરમાવશોજી.

પ્રતિવાદી નં.૧ ફરીયાદીને લગ્ન સમયે આપેલ સ્ત્રીધનની ચીજ–વસ્તુઓ તેમજ ઘરેણા પરત કરે અગર રૂા.૫,૦૦,૦૦૦/– વળતર રૂપે ચુકવે તેવો હુકમ કરવા મહે.કરશોજી.

(૫) આખરી હુકમ તેમજ વચગાળાની હુકમની નકલ પ્રોટેકશન ઓફિસરશ્રીને તેમજ સંબંધીત પોલીસ સ્ટેશનના અધિકારીને પહોંચાડવા હુકમ થવા મે.થશે.

(૯) સદર કામે ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખીક

તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| **(અ) મૌખીક પુરાવાઓ –** | | |
|---|---|---|
| ક્રમ | પુરાવાઓનું વર્ણન | આંક |
| ૧. | અરજદાર સંગીતાબેન વનરાજભાઇ ગોહીલનું સરતપાસનું સોગંદનામું | આંક–૦૭ |
| **(બ) દસ્તાવેજી પુરાવાઓ–** | | |
| ૧. | ગામ નમુના નં.૭ ની નકલ | આંક–૧૦ |
| ૨. | ગામ નમુના નં.૮/અ ની નકલ | આંક–૧૧ |
| ૩. | ગામ નમુના નં.૭ ની નકલ | આંક–૧૨ |
| ૪. | ગામ નમુના નં.૭ ની નકલ | આંક–૧૩ |
| ૫. | જમીનના ઉતારાની નકલ | આંક–૧૪ |
| ૬. | જમીનના ઉતારાની નકલ | આંક–૧૫ |
| ૭. | ગામ નમુના નં.૮/અ ની નકલ | આંક–૧૬ |
| ૮. | ગામ નમુના નં.૮/અ ની નકલ | આંક–૧૭ |
| ૯. | બ્લોક/સ.નં.૧૫૭૦ ગામ નમુના નં.૭ ની નકલ | આંક–૪૪ |
| ૧૦. | બ્લોક/સ.નં.૧૫૭૮ ગામ નમુના નં.૭ ની નકલ | આંક–૪૫ |
| ૧૧. | ખાતા નં. ૪૫૦ ગામ નમુના નં.૮/અ ની નકલ | આંક–૪૬ |
| ૧૨. | ખાતા નં. ૪૫૧ ગામ નમુના નં.૮/અ ની નકલ | આંક–૪૭ |
| ૧૩. | ખાતા નં. ૯૩૨ ગામ નમુના નં.૮/અ ની નકલ | આંક–૪૮ |
| ૧૪. | ખાતા નં. ૯૩૩ ગામ નમુના નં.૮/અ ની નકલ | આંક–૪૯ |
| ૧૫. | તલાટી કમ મંત્રીશ્રીએ આપેલ દાખલો | આંક–૫૩ |

(૧૦) સદર કામે સામાવાળા પક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના લેખિત મૌખીક પુરાવા રજુ કરવામાં આવેલ છે.

| **(અ) મૌખીક પુરાવાઓ –** | | |
|---|---|---|
| ક્રમ | પુરાવાઓનું વર્ણન | આંક |
| ૧. | સામાવાળાની સોગંદ ઉપરની જુબાની | આંક–૪૪ |
| **(બ) દસ્તાવેજી પુરાવાઓ–** | | |
| ૧. | ખાતા નં.૬૧૧ તથા ૬૧૩ ના રેવન્યુ સર્વે નં.૧૦૪ તથા ૧૫૨ વાલી ખેતીની જમીનમાં તેમજ અન્ય ખાતેદારોની ખેતીની જમીન | આંક–૩૨ |
| ૨. | પ.ફો.અ.નં.૪૦/૨૦૧૫ (જુનો નં.૫૨/૧૩) થી ડી.વી.એકટ અન્વયે રીવીઝનકર્તા વિરૂધ્ધ નામદાર ધોળકા કોર્ટ સમક્ષ ફરીયાદ વિથડ્રો કરેલ જે સ્ટેટસની નકલ | આંક–૪૦ |
| ૩. | એચ.એમ.પી.નં.૧૫/૨૦૧૫(જુનો નં.૭/૧૩) થી છુટાછેડા મેળવવા માટે ધોળકા કોર્ટ સમક્ષ અરજી કરેલ જે વિથડ્રો કરેલ જે સ્ટેટસની નકલ | આંક–૪૧ |
| ૪. | પ.અ.નં.૧૬૬/૨૦૧૪ થી અરજી કરેલ જે વિથડ્રો કરેલ જે સ્ટેટસની નકલ | આંક–૪૨ |

(૧૧) <u>આંક–૨૬ થી અરજદારની અરજીનો લેખિત જવાબ::</u>

(૧૧.૧)અરજદારની અરજી ખરી અને કાયદેસરની નથી.

(૧૧.૨)અરજદારને આવી અરજી કરવાનો કોઇ કારણ ઉપસ્થિત થયેલ નથી.

(૧૧.૩)અરજદારની અરજીમાં જણાવ્યા મુજબની હકીકતોનો સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની તમામ હકીકત ખોટી ઉપજાવી કાઢેલી મનઘડત હોઇ

સામાવાળાને કબુલ મંજુર અને બંધનકર્તા નથી.

(૧૧.૪) અરજદારે કરેલ અરજી સામાવાળાને ખોટી અને ગેરકાયદેસર રીતે તથા હેરાન પરેશાન કરવા માટે કરેલ હોઇ સામાવાળાને કબુલ મંજુર નથી.

(૧૧.૫)અરજદારની અરજીમાં જણાવેલ હકીકતો કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરુધ્ધની હોઈ સામાવાળાને કબુલ મંજુર નથી.

(૧૧.૬) અરજદારની અરજીના પેરા નં.ર માં જણાવેલ હકીકત જેવી કે સામાવાળા નં.૧ સાથે ફરીયાદીના લગ્ન તા.૨૫/૦૪/૨૦૦૪ ના રોજ હિન્દુ શાસ્ત્રોકત વિધી અનુસાર અને રીત-રિવાજ મુજબ થયેલા અને પીયર પક્ષ તરફથી કરીયાવરમાં સોના-ચાદીના દાગીના જેવા કે સોનાનો સેટ-પાંચ તોલા, સોનાના પોંચા-ર તોલા, પગના વેઢ-ર તોલા, સોનાની ચેન-૩ તોલા,ચાંદીનો કંદોરો-૫૦૦ ગ્રામ, ચાંદીના છડા-૫૦૦ ગ્રામ, જમાઈને સોનાની વીટી નંગ-ર, ૧-તોલા તથા વાસણ-કુસણ, કપડા-લત્તા તેમજ ફર્નીચરમાં ખુરશીઓ, ગાદલા-ગોદડા આપેલા અને જે તમામ ચીજવસ્તુઓ લઈ ફરીયાદી સામાવાળા ના ઘરે ગયેલા અને પત્ની તરીકેના લગ્નજીવનનાં હકકો અદા કરતાં જે તમામ હકીકતો અન્વયે જણાવવાનું કે, અરજદારના સામાવાળા ન.૧સાથે તા.૨૫/૦૪/૨૦૦૪ ના રોજ લગ્ન થયેલ હોવાની હકીકત ખરી છે આ સિવાયની તમામ હકીકતો અરજદાર ધ્વારા તદૃન ખોટી તેમજ ઉપજાવી કાઢી જણાવવામાં આવેલ હોય સામાવાળાઓ કબુલ-મંજુર રાખતા નથી,

(૧૧.૭) અરજદારની અરજીના પેરા નં.ર માં જણાવેલ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે.

(૧૧.૮) અરજદારની અરજીના પેરા નં.૩ થી ૫ માં જણાવેલ જણાવેલ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. ખરી હકીકતે જણાવેલ કે તા.૭/૧/૧૩

ના રોજ અરજદારે સામાવાળાને નોગટીસ આપેલ તે નોટીસનો સામાવાળાઓ ધ્વારા વિગતવાર જવાબ લેખીતમાં સાચો અને ખરો જવાબ આપેલ છે અને અરજદાર ધ્વારા અગાઉ શું કારણોસર ફરીયાદ વિડ્રો કરેલ તેનો ખુલાસો તેઓએ સદર જવાબના પારા નં.૧૭ માં વિગતવાર જણાવેલ છે. તેમજ મહેરબાન સાહેબશ્રી અગાઉ નામદાર અદાલત ધ્વારા સામાવાળા સગીર હતા ત્યારે બન્ને અરજદારોનો માસીક રકમ રૂા.૨૦૦૦/– નો હુકમ થયેલ અને હાલનો સામાવાળા નં.૨ નાઓ બ્રીજેશ પુખ્ત ઉંમરના ૧૮ વર્ષ ઉપરાંત થયેલ છે જે હકીકત જાહેર કરેલ છે.

(૧૧.૯) અરજદારની અરજીના પેરા નં.૬ તથા ૭ માં જણાવેલ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે.

(૧૧.૧૦)સામાવાળા તરફે ખરી હકીકત નીચે મુજબ રજુ થયેલ છેઃ

(અ) આ કામના અરજદાર સાથે સામાવાળા નં.૧ ના તા.૨૪/૪/૨૦૦૪ ના રોજ લગ્ન થયેલા અને ત્યારબાદ અરજદારને સામાવાળા સાથે લગ્નના પહેલા દિવસથી જ તકરાર હતી અને સામાવાળા લગ્નના પહેલા દિવસથી જ તેઓના માવતરથી અલગ નલીયાવાળા કાચા મકાનમાં અરજદાર સાથે રહેતા હતાં. ત્યારબાદ વડીલો તથા કુટુબંના સભ્યોની સમજાવટથી જેમ તેમ કરી તેઓનું લગ્ન જીવન ચલાવતા હતા. આ કામના અરજદાર સાથે લગ્ન બાદ પોતાના પિયરમાંથી આપેલ કપડા–લત્તા તથા કરીયાવરની અન્ય થોડી ભણી ચીજવસ્તુઓ લઈને રહેવા આવેલા પરંતુ તેઓ પોતા પીયરમાંથી કોઈ સોના ચાંદીના દાગીનાઓ લાવેલ નથી. ખરી હકીકતે તેઓની જ્ઞાતિમાં સામાવાળાઓએ ઘરેણા વહુને ચડાવવાનો જ્ઞાતિ રિવાજ હોય છે જે રીતે સામાવાળાઓ ધ્વારા ચડાવેલ ૧૦ થી ૧૨ તોલાના સોનાના કરાવેલ દાગીનાઓ તથા ચાદીના દાગીનાઓ અરજદાર પાસે હતા અને તેઓ આ સામાવાળાના તમામ દાગીનાઓ પોતાની સાથે લઈને ચાલ્યા ગયેલ છે અને જે હાલ પણ તેઓની પાસે છે. તેઓ તેમના પીયર તરફથી કોઈ દાગીના કરાવેલ હોય તેવું બનેલ નથી.

(બ) તેમજ સામાવાળા તથા અરજદાર બન્નેનું લગ્ન જીવન શરુઆતના પહેલા દિવસથી જ સારી રીતે ચાલેલ નથી તેમજ તેઓન બંને વચ્ચે કયારેય મનમેળ થયેલ જ નથી. તેમજ આ કામના અરજદાર પહેલેથી જ પોતાનું ધાર્યું કરવાવાળ તેમજ સ્વચ્છંદી સ્વભાવના હોવાથી કયારેય કોઇનું સાંભળતા નહી અને સામાવાળા સાથે રોજેરોજ નવા નવા બહાનાઓ કાઢી કાયમ માટે નાની નાની બાબતોમાં ઝઘડો કર્યા કરતા અને પોતાને જે ઠીક પડે તેમ જ કરવાનું આ એક પ્રકારનો અરજદારનો સ્વભાવ હતો અને અરજદાર ગમે ત્યારે ફોન કરી પોતાના પીયરમાંથી ગમે તેને તેડાવતા અને સામાવાળાને કહયા વ ગર ગમે ત્યારે કોઇપણ કારણ વિના ચાલ્યા જતા અને આ રીતે કરવામાં અરજદારના કુટુબીજ નો પણ અરજદારને સાથ આપતા અને અરજદાર સિવાયની કોઇપણ વાત સાભળવાની નહી અને તેઓને લઇને ચાલ્યા જતા. અને સામાવાળા અરજદારને તેડાવ માટે જતા અને આ રીતેનું વર્તન કરવાની અરજદારની એક ટેવ પડી ગયેલ હતી. તેમજ અરજદાર કયારેય ઘરના કામમાં રસ લેતાં નહી તેમજ રસોડાની બાબતમાં પણ તેઓના મુડના આધારે રસોઇ બનાવવી હોય તો બનાવે નહીતર કાયમ માટે કોઇને કોઇ બીમારીનું બહાનું કાઢીને ઘરમાં સુઇ રહેતા અને જયારે પણ તેઓ સામાવાળા અરજદારને દવાખાને લઇ જવાની વાત કરીએ તો કોઇ જાતનો પ્રત્યુત્તર આપતા નહી અને પોતાના પિયરમાંથી કોઇને ફોન કરીને બોલાવે અને તેમની સાથે ચાલ્યા જતા અને કહેતા કે તેઓને તેઓના કોઇની જ૧ર નથી. તેઓની દવા તેઓ જાતે કરાવી લઇશ તમારે કોનર્ઈ મારી ચીંતા કરવાની જરૂર નથી તેવા પ્રકારના કથનો કરી તેમના પીયર ચાલ્યા જતા. ત્યારબાદ સમય જતા તા.૪.૭.ર૦૦પ ના રોજ અરજદરના પિયરમાં પુત્ર બ્રિજેનશનો જન્મ થયેલો અને આશરે પાંચ મહીના જેટલું માંડ સામાવાળને ત્યાં રોકાયેલા. જે રીતે અરજદાર છેલ્લે વર્ષ ર૦૦પ ની સાલમાં સામાવાળાનો ત્યાગ કરી સ્વેચ્છાએ પોતાના પિયર પુત્રને સાથે લઇ ચાલ્યા ગયેલ છે. ત્યારબાદ આજદિન સુધી અરજદાર સામાવાળા સાથે રહેલ નહી અને સામાવાળા નં.ર પુત્ર બ્રિજેશની ઉમર–૧૮ વર્ષ ઉપરાંત

થઇ ગયેલ છે. જે રીતે સદરહું કાયદાની કલમ–૨(બી) મુજબ અરજદાર બાળકની વ્યાખ્યામાં નહી આવે અને તેઓની બાબત અંગેની કોઇપણ દાદ કે હુકમ અરજદાર સામાવાળા વિરૂધ્ધ મેળવી શકે નહી. તેમજ અરજદાર પાસે તેઓના પુત્રનો કબજો હતો તે દરમ્યાન અરજદારે કયારેય તેઓના પુત્રને મળવા દીધેલ નથી તેમજ તેઓના પુત્ર જયારે નાનો હતો ત્યારે તેઓને કયારેય રમાડવા દીધેલ નથી કે તેઓને એક પિતા તરીકે તેઓના હકક હોય તે હકકો પુરો કરવા દીધેલ નથી. જે રીતે આ કામના અરજદારે તેઓના પુત્રને બાળપણથી જ તેઓની સાથે રાખેલ હોય જે રીતે તેઓના એક પિતા તરીકેના પ્રેમથી વંચિત રાખેલ છે તેમ છતાં અરજદારને આજદિન સુધી લેશમાત્ર પ્રકારનો પશ્ચાતાપ કે પસ્તાવો નથી. તેમજ તેઓનો પુત્ર મોટો થતા જેમ જેમ સમજણ  આવતી જાય તે પ્રમાણે કાયમ માટે તેઓ સામાવાળા વિરૂધ્ધની સાચી ખોટી તમામ પ્રકારની કાન ભંભેરણી કરી અને એક સારા પુત્ર તરીકેનો ઉછેર કરેલ નથી તેમજ તેઓન બંન્નેના ઝઘડાઓ બાબતેની જકાયમ તેઓના પુત્રને  વાતો કર્યા કરે અને તેઓ પાસે તેઓને ફ્નો કરીને પણ ધમકાવવાની વાતો કરાવે તેમજ તેઓ વિરૂધ્ધની હકીકતો ઉપજાવી કાઢી તેઓ વિરૂધ્ધ્ ઉશ્કેરણીના કાયમ માટે પ્રયત્નો કરી રહેલ છે. તેમજ અરજદારે તેઓના પુત્ર બ્રીજેશને સારૂ શિક્ષણ આપેલ નથી તેમજ તે ભણવામાં હોશીયાર હોવા છતાં ધોરણ–૧૦ સુધી પણ ભણાવેલ નથી અને હાલ ખેતી કામ કરવામાં લગાવી દીધેલ છે. તેમજ તેઓએ જે તે સમયે તેઓના પુત્ર બ્રીજેશનો કબજો મેળવવા માટે અમદાવાદ ગ્રામ્ય મીરઝાપુરના મહે.૧૧ માં ડીસ્ટ્રીકટ સાહેબની અદાલત સમક્ષ પર.દિવાની અરજી નં.૧૬૬/૨૦૧૪ થી કરેલ હતી જે વિથડ્રો જે તે પક્ષકરો વચ્ચે થયેલ સમાધાન મુજબ કરેલ હતી. તેમજ અરજદાર તથા સામાવાળા વચચે જે કાંઇ લીટીગેશનો ચાલતા હતા તે બાબતોની સાચી અને ખરી હકીકત જવાબના નીચેના પેરા ૧૭ માં વિગતવાર જણાવેલ છે.

(ક) બંને પક્ષે સમાધાન થતા એવું નકકી કરેલ કે બન્ને પક્ષકારોના સમાજ તેમજ વડીલો જે પ્રમાણે નકકી કરે તે મુજબ સમાધાન કરવાનું રહેશે, અને

હાલમાં બન્ને પક્ષકારો વચ્ચે ચાલતા લીટીગેશનો એકબીજાએ સંમતીથી પરત યાને વિથડ્રો કરી લેવાના રહેશે અને આ હકીકત બંને પક્ષકારોએ માન્ય રાખેલ જે નીચે મુજબની હકીકતો વિથડ્રો કરેલ હતી.

(૧) અરજદારે આ અગાઉ સામવાળા વિરૂધ્ધ નામદાર ધોળકાના જયુડી.મેજી.સાહેબશ્રીની કોર્ટ સમક્ષ પ.ફો..અરજી નં.૪૦/૨૦૧૫ થી ડી.વી.એકટ અન્વયે ફરીયાદ કરેલ હતી. જે અરજી અરજદરે તેઓની રાજીખુશી તથા સંમતીથી તા.૨૦/૦૯/૨૦૧૭ ના રોજ પરત ખેંચેલ હતી.

(૨) તેમજ સામાવાળાઓએ અરજદાર વિરૂધ્ધ એચ.એમ.પી.નં.૧૫/૨૦૧૫ થી છુટાછેડા મેળવવા માટે નામદાર કોર્ટ સમક્ષ અરજી કરેલ હતી જે સામાવાળાએ તા.૮/૩/૨૦૧૭ ના રોજ પરત ચેંચેલ હતી.

(૩) તેમજ સામાવાળાએ અરજદાર વિરૂધ્ધ જે તે સમયે બ્રીજેશ સગીર હોય બ્રીજેશનો કબજો મેળવવા માટે અમદાવાદના મીર્ઝાપુરના અગીયારમાં એડી.ડી.જજશ્રી સમક્ષ સીવીલ પરચુરણ અરજી નં.૧૬૬/૧૪ થી ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એકટ હેઠળ અરજી કરેલ હતી જે સામાવાળાઓએ તા.૯/૧૧/૧૭ ના રોજ પરત ખેંચેલ હતી. ત્યારબાદ અરજદારે સામાવાળા વિરૂધ્ધ તમામ અરજીઓ પરત ખેંચ્યાના માત્ર દોઢથી બે માસના સમયગાળા દરમ્યાનમાં હાલની ડી.વી.એકટ અન્વયેની ફરીયાદ પર.અરજી.નં.૧૨/૨૦૧૮ નામદાર અદાલત સમક્ષ ખોટી અને ઉપજાવી કાઢી રજુ કરેલ અને તે તેઓએ અગાઉના લીટીગેશનો બાબતે કોઇ હકીકત હાલની અરજીના કામે આપ નામદાર અદાલત સમક્ષ જાહેર કરેલ નથી જે રીતે અરજદાર સાચી હકીકતોને છુપાવીને હાલની અરજી સામાવાળા વિરૂધ્ધ ખોટી રીતે કરેલ હોય રદ કરવા અરજ ગુજારેલ છે.

(૧૧.૧૧) અરજદાર સામવાાળા સાથે રહયા તે દરમ્યાન ઘરનું પણ નાનુ મોટું કોઇપણ જાતનું કામકાજ કરતા નહી અને આખો દિવસ ઘરમાં સુઇ

રહેવાનું અને મનમાં જે આવે તે જ કરવાનું અને અરજદાર પોતાના ઝઘડાળુ સ્વભાવના કારણે પોતાની કોઇ ભુલ હોવા છતાં નાની નાની બાતોમાં બીજાના વાંક કાઢી ઘરેલું ઝઘડાઓનું સ્વરૂપ ઉભું કરતા અને ઘરની શાંતિમાં કાયમ માટે ભંગાણ ઉત્પન્ન કરતા અને દરેક બાબતોમાં ન બોલાય તેવા શબ્દોથી બધાને અપમાનીત કરતા અને ઘરનાં કોઇપણ સભ્યોની મર્યાદા રાખતા નહી અને દરેક વાતમાં અન્ય ઉપર દોષ દેતાં. તેમજ અરજદાર જાતે પોતાના પિયરમાં કોઇને ખબર વગર ફોન કરી બોલાવી લેતાં અને તેમની મરજીથી સ્વેચ્છાએ સામાવાળનો ત્યાગ કરીને ચાલ્યા જતાં અને આ પ્રકારની દરેક બાબતોમાં અરજદારના કુઓએ તેઓને સાથ સહકાર આપતા પરંતુ કયારેય તેઓની દિકરીને સમજાવવાનો પ્રયત્ન કરેલ નહી જે રીતે અરજદાર તથા તેના કુટુબંજનોના વર્તનમાં આજદિન સુધી કોઇપણ સુધારો થયો નથી તેમજ તેઓ જીદી સ્વ્ભાવના હોય કયારેય કોઇ સગા વ્હાલાઓ કે જ્ઞાતિના આગેવાનોની વાતેન સાંભળેલ નહી અને હંમેશને માટે સામાવાળાને હેરાન–પરેશાન કરવાની માનસીક વૃત્તિ ધરાવે છે અને તેઓ તથા અરજદારનું સંસારીક જીવન નહી ચાલવા પાછળ મોટાભાગનો વાંક અરજદારના કુટુબીજનો છે અને કયારેય પણ કોઇ સાચી વાતે જાણ્યા વગર કાયમ માટે તેઓએ અરજદરનો સાથ અને સહકાર આપી ઉપરાણું લઇ સામાવાળા સાથે ઝઘડો કરી અરજદારને તેઓની સાથે લઇ જતા. આ કામના અરજદાર તેઓ સાથે રહેતા તે દરમ્યાન જયારે પણ બીમાર પડતા ત્યારે સામાવાળા, અરજદારને દવાખાને લઇ જવાનું કહીએ તો કોઇપણ રીતે સાથે આવે નહી અને તેઓની જાણ બહાર તેમના કુટુંબીજનોમાંથી કોઇપણ ને બોલાવે અને તેમની સાથે સ્વેચ્છાએ પીયર ચાલ્યા જાય અને તેઓને કહેતાં કે તેઓ તેઓના બાપાના ઘરે જઇશ. દાવ કરાવી લઇશ. મારે તમારા કોઇની જરૂર નથી. આ સ્વિાય અપશબદો બોલીને ચાલ્યાં જતાં.

(૧૧.૧૨)આ કામના અરજદારને સામાવાળા તેઓને એક પત્ની તરીકેના હકકો છે તેમ માની કયારે ઠપકો આપતા અને સમજાવવા અંગેના પ્રયત્નો

કરતા તો અરજદાર હંમેશા તે બાબતનો વિરોધ કરતા અને તેઓની કોઈપણ પ્રકારની વાત સાંભળતા નહી અને કહેતા કે મને કાંઈ કહેવાનું નહી અને વારંવાર આત્મહત્યા કરવાનું કહીને ઘરના દરેક સભ્યોને ફસાવી દેવાની ધમકીઓ આપતા અને તેઓને કાયમ માટે ત્યાગ કરી પોતાના માવતરે ચાલ્યા જશે તે પ્રકારની પણ ધમકીઓ આપતા. જે રીતે અરજદારે ઘરકામ બાબતે, રસોઈ બાબતે કે અનય કોઈ તેઓના જીવનને લગતા નાના–મોટા કામકાજ બાબતે તેઓ સામાવાળાની કોઈપણ આજ્ઞાઓનું પાલન કરેલ નથી. તેમજ અરજદાર જેટલો સમય તેઓની સાથે રહયા તે દરમયાન પણ સામાવાળા નં.૧ ને કયારેય જાતીય સંબંધ બાંધવા માટે સંમતી આપેલ નથી. તેઓ જયારે રાજીખુશી અથવા મુડમાં હોય ત્યારે જ જાતીય સહવાસ માટે સંમતી આપતા અને તેઓના બાળકના ગર્ભ રહયાના થોડા સમય પછી જયા સુધી કટકે કટડે સાથે રહેલ ત્યાં સુધી અરજદારે તેઓ જાતી સંબંધ બાંધવા દીધેલ નથી અને આવા સંબંધથી તેઓ હંમેશા દુર જ રહેલા છે અને છેલ્લે ૨૦૦૫ માં અરજદાર તેઓને ત્યાગ કરી પોતાના માવતરે તેઓના કુટુંબીજનો સાથે ચાલ્યા ગયેલ ત્યારબાદથી આજ દિન સુધીનો આશરે ૧૯ વર્ષ જેટલો લાંબો સમય પણ અરજાદરની જીદના કારણે ગુમાવેલ છે. તેમજ અરજદારે હંમેશા સામાવાળા નં.૧ ઉપર ચારીત્ર અંગે શંકા કરી ઘણીવાર જાહેરમાં અપમાનીત કરેલ છે અને કહેલ કે તમારા કરતા વાઘરી અને પઢારોની જીંદગી સારી છે અને વારવાર જાહેરમાં કહેલ છે કે મારા બાપાએ મને તારી સાથે કયાંથી ભટકાડી દીધી છે તે ખબર પડતી નથી અને જાહેરમાં ન બોલાય તેવા શબ્દો બોલીને તુકારાઓ એટલે કે તોછડેથી બોલીને અપમાનીત કરેલ છે અને અરજદાર તેઓના ગામના ઝાંપે પાણી ભરવા જાય ત્યારે ઘણીવાર તેઓ સામાવાળાના નામના જાહેરમાં છાજીયા લીધેલ છે. અને કહેલ છે કે, મને તો મારા બાપાએ નરકમાં ધકેલી દીધી છે આના કરતા તો મરી જવું સારું એમ ભુંડા શબ્દો બોલી સામાવાળા નં.૧ ના મૃત્યુ પામેલ હોય તે રીતે તેઓના ભાયડો(પતિ) તો કેટલીય રાડું(રખાત) ને લઈને રખડે છે તે સાવ હલકો છે

તે પ્રકારના સામવાાળા ઉપર ચારીત્ર બાબતે આક્ષેપો કરેલ છે અને જયારે પણ અરજદારનું આ પ્રકારનું વર્તન થાય ત્યારે તેઓ કઇ જગ્યાાએ એટલે કે જાહેરમાં આ પ્રકારનું વર્તન થાય ત્યારે તેઓ કઇ જગ્યાએ એટલે કે જાહેરમાં બોલે છે તે અંગેનું પણ ભાન રહેતું નહી અને તેના કપડાનું પણ ભાન રહેતું નહી.

(૧૧.૧૩) તેઓના પુત્રના જન્મ બાદ અરજદાર પાંચેક મહીના જેટલુ રોકાયા બાદ તેઓ જાતે જ તેઓ સામાવાળાનો સ્વેચ્છાએ પોતાની મરજીથી તેના જરૂરી કપડાઓ તથા દર દાગીના તેમજ સામાવાળા ધ્વારા ચડાવવામાંઆવેલ તમામ આશરે ૧૦ થી ૧ર તોલા સોના ઘરેણાઓ તથા ચાદીના ઘરેણાઓ તેમજ તેઓના બાળકને લઇને વર્ષ–ર૦૦પ ના આખરી મહીનામા ચાલયા ગયેલછે તચારબાદથી આજ દિન સુધી અરજદાર તેઓની સાથે રહેતા નથી અને અરજદાર તેઓના ઝઘડાળુ સ્વભાવ અને તેના કુટુબીજનોના જીદી સ્વભાવ તથા વલણને લીધે તેઓ હાલ પણ ત્યાં જ રહે છે અને આ કામના અરજદારનો તેઓ સામાવાળા નં.૧ ઉપર એટલી હદે ત્રાસ હતો કે હાલ તેઓ યાદ કરે તો પણ તેઓને ઘણુ દુ:ખ થાય છે અને તેઓ રડી પડે છે. જે રીતે તેઓના લગ્ન જીવનના સંબંધો અરજદારના જીદી તથા ઝઘડાળુ સ્વભાવ તથા તેઓના કુટુબીજનોની ખોટી ચડવણી ના કારણે એટલી હદે બગડી ગયા હતા કે કોઇપણ હીસાબે તેણોનું સાથે રહેવુ અશકચ છે તેમજ વર્ષ–ર૦૦પ થી લઇને આજદિન સુધીનો આટલો લાંબા ગાળાનો સમય તથા તેઓની યુવાની સમય તેમ તેઓના પુત્ર પ્રેમ તેમજ બાળકને રમાડવાનો સમય પરત આવી શકે તેમ નથી. હાલ સામાવાળા અરજદારને આટલા લાંબાગાળાના સમય બાદ તેડી જઇએ તે પ્રકારની તેઓની માસીનક સ્થિતી નથી કારણ કે તેઓએ અરજદાર સાથે માત્ર ટુકા ગાળાનો વિતાવેલ જુનો સમય હાલ યાદ કરે તો પણ તેઓને ખુબ જ દુ:ખ થાય છે અને આંખમાંથી આંસુ સરી પડે છે અને છાના એકાંતમાં રડી લઇએ છે. તેમજ અરજદારને સામાવાળા તેડી જઇએ અને તેમને પરાણે રાખીએ તે પ્રકારનુ

દબાણ તેઓ ઉપર લાવવા માટે થઈને તેઓએ તેઓ તથા તેઓના વય વૃધ્ધ તેમજ બીમાર માતા પિતા વિરૂધ્ધ હાલની આ ખોટી અરજી ખોટી હકીકતો ઉપજાવી કાઢી તેઓની સાથે તેઓની અરજી પ્રમાણેનો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં તેઓ અલગ થયાના બનાવનાં ૧૪(ચૌદ) વર્ષના લાંબા સમયગાળા બાદ ખોટા આક્ષેપો ઉભા કરી કરેલ છે.

(૧૧.૧૪) અરજદાર પોતે હાલ યુવાન વયના, નિરોગી, સશકત હોય તેમજ ભણેલા–ગણેલા હોય તેઓ તથા તેઓના પુત્ર બ્રીજેશ જેની ઉંમરનું હાલ૧૯ મું વર્ષ ચાલે છે અને જેઓને આગળ અરજદારે ભણાવેલ નથી. તેમજ અરજદાર તેઓના માવતરે જાતે પોતાના પિતાની તથા બ્રીજેશ તેઓના નાનાની ખેતીની ફળદ્રુપ જમીનમાં કામ કરી તેમજ અન્ય બીજા ખેડુત ખાતેદારોની જમીન ફાર્મે રાખી તેઓ અરજદાર કરતાં પણ વધુ સારી એવી આવક વાર્ષીક રકમ રૂા.૧૦,૦૦,૦૦૦/– ઉપરાંતની આવક ધરાવે છે. તેઓ પોતાના ટ્રેકટર તથા તેના સાધનો, ટુ–વ્હીલર રાખે છે તથા દુધવાળા પશુઓ ભેંશો રાખીને પણ દુધની પણ સારી એવી આવક ધરાવે છે. તેમજ ઑના પિતાના જાખડા મુકામે આવેલ પાકા બાંધકામવાળા આલીશાન વૈભવી મકાનમાં રહે છે. તેઓ કોઈ ભાડીન જગ્યા કે મકાનમાં રહેતા નથી. જે રીતે અરજદાર સામાવાળા કરતા પણ સારૂ એવું સ્ટેટસ દરેક બાબતોમાં ધરાવે છે અને સામાવાળા કરતાં પણ વધુ સારા સ્ટેટસવાલી જીંદગી જીવી રહયા છે. તેમજ તેઓ સામાવાળા પુત્ર બ્રીજેશને હાલ પણ તેઓ સામાવાળા સાથે જો તેને રાજીખુશીથી આવવુ હોય તો રાખવા માટે તૈયાર અને ખુશી છે. પરંતુ અરજદાર તેઓના પુત્ર બ્રીજેશને કોઈપણ રીતે તેઓની પાસે આવવા દેવા તૈયાર નથી. તેમજ અરજદારના પિતાશ્રીની પણ આર્થીક સ્થિતી ખુબ જ સારી છે અને તેઓ તેમની માલીકીની ખેતીની જમીનો પણ ધરાવે છે અને તેઓને પાકા ધાબાવાળા ખુબ જ મોટી એવી જગ્યામાં ઘણી બધી રૂમોવાળા બે માળના પાકા મકાનો પણ રહે છે અને આ કામના અરજદારના પિતાશ્રી ને ત્રણ વારસદારો હોય અને તેઓને તેમના હિસ્સાની મૌખિક રીતે ભાગ પાડતા

જમીન તેમજ મકાનો પણ અલગથી ભાગમાં આવેલા છે. સામાવાળા નં.૧ ના દાદાને જે ખેતીની જમીન આવેલ છે અને તે જમીનનો સંપુર્ણપણે વારસા ઉપર આધાર રાખતી જમીનો છે. વર્ષમાં માત્ર એક જ વાર ઉપજ–નિપજ લેવામા આવે છે અને તે પણ બિનપીયતની ખેતી હોય છે અને તેઓના દાદાના વારસદારોમા ત્રણ દિકરી, ત્રણ દિકરા તેમજ તેઓના પુત્રો–પુત્રીઓ અને પ્રપૌત્રો અને પ્રપૌત્રીઓ થઇને આશરે કુલ ૪૦ જેટલા વારસદારો થાય છે અને આ તમામનો હીસ્સો તેઓના દાદાની મિલકતમાં રહેલ છે તેમજ મહે.સાહેબશ્રી કોઇપણ વારસદારોએ વડીલોપાર્જીત મીલકતમાંથી હકક જતો કરેલ નથી તે જાહેર કરેલ છે. અને જેમાંથી આશરે હાલ ૨૫ લોકોનું ગુજરાન આ જમીનની .પજ નિપજમાંથી થાય છે તેમજ હાલ આ જમીનમાંથી વાર્ષીક રૂા.૧,૪૦,૦૦૦/– થી રૂા.૧,૬૦,૦૦૦/– આસપાસની આવક છે જેમાં આ તેઓના મોટા કુટુબમા આવતા સાર નરસા પ્રસંગો તમામના મેડીકલ ખર્ચાઓ છોકરાવને ભણાવવાનો ખર્ચ થાય છે તેમજ તમામનું ભરણપોષણ જે રીતે આ આવકમાંથી હાલના સભ્યોનું પ્રાથમીક જરૂરીયાતો પણ પુરી પાડવી મુશ્કેલ છે અને હાલ આ બધા મૌખીક રીતે સમજુતીની અલગ અલગ રહીને સાથે કામ કરે છે. અને ગામના બીજા લોકોની જમીનોમાં મજુરીકામ કરવા જવું પડે છે. હાલ સામાવાળા પાસે કોઇ દુધાળુ પશુ રાખેલ નથી કે તે રાખવું પોસાય તેમ પણ નથી જે હકીકત અરજદાર ઘ્વારા ખોટી જણાવવામાં આવેલ છે. હાલ જરૂરીયાત પુરતું ચા–પાણી બનાવવા પુરતુ દુધ ડેરીમાંથી લાવીને ઉપયોગ કરે છે.

(૧૧.૧૫) સામાવાળા નં.૧ ના ખેતી મજુરી કામ તથા ટ્રેકટર ખેતીકામ માટે ચલાવવાનુ કામ કરી માસીક રૂા.૬૦૦૦/– જેટલી આવક ધરાવીએ છીએ અને જેમાં પણ જે દિવસ મજુરી કામ ન મળે તે દિવસનું મહેનતાણું મળતું નથી. તેમજ હાલ તેઓ સામાવાળા નં.૧ ના જે આવક મેળવીએ છીએ તેમાંથી અરજદારને નામદાર અદાલતમાં જમા કરાવેલ છે. તેમજ બાકી વધતી રકમમાંથી તેઓ તેઓનું તથા તેઓના માતા પિતાનું ભરણપોષણ કરે છે.

તેમજ સામાવાળા નં.૧ ના નામે કોઈપણ પ્રકારની સ્થાવર કે જંગમ મિલકત આવેલ નથી અને જયારે ખર્ચ માટે કોઈ રકમ ઘટે ત્યારે કુટુબીભાઈો તથા સગા વ્હાલાની મદદ લેવી પડે છે અને ઘણીવાર આકસ્મીક પ્રાથમીક જરૂરીયાતને પહોંચી વળવા અન્ય વ્યકિતઓની મદદ માટે પણ રકમ લેવી પડતી હોય છે.

(૧૧.૧૬) અરજદાર સામાવાળાને ત્યાં આવવા માંગતા હોય તો પણ તેઓ સામાવાળાનં.૧ નાઓની આ અંગે કોઈપણ પ્રકારની તૈયારી નથી અને તેઓની સાથે છુટાછેડા જ એક માત્ર વિકલ્પ હોય જેથી તેઓ સામાવાળા નં.૧ નાએ અરજદાર વિરૂધ્ધ અમદાવાદ(ગ્રામ્ય) ના મહે.પ્રિન્સી,સીની.સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં જુનો એચ.એમ.પી.નં.૭/૨૦૧૩ નવો એચ.એમ.પી. નં. ૧૫/૨૦૧૫ થી છુટાછેડા મેળવાવ માટે પીટીશન દાખલ કરેલ હતી જે બાબતે હકીકતોનું પુનરાવર્તન નહી કરતા સદરહું જવાબ મુજબના પારા નં.૧૧ ની વિગતે તા.૮/૩/૨૦૧૭ ના રોજ વિથડ્રો કરેલ હતી.

(૧૧.૧૭) તેઓ બન્ને પક્ષકારોના લગ્નજીવનમાં માત્ર અરજદાર સ્વ્ભાવના કારણે કયારેય ફરીથી ન જોડી શકાય તેવા પ્રકારનું કાયમી ભંગાણ તેઓના ઉપરોકત જવાબની વિગતે પહેલેથી જ થયેલ છે. અને હાલ પણ શરૂ છે. જે રીતે પણ તેઓ પક્ષકારોનું લગ્ન જીવન પહેલા કે હવે પછીથી કોઈ રીતે આગળ ચાલવુ શકય ન હોય જેથી સામાવાળાએ અરજદાર વિરૂધ્ધ નાછુટકે ધોળકાના મહે.ફેમીલી કોર્ટના જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ છુટાછેડા મેળવાવ માટે એચ.એમ.પી.નં.૩/૨૦૨૩ જે નવો ધોળકા ફેમીલી કોર્ટનો ફેમીલી સ્યુટ નં.૩૧/૨૦૨૪ દાખલ કરેલ છે અને જે હાલ પેન્ડીંગ છે.

(૧૧.૧૮) આ અગાઉ ધોળકાના મહે.જયુડી.મેજી.(ફસ્ટ કલાસ) સાહેબશ્રી ધ્વારા હાલની સદરહું ક્રિમીનલ પ.અ.નં.૧૨/૨૦૧૮ ના કામે તા.૧૬/૭/૨૨ ના રોજ એકતરફી હુકમ કરવામાં આવેલ અને જે હુકમ અન્વયે અરજદાર સામાવાળા વિરૂધ્ધ નામદાર ધોળકાના જયુડી.મેજી.સાહેબશ્રી સમક્ષ રીકવરી પર.ફોજદારી અરજી નં.૨૧૮/૨૦૨૨

કરેલ જેના કામે હાલ સુધીમાં સામવાળા ધ્વારા નીચે મુજબની રકમ જમા કરાવવામાં આવેલ છે.

| ક્રમ | રકમ | તારીખ |
|---|---|---|
| ૧. | ૧૮,૦૦૦૦/- | ૨૭/૦૪/૨૦૨૩ |
| ૨. | ૩૦,૦૦૦/- | ૨૬/૦૬/૨૦૨૩ |
| ૩. | ૬૦,૦૦૦/- | ૨૬/૦૭/૨૦૨૩ |
| ૪. | ૪૦,૦૦૦/- | ૨૮/૦૮/૨૦૨૩ |
| ૫. | ૫૦,૦૦૦/- | ૧૮/૦૯/૨૦૨૩ |
| ૬. | ૫૦,૦૦૦/- | ૧૮/૧૦/૨૦૨૩ |
| ૭. | ૩૦,૦૦૦/- | ૨૨/૧૧/૨૦૨૩ |
| ૮. | ૫૦,૦૦૦/- | ૧૫/૧૨/૨૦૨૩ |
| ૯. | ૫૦,૦૦૦/- | ૧૬/૦૨/૨૦૨૪ |
| ૧૦. | ૪૦,૦૦૦/- | ૧૫/૦૩/૨૦૨૪ |
| ૧૧. | ૩૦,૦૦૦/- | ૨૬/૦૪/૨૦૨૪ |
| ૧૨. | ૪૦,૦૦૦/- | ૩૧/૦૫/૨૦૨૪ |
| ૧૩. | ૪૦,૦૦૦/- | ૧૬/૦૮/૨૦૨૪ |
| | ૫,૨૮,૦૦૦/- | હાલ સુધીની ભરેલ કુલ રકમ |

અત્યાર સુધીની ભરેલ રકમ રૂા.૫,૨૮,૦૦૦/- ભરપાઇ કરેલ છે અને ત્યારબાદ તેઓ સામાવાળાની ધોળકાના મહે.૧૦ માં અધીક સત્ર ન્યાયાધીશ સાહેબશ્રી સમક્ષની ફોજદારી અપીલ નં.૦૨/૨૦૨૪ તા.૨૬/૦૯/૨૦૨૪ ના રોજ મંજુર થતા સદર કામ રીમાન્ડ થયેલ છે.

સદરહું ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ અન્વયેની કલમ–૨૯ માં વચગાળાના ભરણોપોષણ બાબતેની સ્પષ્ટ રીતે જોગવાઇ કરવામાં આવેલ છે. તેમજ અરજદાર ધ્વારા આપ નામદાર સાહેબશ્રી સમક્ષ હાલની આંક–૧ ની અરજી કરવામાં આવેલ છે. તેમાં કોઇ વચગાળાની દાદ કે હુકમ મેળવવા અંગે કોઇ દાદ માંગવામાં આવેલ નથી તેમજ વચગાળાના ભરણપોષણ બાબતે કોઇ અલગ અરજી પણ કરવામાં આવેલ નથી ત્યારે નામદાર સાહેબશ્રી સમક્ષ સદરહું કામમાં અરજદાર સામાવાળા વિરૂધ્ધ કોઇ દાદ કે હુકમ મેળળવી ના શકે તેવું તેઓનું નમ્રપણે માનવું હોય જેથી આવો કોઇ વચગાળાનો હુકમ સામાવાળાની સદર પારાની હકીકતને ધ્યાને લઇ સામાવાળા વિરૂધ્ધ નહી કરવા તેઓએ નમ્ર રજુઆત કરેલ છે.

(૧૧.૧૨)આ કામના અરજદાર તરફે રજુ કરેલ આંક–૧ ની અરજી તથા આંક–૩૦ થી રજુ કરેલ સોગંદ ઉપરના પુરાવાની ડીનાઇલ કરેલ છે. સામાવાળા અરજદારે કરેલા આક્ષેપો કબુલ મંજુર રાખતા નથી તેમજ તેઓના આંક–૨૬ લેખીત જવાબ સાથે આંક–૨૭ થી પુરાવા લીસ્ટ રજુ કરેલ જે મુજબ માર્ક–૨૭/૩ થી અરજદાર જાતે તથા બ્રીજેશ પોતાના પિતા/નાનાની માલીકીની મોજે.જાખડા, તા.ધોળકા ખાતે આવેલ ખાતા નં.૬૧૧ તથા ૬૧૩, રેવનયુ સ.નં.૧૦૪ તથા ૧૫૨ વા/L ખેતીની જમીનમાં તેમજ અન્ય ખાતેદારોની ખેતીની જમીનના ૭/૧૨ તથા ૮/અ ના ઉતારાની નકલો રજુ કરેલ જેને ઉ.તદરમ્યાન રીફર કરીને સંયુકત આંક આપવામાં આવેલ છે. તથા માર્ક ૨૭/૧ થી અરજદારના આધારકાર્ડની નકલ રજુ કરેલ છે. તથા માર્ક–૨૭/૨ થી અરજદાર નં.૨ પુત્ર બ્રીજેશના જન્મના પ્રમાણપત્રની ખરી નકલ રજુ કરેલ છે.

(૧૧.૧૩) અરજદાર ધ્વારા તેઓની અરજીમાં જે હકીકતો જણાવેલ છે તે તમામ તદન ખોટી રીતે જણાવવામાં આવેલ હોય જે રીતે અરજદાર તેઓની આંક–૧ ની અરજી અન્વયેના પારા નં.૮(એ)(બી)(સી)(ડી)(ઇ)(એફ) તથા પારા નં.૯ તથા ૧૦ અન્વયેની કોઇ દાદ કે હુકમ મેળવવા હકકદાર ન

હોય તેવું તેઓનું સાહેબ સમક્ષ નમ્રપણે માનવું હોય જેથી અરજદારની અરજી ખર્ચ સાથે રદ કરવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૧૨) ઉપરોકત હકિકતોના આધારે પ્રસ્તુત અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદૃા ઉપસ્થિત થાય છે:

**:: મુ દૃા ::**

(૧) શું અરજદાર સાબિત કરે છે કે, આ કામના સામાવાળાઓ દ્વારા અરજદાર ઉપર કૌટુંબિક હિંસાનું કૃત્ય આચરેલ છે?

(૨) શું અરજદાર સામાવાળાઓ સામે કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ-૧૮ અન્વયે અરજીમાં માંગ્યા મુજબનો રક્ષણનો હુકમ મેળવવા હકકદાર છે ?

(૩) શું અરજદાર સામાવાળાઓ સામે કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ-૧૯(૧) (છ) અન્વયે અરજીમાં માંગ્યા મુજબનો રહેઠાણનો હુકમ મેળવવા હકકદાર છે ?

(૪) શુ અરજદાર કલમ ૧૯(૮)સ્ત્રીધન નો કબ્જો મેળવવા હકકદાર છે.

(૫) શું અરજદાર સામાવાળાઓ સામે કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ-૨૦ અન્વયે અરજીમાં માંગ્યા મુજબની નાણાંકીય રાહત મેળવવા હકકદાર છે ?

(૬) શું અરજદાર સામાવાળાઓ સામે કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ-૨૨ અન્વયે અરજીમાં માંગ્યા મુજબનું વળતર મેળવવા હકકદાર છે?

(૭) શું હુકમ?

(૧૩) ઉપરોકત મુદાઓ અન્વયે જવાબ–

મુદા નંબર ૧– હકારમા

મુદા નંબર ર– હકારમા

મુદા નંબર ૩– અશંત: હકારમા

મુદા નંબર ૪– નકારમા

મુદા નંબર ૫– અશંત: હકારમા

મુદા નંબર ૬– અશંત: હકારમા

મુદા નંબર ૭– આખરી હુકમ મુજબ

(૧૪) <u>અરજદારની સોગંદ પર જુબાની::</u>

(૧૮.૧) અરજદાર સંગીતાબેન વનરાજભાઇ ગોહીલે આંક–૩૦ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં તેઓએ અરજીમાં જણાવેલ હકીકતોનું જ પુનરાવર્તન કરેલ છે.

(૧૫) <u>સામાવાળા પક્ષે વિ.વ.શ્રી. જે.સી.કીકાણી દ્રારા અરજદારની ઉલટતપાસ:</u>

(૧૫.૧) અરજદાર એ વાત જણાવે છે કે તેણીના લગ્ન તેણીના પતિ સાથે ૨૪/૪/૨૦૦૪ ના રોજ થયેલો. એ વાતનો ઈન્કાર કરેલ છે કે જે દિવસે લગ્ન થયા તે દિવસથી તેઓ અને તેઓના પતિ સાસુ અને સસરાની બાજુમાં નલીયાવાળા ઘરમાં સાથે રહે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓના લગ્ન થયા તે દિવસથી તેણી અને તેણીના પતિ તેણીના સાસુ અને સસરાથી ભેગા રહેતા ન હોય. એ વાતનો સ્વીકાર કરેલ છે કે સદર કેસ દાખલ કર્યાના ૨૦૧૮ ની સાલ પહેલાથી ૧૩ વર્ષથી તેણી અને તેણીના પતિ લઅગ અલગ રહે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે સદર અરજી પહેલા કોઈ ફરીયાદ દાખલ કરેલ ન હોય સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ૨૦૧૩ માં કરેલ. એ વાતનો સ્વીકાર કરેલ

છે કે તેણીએ રજુ કરેલ સોગંધનાનમામાં ર૦૧૩ માં જેફરીયાદ કરેલ તેનો ઉલ્લેખ કરેલ નથી કે તેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેણીએ રજુ કરેલ સોગંધનામામાં બીડાણ–૧ પેજ–૧ ઉપર વિગત બી કાયદાકીય કાર્યવાહી અને ભરણપોષણ ચુકવાયેલાની માહીતીની માંગેલી વિગતમાં કોલમ નં.૧ થી પ માં તેણીએ કોઈપણ વિગત લખાવી નથી જાહેર કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેણીએ આ કોલમમાં તેણીએ કરેલી ખોરાકીની અરજીમાં અગાઉ થયેલા વચગાળાના હુકમ તેમજ રકમ જણાવી નથી કે જાહેર કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે ઉપરોકત હુકમ પ્રમાણે ભરણપોષણની રકમ વસુલ મેળવવા સામાવાળા નં.૧ વિરૂધ્ધ તેણી અરજદારે રીકવરી પરચુરણ ફો.અ.નં.ર૧૮/રર કરેલી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે સદર રીકવરી અરજીમાં તા.ર૭/૪/ર૩ થી તા.૧૬/૮/ર૪ સુધીમાં કકડે કકડે કુલ મલીને રૂા.પ,ર૮,૦૦૦/– ભરણપોષણ પેટે તેણીને અને તેણીના દિકરા બ્રિજેશે વસુલ મેળવેલ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે સમગ્ર હકીકત તેણીની જાણમાં હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે સદર હકીકત તેણીએ તેણીના સોગંધનામામાં રજુ કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે જે સોગંધનામામા વિગત લખાવમાં આવેલ તે તેણીના કહેવા પ્રમાણે કરવામાં આવેલ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે સદર એફીડેવીટના અંતે તેણીએ જે બે સહીઓ કરી છે તે વિગતો વાંચી સમજીને કરેલી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેણીએ ઈકરારમાં જણાવેલ વિગત વાંચેલ છે અને તેનો અર્થ શું છે તે પણ જણાવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેણીને સદર એફીડેવીટ કરતી વખતે તેણીના વકીલ સાહેબે તેણીની પાસેથી એફીડેવીટમાં જણાવવા માટે તેણીની આવક ખર્ચ બેંક ખાતા ડીપોઝીટો તેણીની બીમારીઓ કે અન્ય કોઈ વિગત જાહેર કરવાની છે તો તમે જણાવો તેવું પુછેલુ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે સદર કેસમાં તેણીની કોઈ બેંક ડીટેઈલ જણાવેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેણીના લગ્ન સમુહ લગ્નમાં થયેલા નહી અને તેણીના ઘરે અલગથી થયેલા. એ

વાતનો સ્વીકાર કરેલ છે કે તેણીના પિતાની આર્થીક સ્થિતી સારી ન હોવાથી વધારાના ખર્ચ ટાળીને રીતરીવાજ મુજબ સાદગીથી લગ્ન થયેલા. તેણીના લગ્ન પહેલા તેણીની સગાઇ એક વર્ષ અગાઉ થયેલ. સગાઇ થયાથી લગ્ન થયા દરમ્યાન તેઓ સામાવાળા સાથે અવારનવાર મળવાનું થતું હતું. એ વાતનો ઇન્કાર કરેલ છે કે સગાઇ બાદ સામાવાળાને તેઓ ડાયરેકટ લગ્ન સમયે જ મળેલ હોય. એ વાતનો ઇનકાર કરેલ છે કે તેણીએ તીણના મમ્મી પપ્પાના કહેવાથી લગ્ન માટે હા પાડેલ હોય. એ વાતનો ઇનકાર કરેલ છે કે સામાવાળા નં.૧ સાથે તેણીન લગ્ન ન કરવા હોવાથી તેની સાથે લગ્ન ના પહેલા દિવસથી જ સારી રીતે રહેતા ન હતા અને નાની નાની બાબતોમાં ઝઘડા કરતા હતા. એ વાતનો ઇન્કાર કરેલ છે કે સામાવાળા ઘરે આવીને જમવાનું માંગે ત્યારે રસોઇ તૈયાર ન હોય સામાવાળા તેણીને રસોઇ કેમ નથી કરી તેવુ પુછતા તેણીએ જણાવેલ કે તેણીને રસોઇ કરવી ન હોય તો તેણી ન કરે તેવા ઉધ્ધતાઇ ભયા" જવાબ આપતા હતા. એ વાતનો ઇન્કાર કરેલ છે કે તેણીને સામાવાળાને ત્યાં ગામડામાં રહેવુ ન હોય અને શહેરમાં રહેવું હોય તેણી સામવાળા સાથે નાની નાની બાબતોમાં ઝઘડો કરતી હતી. એ વાતનો ઇન્કાર કરેલ છે કે સામાવાળાની માસિક આવક ખેત મજુરી કરી ઓછુ કમાતા હોય સામાવાળા શહેરમાં રહેવા જવાની ના પાડતા હતા. એ વાતનો ઇન્કાર કરેલ છે કે સામાવાળા શહેરમાં રહેવા જવાની ના પાડતા હોવાથી તેણી ઘરમાં કોઇ કામ કરતી ન હતી અને તથી સામાવાળા સાથે નાની નાની વાતમાં ઝઘડા થતા હતા. આવાવ ઝઘડા થતા તેણી તેણીના પિયરમાં ફોન કરીને પિતાજી તથા ભાઇઓને બોલવતી હતી. તેણીના પિયરમાંથી તેણીના માતા પિતા કે ભાઇઓ તેણીના ઘરે આવી તેણીના પતિ સાથે બોલચાલ કરી ઝઘડો કરી તેણીને તેમની સાથે તેડી જતા હતા. તેણી પિયરમાં મહીનાઓ સુધી રહેતી હતી. તેણીના પતિ તેણીને તેડવા પિયરમાં આવતા હતા પરંતુ તેણીના માતા પિતા અને ભાઇઓ તેણીને તેણીની સાસરીમાં તેણીના પતિ સાથે મોકલતા ન હતા. તેણીના પિયરમાં તેણી રહેતી હતી ત્યારે તેણીના પિતાની ખેતીની

જમીનમાં તેમની સાથે ખેતી કામ કરાવતી હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેણીનો પુત્ર પુખ્ત વયનો થઇ ગયેલ છે. એ વાતનો ઇન્કાર કરેલ છે કે તે તેણીના પિતાની ખેતીમાં સાથે કામમાં જતા હોય. સવાલ: તમારા પિતા અલગ ખેડુત ખાતા ધારણ કરીને અલગ અલગ ખેતીની જમીનો ધારણ કરે છે ? જવાબ : ખેતી વિશે તેણી કઇ જાણતી નથી. તેણીને તા.૧૦.૨.૨૫ ના રોજ સામવાળા તરફે રજુ કરવામાં આવેલ લિસ્ટ નિ.૨૭/૩ થી રજુ કરેલ ગામ નમુના નં.૮–અ ની નકલ બતાવવામાં આવેલ છે જેમાં ખેડુત ખાતા નં.૬૧૧ થી સવજીભાઇ કાભઇભાઇ જે તેઓના પિતા થાય છે તેમના નામે આવેલી સર્વે નં.૧૦૪ ની નોંધ બતાવવામાં આવેલ છે જે જોઇ જણાવેલ કે તેમા તેણીના પિતાના નામે જમીન છે.

તેણીને તા.૧૦.૨.૨૫ ના રોજ સામાવાળા તરફે રજુ કરવામાં આવેલ લીસ્ટની નિ.૨૭/૫ થી રજુ કરેલ ગામ નમુના નં.૮–અ ની નકલ બતાવવામાં આવેલ જેમાં ખેડુત ખાતા નં.૬૧૩ થી સવજીભાઇ કાભઇભાઇ જે તેઓના પિતા થાય છે તેમના નામે આવેલીલ સર્વે નં.૧૫૨ ની નોધ બતાવવામાં આવેલ જે જોઇ જણાવેલ કે તેમા તેણીના પિતાના નામે જમીન છે.

તેણીને તા.૧૦.૨.૨૫ ના રોજ સામાવાળા તરફે રજુ કરવામાં આવેલ લીસ્ટની નિ.૨૭/૪ થી રજુ કરેલ ગામ નમુના નં.૭/૧૨ ની નકલ બતાવવામાં આવેલ જેમાં ખેડુત ખાતા નં.૬૧૩ થી સવજીભાઇ કાભઇભાઇ જે તેઓના પિતા થાય છે તેમના નામે આવેલીલ સર્વે નં.૧૫૨ ની નોધ બતાવવામાં આવેલ જે જોઇ જણાવેલ કે તેમા તેણીના પિતાના નામે જમીન છે.

તેણીને તા.૧૦.૨.૨૫ ના રોજ સામાવાળા તરફે રજુ કરવામાં આવેલ લીસ્ટની નિ.૨૭/૩ થી રજુ કરેલ ગામ નમુના નં.૮–અ ની નકલ બતાવવામાં આવેલ જેમાં ખેડુત ખાતા નં.૬૧૧ થી સવજીભાઇ કાભઇભાઇ જે તેઓના

પિતા થાચ છે તેમના નામે આવેલીલ સર્વે નં.૧૦૪ ની નોધ બતાવવામાં આવેલ જે જોઇ જણાવેલ કે તેમા તેણીના પિતાના નામે જમીન છે.

તેણીને તા.૧૦.૨.૨૫ ના રોજ સામાવાળા તરફે રજુ કરવામાં આવેલ લીસ્ટની નિ.૨૭/૩ થી રજુ કરેલ ગામ નમુના નં.૮–અ ની નકલ બતાવવામાં આવેલ જેમાં ખેડુત ખાતા નં.૬૧૩ થી સવજીભાઇ કાભઇભાઇ જે તેઓના પિતા થાચ છે તેમના નામે આવેલીલ સર્વે નં.૧૫૨ ની નોધ બતાવવામાં આવેલ જે જોઇ જણાવેલ કે તેમા તેણીના પિતાના નામે જમીન છે.

તેણીને તા.૧૦.૨.૨૫ ના રોજ સામાવાળા તરફે રજુ કરવામાં આવેલ લીસ્ટની નિ.૨૭/૩ થી રજુ કરેલ ગામ નમુના નં.૭/૧૨ ની નકલ બતાવવામાં આવેલ જેમાં સવજીભાઇ કાભઇભાઇ જે તેઓના પિતા થાચ છે તેમના નામે આવેલીલ સર્વે નં.૧૫૨ ની નોધ બતાવવામાં આવેલ જે જોઇ જણાવેલ કે તેમા તેણીના પિતાના નામે જમીન છે.

તેણીને તા.૧૦.૨.૨૫ ના રોજ સામાવાળા તરફે રજુ કરવામાં આવેલ લીસ્ટની નિ.૨૭/૩ થી રજુ કરેલ ગામ નમુના નં.૭–૧૨ ની નકલ બતાવવામાં આવેલ જેમાં સવજીભાઇ કાભઇભાઇ જે તેઓના પિતા થાચ છે તેમના નામે આવેલીલ સર્વે નં.૧૦૪ ની નોધ બતાવવામાં આવેલ જે જોઇ જણાવેલ કે તેમા તેણીના પિતાના નામે જમીન છે.

ઉપરોકત નકલો મામલતદાર ઓફીસ ધોળકાના રાઉન્ડ સીલવાલી કોમ્પ્યુટર કોપી છે જે નિ.૨૭/૩ થી રજુ કરેલ ૭/૧૨ તથા ૮–અ ની ઉતારાને સંચુકત આંક–૩૨ આપવામાં આવે છે.

તેણીને તેણીના જન્મ તારીખ પુછવામાં આવતા ૧૯૮૬ માં જન્મ થચેલ. જે ૧૧ મા મહીનામાં ૪ થી તારીખ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેણીની જન્મ તારીખ અન્વચેનો તેણીએ કોઇ દસ્તાવેજી પુરાવો સદરકામમાં રજુ કરેલ નથી. તેણી જાખડા ગામે ધોરણ ૬ સુધી ભણેલી છે. તેણીનો જન્મ જાખડા ગામે થચેલ તે અન્વચેનો કોઇ આધાર પુરાવો રજુ કરવા રાજી નથી. તેણી લગ્ન સમચે તેણીની ઉંમર ૧૮ વર્ષ હતી અને તેણીની આ હકીકત સામાવાળાથી

છુપાવીને તેણીએ ખોટી અને ગેરકાયદેસર રીતે સામાવાળા સામે લગ્ન કરેલા. એ વાતનો સ્વીકાર કરેલ છેકે તેણીની જ્ઞાતિના રીતરીવાજ પ્રમાણે લગ્ન સમયે વરપક્ષ કન્યા પક્ષને સોનાના દાગીના આપે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણીના લગ્ન વખતે સામાવાળાએ તેણીને ૧૨ તોલા સોનાના દાગીના આપેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેણીને ૬ તોલા સોનાન દાગીના આપેલા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે કન્યાપક્ષ તરફથી વર પક્ષને કોઈ સોના ચાંદીના દાગીના આપેલા નહી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણીની સગાઈ પછી લગ્ન સુધીમાં એ વર્ષ દરમ્યાન તેણીને સામાવાળા સાથે ફોન ઉપર કોઈ વાતચીત થયેલી નહી. તેણી તેણીના ઘરમાં પીયરમાં આવેલા લેનડ લાઈન ફોન ઉપરથી તેણીને ફોન કરતી હતી અને સામાવાળાના ઘરમાં લેન્ડ લાઈન ફોન ન હતો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે સામાવાળા પાસે પોતાનો કોઈ મોબાઈલ ફોન પણ ન હતો. તેણી જે ફોન કરતી તે સામાવાળાના મિત્ર રણજીતભાઈના મોબાઈલ ફોન ઉપર વાત કરતી હતી. તેણીને હાલ રણજીતનો મોબાઈલ નંબર યાદ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે સગાઈ પછી લગ્ન દરમ્યાન સમયમાં તેણી સામાવાળા સાથે તેણીના લેન્ડ લાઈન પરથી સામાવાળાના મિત્રના મોબાઈલ ઉપર સામાવાળા સાથે અવાર નવાર વાત કરતી હતી તે હકીતક ખોટી જણાવેલ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેણીએ તેણીના લગ્ન તેણીના માતા પિતા અને કેટુંબીજનોના કહેવાથી કરેલા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણીના લગ્ન માતા પિતા અને કુટુંબીજનોના કહેવાથી કરેલા પરંતુ તેણીની સહમતી ન હતી. એ વાતનો ઈન્કાર રેલ છેકે આ લગ્ન તેણીના મરજી વિરૂધ્ધ તેણીને દબાણમાં રાખીને સામાવાળા સાથે કરાવેલા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે આ જ કારણે તેણી સામેવાળાની સાથે લગ્ન કરીને ગઈ ત્યારે સામાવાળાના ઘરમાં નાની નાની બાબતોમાં ઝઘડા કરતી હતી, ઘરનું કામ કરતી ન હતી, સામાવાળા માટે રસોઈ કરતી ન હતી અને તેમ કરી સામવાળા સાથે પતિ પત્ની તરીકે સારી રીતે રહેતી ન હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે લગ્ન

સમયે તેણી સગીર વયની હોવાથી માનસીક રીતે અપરીપકવ હતીઅને તેથી સામાવાળા સાથે ખોટા ઝઘડા કરી રહેતી હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણી સામાવાળા સાથે ઝઘડા કરતી હતી. તેણી સામાવાળા સાથે કકડે કકડે સાથે રહેલી તે કુલ સમય આશરે ૨.૫ વર્ષ થયેલો. એ વાતનો સ્વીકાર કરેલ છે કે આ ૨.૫ વર્ષ પી તેણી અને તેણીના પતિ વચ્ચે પતિ–પત્ની તરીકેના સંબંધથી તેણી સાથે રહયા નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણી તેણીના સ ાસુ સસરાને કોઈવાર જરૂર પડે તો તેમની કોઇ સેવા ચાકરી કરતી ન હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણીના સાસુ સસરાને કોઈવાર જરૂર પડે તો રસોઇ કરી જમાડેલા નથી. તેણી તેણીની તબીયત ઠીક ન હોય અથવા તેણીને પિયર જવું હોય ત્યારે તેણી તેણીના પિતાને ફોન કરીને બોલાવતી હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેણી જે ફોન કરતી તે તેણીની સાસરીમાં ફોન કરીને બોલાવતી. તેણી તેણીના પિતા તથા તેણીના સાસરીના ફોન નંબર કહી શકે નહી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેણી ફોન કરીને તેણીના પિતાને બોલાવતી તયારે તેણીના પિતા તેણીની સાસરીમાં સારી રીતે રહેવા અને પિયરમાં નહી આવવા માટે સમજાવતા હતા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણીને સાસરીમા સામાવાળા સાથે રહેવું ગમતું ન હોવાથી તેણી તેણીના પિતા અથવા પિયરમાંથી આવેલા સાથે તેણીના પિયરમાં તેણી જતી રહેતી હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે પિયરમાં ગયા પછી તેણી અમુક મહીના સુધી પીયરમાં રહેતી હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે સામાવાળા તેણીને પિયરમાં તેડી આવવા આવતા હતા ત્યારે તેણી સામાવાળાની સામે સાસરીમાં આવતી રહેતી હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે સામાવાળા તેણીના પિયરમાં તેણીને તેડવા આવતા ત્યારે તેણી સામાવાળા સાથે સાસરીમાં આવવા અને રહેવા ના પાડતી હતી અને પિયરમાં જ રહેતી હતી.

એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેણી વર્ષ ૨૦૦૬ માં સામાવાળાના ઘરેથી પિયરમાં ગઈ ત્યારથી આજસુધી સામાવાળા સાથે તેણીના પતિ પત્નીના કોઈ સંબંધ રહયા નથી અને તેણી સામાવાળાના ત્યાં રહી નથી. તેણીનો દિકરો

બ્રિજેશ ધોરણ ૧૦ સુધી ભણેલ છે જેનો અભ્યાસ ધોરણ ૮ સુધી જોખડા ગામે થયેલ અને ધોરણ ૯ ખંભાત મુકામે કરેલો. જે સ્કુલનું નામ યાદ નથી. અને ૧૦ મું ધોરણ વટામણ ચોકડીએ અભ્યાસ કરેલો જે સ્કુલનું નામ પણ તેણીને યાદ નથી જે ધોરણ ૧૦ ફેઇલ થયેલછે તેણે ફરીવાર પરીક્ષા પાસ કરવા પ્રયત્ન કરેલો પરંતુ પાસ થયેલ નથી. તે કયા કયા વિષ્યામં ફેઇલ થયેલો તેની તેઓને ખબર નથી તેનુ રીઝલ્ટ તેણીએ જોયેલ નથી.

એ વાતનો સ્વીકાર કરેલ છે કે છેલ્લા ૧૯ વર્ષ થી તેણીના પિયરમાં છે એ દરમ્યાન બંને પક્ષ તરફથી અવારનવાર સામસામા કેસો થયેલા છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે અગાઉ થયેલ કેસોમં શ્રીમાન કોર્ટ સમાજના આગેવાનો ધ્વરાા તેમજ કુટુંબના માણસો તરફથી સમાધાનના પ્રયત્નો થવાથી કેસો માંડવાળ કરેલા. અરજદાર સ્વેચ્છાએ જણાવે છે કે સામાવાળાએ તેણીને તેડી જવાનું કહીને સમાધાન કરવા કહેલું તેથી કેસો પાછા ખેંચેલા. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેણીના પતિ તેડી જાય અને લગ્ન હકક પુરા કરે તેવો દાવો તેણીએ કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે પતિ પત્નીનું લગ્ન જીવન સફળ બનાવવા માટે પરસ્પર વિશ્વાસ અને પ્રેમ હોવો જઇએ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે પતિને પત્ની ઉપર અથવા પત્નીને પતિ ઉપર વિશ્વાસ અને પ્રેમ ન હોય તો લગ્ન જીવન ચાલે નહી. એ વાતનો સ્વીકાર કરેલ કે સામાવાળાએ તેણીની સાથે લગ્નવિચ્છેદ મેળવવા માટે ફેમીલી કોર્ટ ધોળકા ખાતે કેસ દાખલ કરેલ છે અને તે હાલ પેન્ડીંગ છે. એ વાતનો સ્વીકાર કરેલછે કે તેણીની અરજીમાં કરેલ કોઇપણ આક્ષેપ અંગે તેણીએ આજસુધીમાં કોઇપણ ફરીયાદ કરી નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેણીએ પોલીસમાં ફરીયાદ કરી હોત તો સામાવાળાને અરેસ્ટ કરીને તેમની વિરૂધ્ધ કેસ દાખલ થઇ શકયો હોત. એ વાતનો ઈન્કાર રેલ છેકે આ બધા જ આક્ષેપો ખોટા અને ઉપજાવી કાઢેલા હતા તેથી તેણીએ પોલીસમાં કોઇ ફરીયાદ કરેલ ન હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે હાલનો કેસ તેણીએ તેણીની ઇચ્છાથી કરેલ નથી પરંતુ તેણીના માતા પિતા અને કુટુંબીઓના કહેવાથી કરેલ છે. એ વાતનો

ઈન્કાર કરેલ છે કે તેણીએ તેણીની ઈચ્છાથી કરેલ નથી પરંતુ તેણીના માતા પિતા અને કુટુબીઓના કહેવાથી કરેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણીની અરજી તથા સરતપાસની એફીડેવીટમાં તેણીની બીમારી અંગેની હીકતો તેમજ કયો રોગ હતો કયા ડોકટર હતા અને શું ટ્રીટમેન્ટ લીધી તેના કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે હાલમાં તેણીને કોઈ રોગ નથી અને તેણી તંદુરસ્ત છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે હાલ તેણી ખેતી કામ અને અન્ય કામધંધો કરવા માટે શારીરીક રીતે સક્ષમ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણી તથા તેણીનો દિકરો બ્રીજેશ તેણીના પિતાની ખેતીની જમીનમાં ખેતી કામ કરવા જોઈએ છીએ. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણી આ રીતે ખેતી કામ કરીને માસીક ૪ થી ૫ હજાર રૂપીયા કમાય છે. એવાતનો સ્વીકાર કરેલ છે કે તેણીના પિતાના ઘરે વડીલોપાર્જીત ખેતીની જમીનો અને મકાનો આવેલા છે. હાલ તેણી તેણીના માતાપિતાના ઘરમાં બે વર્ષથી રહેતી નથી. અગાઉ તેણીના પિતાના ઘરમાં રહરેતી હતી. તેણીના પિતાનું ઘર શાંતીપુરા ફ/L માં આવેલ છે જે એક રૂમ રસોડું છે.

એ વાતની તેણીને ખબર નથી કે તેણી તેણીના પિતાની મીલકતમાંથી તેણીનો વારસાઈ હકક જતો કરેલ છે કે કેમ ? એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેણીના પિતાની મિલકતમાં તેણીનો વારસાઈ હકક આવેલ છે તે તેણી જાણે છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેણી આ વારસાઈ હકક જતો કર્યો અંગે કોઈ લખાણ, કરાર કે દસ્તાવેજ કરી આપેલ નથી. એ વાતનો ઈન્(ાર કરેલ છે કે તેણી અરજીમાં, એફીડેવીટમાં કે દ.પુરાવાના લીસ્ટમાં તેણીના પીત વનરાજભાઈના નામે કોઈ મિલકત આવેલ હોય તેનો પુરાવો આપેલ નથી હવે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે એ વાતનો સ્વીકાર કરેલ છે કે સામાવાળા તેઓના પતિ વનરાજભાઈના નામે કોઈપણ મિલકત હોવાનો કોઈ પુરાવો તેણીની અરજીમાં એફીડેવીટમાં કે દ.પુરાવા લીસ્ટમાં રજુ કરેલ નથી.

સવાલ: સામાવાળા તમારા પતિના નામે કોઈ મિલકત જમીન આવેલ ન હોય ખેતી મજુરી કરી પોતાનુ ગુજરાન ચલાવે છે અને માસીક રૂપીયા ૪ થી ૫

હજાર કમાય છે ? જવાબ: એ વાત ખોટી છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેણીની અરજીમાં, એફીડેવીટમાં તેમજ પુરાવાના લીસ્ટમાં સામાવાળા વનરાજભાઇ પશુપાલનનો ધંધો કરતો હોવાનો, જમીનની દલાલી કરતા હોવાનો, ટ્રેકટર ધરાવતા હોવાનો કે જમીન અને ીમલકત ધરાવતા હોવાનો કોઇ દ.પુરાવો રજુ કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓ સામાવાળાથી છેલ્લા ૧૯ વર્ષથી જુદા રહેતા હોવાથી સામાવાાળાની બીમારી, આવક અનયકોઇ જાત માહીતી નથી.

એ વાતનો ઇન્કાર કરેલ છે કે તેણીને કપડા સ્વિવાનું સીવણ કાર્ય આવડે છે. એ વાતનો ઇન્કાર કરેલ છે કે તેણી સીવણ કામ કરીને માસીક ૫ હજાર રૂપીયા કમાઉ છુ. એ વાતનો ઇન્કાર કરેલ છે કે ચાલુ સાલે તેણી તથા તેણીના દિકરા બ્રિજેશે ગામના બીજા મોટા ખેડુતોની જમીન ભાગમાં ખેડવા રાખેલ છે. એ વાતનો ઇન્કાર કરેલ છે કે તેણી તેણીના પિતાના ઘરે ગાયો ભેસો છે તેના દુધનો વેપાર કરી કમાય છે. તેણી તેણીનો દિકરો બ્રીજેશ તેના પિતા વનરાજભાઇ પાસે રહેવા જાય તે માટે સંમત નથી. તેણીને આંક–૩૦ નું વુસરતપાસ સોગંધનામું બતાવવામાં આવેલ છે તે જોઇ જણાવેલ કે આ સોગંધનામા માં બધા પાના વાંચી સમજીને એફીડેવીટ કરેલ છે. આ આખુ સોગંધનામું તેણીએ લખાવેલું છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે આંક–૨૮ થી રજુ કરેલ શ્રીમાન સુપ્રીમ કોર્ટના આદેશ મુજબની એફીડેવીટમાં દર્શાવેલ તમામ વિગત તેણીએ સમજી વિચારીને લખાવ્યા મુજબની છે.

એ વાતનો સ્વીકાર કરેલ છે કે આંક–૩૦ ના પેરા ૬ માં તેણીએ જણાવ્યા મુજબ તેણીનો પુત્ર બ્રિજેશ ધોરણ ૭ માં અભ્યાસ કરતો હોવાથી તેના અભ્યાસ પાછળ પણ ખુબ જ ખર્ચ થાય છે તેની શાળાની ફી, ટયુશન ફી, સ્કુલ યુનીફોર્મ, રીક્ષા ભાડુ વિગેરે ખુબ જ ખર્ચ થાય છે તેવી હકીકત ખોટી લખાવેલી છે. તેણીનો દિકરો બ્રીજેશ ધોરણ %૦ નાપાસ સુધી ભણેલો છે અને છેલ્લા ૩ વર્ષથી અભ્યાસ કરતો નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેણીના દિકરા બ્રિજેશ અભ્યાસ કરતો હોવાની અને તેના ખર્ચ અંગેની તમામ

હકીકત સોગંધ ઉપર તેણીએ ખોટી જાહેર કરેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણીએ સોગંધ ઉપર જણાવેલી આ હકીકત સામાવાળા પાસેથી ખોરાકી પેટે વધુ પૈસા ખોટી રીતે મેળવવા માટે જણાવી છે. એ વાતનો ઈન્કાર રેલ છે કે તેણીએ સદર આંક–૩૦ ની વધુ સરતપાસની એફીડેવીટમાં તેણીનો પુત્ર બ્રીજેશ અભ્યાસ કરતો નથી તેવી હકીકત જાહેર કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેણીએ આંક–૩૦ ની એફીડેવીટના પેરા ૭ માં તેણીના પતિની મીલકતો, માસીક આવક, ખેતીની આવક, પશુપાલનની દુધની આવક વિગેરે જણાવેલી હકીકતોના સમર્થનમાં કોઈપણ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેણીએ સરતપાસની એફીડેવીટના આંક–૩૦ ના પેરા ૮(ડી) માં જણાવ્યા મુજબ તેણીની માસીક જરૂરીયાતો માટે રૂા.૫૦,૦૦૦/– અને સગીર બ્રીજેશના માસીક રૂા.૩૦,૦૦૦/– ની જણાવેલી રકમનો ખર્ચ બતાવા માટે તેણીએ કોઈપણ ખરીદીની, સારવાર ના કે અન્ય કોઈ બીલો કે હિસાબ રજુ કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેણીએ આંક–૨૮ થી રજુ કરેલ એફીડેવીટમાં પેજ ૨ પેરા (સી) માં આશ્રિત સભ્યોની માહીતીમાં જણાવેલ તેણીનો દિકરો બ્રીજેશ આ એફીડેવીટ કરી ત્યારે પુખ્ત ઉંમરનો થઈ ગયેલો અને તેણીનો આશ્રિત ન હતો. તેણી કોઈપણ બેંકમાં કોઈપણ બ્રાન્ચમાં કોઈપણ બેંક એકાઉન્ટ ધરાવતી નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે આંક–૨૮ ના સોગંધનામામાં પેજ ૪ ઉપર એફ(૯) માં તેણીની બેંક એકાઉન્ટની કોઈ ડીટેલ્સ જાહેર કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે સામાવાળા સાથે છેલ્લા ૨૧ વર્ષ દરમ્યાન છુટા પડયા ત્યારથી આજસુધીમાં સામાવાળાના ઘરે તેણીને જવાનું બનેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે આટલો લાંબો સમય અલગ રહેતા હોવાથી તેણીને સામાવાળાની અને સામાવાળાને તેણીની અંગત કોઈ માહીતી ન હોય. તેણી રહે છે તે તેણીના પિતાનું જાખડા ગામની વસ્તી આશરે ૩–૪ હજાર હશે. તેણી ગામમાં કોઈ બેંક નથી. તેણીના ગામમાં પ્રાથમીક અને હાઈસ્કુલ બંને છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણી ગામમાં મકાન ભાડે જોઈતું હોય

માસીક રૂ.૫૦૦/– ના ભાવે મલી શકે. તેણીએ આ જ પ્રકારનો ડોમેસ્ટીક વયોલેન્સ નો કેસ સામાવાળા વિરૂધ્ધ ૨૦૧૩ માં કરેલો. જેનો કેસ નંબર તેણીને યાદ નથી એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણીએ આ હકીકત હાલના કેસની વધુ સરતપાસની એફીડેવીટ આંક–૩૦ તેમજ સુપ્રિમ કોર્ટના માર્ગદર્શન મુજબની એફીડેવીટ આંક–૨૮ માં આ હકીકત દર્શાવેલી નથી. એ વાતનો તેણીએ ઈન્કાર કરેલ છે કે તેણીએ હાલની અરજીમાં તેણી બંને પક્ષો આટલા લાંબા સમયથી જુદા રહેતા હોવા છતાં જે આક્ષેપો કર્યા છે તે તેઓના શરુઆતના ૨.૫ વર્ષના લગન જીવન દરમ્યાનના છે જેની અરજી આટલી વર્ષો મોડી કરી તે અગે કોઈ કારણ દશા"વેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે સામાવાળા વિરૂધ્ધ તેણીએ આજસુધીમાં કોઈ પોલીસ સ્ટેશમાં ફરીયાદ કરેલ નથી. તેણીએ ૧૫–૨૦ દિવસ બગોદરા પોલીસ સ્ટે.માં સામાવાળા વિરૂધ્ધ ફરીયાદ કરેલ છે. જે ફરીયાદ તેણીએ બીજા લગ્ન કર્યા અંગેની કરી છે. જેની નકલ તેણીની પાસે છે જે તેણી રજુ કરી શકે. પોલીસ તેણીની આ ફરીયાદની તપાસ કરી રહી છે અને હાલ પેન્ડીંગ છે. પોલીસવાળાનું નામ તેણીને ખબર નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે સામાવાળા એ બીજા લગ્ન કર્યા અંગેની જે ફરીયાદ કર્યાની હકીકત જણાવી છે તે ખોટી જણાવેલ છે ને સામાવાળા એ આવા કોઈ બીજા લગ્ન કરેલા નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે સામવાળાએ બીજા લગન કર્યાની જે તેણીએ ફરીયાદ કરી છે તે સિવાય અન્ય કોઈ ફરીયાદ આજસુધીમાં તેણીએ કોઈપણ પોલીસ સ્ટે.માં કરેલી નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણીની અરજીમાં સામાવાળા વિરૂધ્ધ કરેલા આક્ષેપો જેવા કે અરજદાર બીમાર થાય તો કોઈ દાવ સારવાર કરાવતા નહી હોવાની, અરજદારાને મારઝુડ કરતા અને આવાર નવાર ઘરમાંથી કાઢી મુકતા હોવાની, ચારીત્રય બાબતે આક્ષેપો કરતા હોવાની, મહેણા ટોણા માર્યા કરતા હોવાની, દહેજ બાબતે મહેણા ટોણા મારતા કે તારા બાપે દહેજમાં કંઈ આપ્યું નથી તેવી, જીવનજરૂરીયાતની ચીજવસ્તુઓ પુરી પાડતા નહી હોવાની વિગરે કરેલ આક્ષેપો ખોટા કરેલા છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણીના

સ્ત્રી ધનના દાગીના તેણીન પાસે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણી સામાવાળા પાસેથી ભરણપોષણની રકમ મેળવવા તેણીની અરજીમાં, સરતપાસની એફીડેવીટમાં તેમજ સુપ્રિમ કોર્ટના માર્ગદર્શન મુજબની એફીડેવીટમાં સાચી હકીકતો છુપાવી, ખોટી હકીકતો રજુ કરી સોગંધ ઉપર ખોટી જુબાની આપે છે.

**(૧૬) <u>સામાવાળાની સોગંદ પર જુબાની::</u>**

(૧૬.૧) સામાવાળા નં.૧ વનરાજભાઈ બાબુભાઈ ગોહીલે આંક–૨૬ થી અરજદારની અરજી વિરૂધ્ધ જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ જવાબમાં જણાવેલ હકીકતોનું જ પુનરાવર્તન કરેલ છે.

(૧૭) <u>અરજદાર પક્ષે વિ.વ.શ્રી. દ્વારા સામાવાળાની ઉલટતપાસ</u>

(૧૭.૧) સામાવાળા સ્વીકારે છે કે નામદાર કોર્ટમાં જે સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન પ્રમાણે સોગંદનામું રજુ કર્યું છે તે સોગંદનામું સમજી વિચારીને વાંચીને સહી કરેલી છે. સવજીભાઈ કાભઈભાઈ ચૌહાણની માલીકીની કેટલી જમીન છે તે તેઓને હાલમાં યાદ નથી. સવજીભાઈ કાભઈભાઈ ચૌહાણની વાર્ષીક આવક આંકડામાં કેટલી છે તે તેઓ કહી શકે નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સુખી સંપન્ન જીવી શકે તેટલી છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે સવજીભાઈ કાભઈભાઈ ચૌહાણની ખેતીની વાર્ષીક આવક તેઓના લગ્ન થયા તયારથી આજદિન સુધીની તેઓને ખબર નથી. તેઓને યાદ નથી કે તેઓએ સવજીભાઈ કાભઈભાઈ ચૌહાણની વાર્ષીક આવક કેટલી છે તે કયારેય પણ આજદિન સુધી તેઓએ આંકડામાં લખાવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓ ખેડુત છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે ખેડુતના દિકરા તરીકે તેમને ખેતીની માહીતી ખરી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓને મીઠાપુર ગામની સીમની ખેતીની જમીન તેઓએ જોયેલી છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે કાળી ભોવાળી જમીનમાં ડાંગર અને ઘઉનું વાવેતર થાય. એ વાત કહી શકે નહી કે ડાંગરની જમીમાં એક વીઘામાં વર્ષે કેટલી ડાંગર થાય તેમજ એ ક

વીઘામાં ઘઉ કેટલા થાય તે પણ તેઓ કહી શકે નહી. મીઠાપુર ગામની સીમમાં બિનપીયત ઘઉ અને ચણાનું વાવેતર થાય છે. તેઓને ખ્યાલ છે ત્યા સુચી ચણા એક વીઘામાંથી ત્રણી ચાર મણ બિનપીયત હોય તો થાય. તેઓને ખ્યાલ છે ત્યા સુધી ઘઉ એક વિઘામાંથી ત્રણ મણ બિનપીયત હોય તો થાય. એવાતની તેઓને ખબર નથી કે જો કોઇ વ્યકિત પાસે બે ટ્રેકટર હોય તો મહીને ૫૦ થી ૬૦ હજાર રૂપીયા આરામથી કમાઇ શકે. તેઓને એ વાતની ખબર નથી કે કોઇ વ્યકિત પાસે હાર્વેસ્ટર મશીન હોય તો દોઢથી બે લાખ રુપિયા મહિને આરામથી કમાઈ શકે. એ વાત ખરી છે કે મે હાર્વેસ્ટર મશીન કટર નરી આંખે જોયેલ છે અને તેની પર બેઠો પણ છે. તેઓને મોબાઇલ નં.૯૯૭૪૪૯૯૪૨૪ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ જય સોમનાથ હાર્વેસ્ટર કટરનું નામ મીઠાપુર ગામનું છે તેનુ નામ તેઓએ સાંભળ્યુ છે. તેઓએ જય સોમનાથ હાર્વેસ્ટર કટરનું વીઝીટીંગ કાર્ડ જોયેલ નથી. એ વાત ખરી નથી કે જય સોમનાત હાર્વેસ્ટર કટરને માલિક હુ છુ અને તેના વિઝિટીંગ કાર્ટ ઉપર ડાબી સાઇડે તેઓનો મોબાઇલ નં.૯૯૭૪૪૯૯૪૨૪ નો દર્શાવેલો છે. વિશાલ નામ એ સાંભળ્યું છે. તેમનો મોબાઇલ નંબર તેઓને ખબર નથી. તેઓને નિ.૩૭/૩ બતાવવામાં આવેલ તે જોઇ જણાવેલ કે તેઓને ખબર નથી કે શુ છે એ વાત નો સ્વીકાર કરેલ છે કે નિ.૩૭/૩ માં તેઓનો મોબાઇલ નંબર છે. તેઓને નિ.૩૭/૪ તથા નિ.૩૭/૫ બતાવવામાં આવેલ તે એ કફોટો છે તે જોઇને કહેલ છે કે તે હાર્વેસ્ટરનો ફોટો છે અને તેની ઉપર તેઓ બેઠા છે. સાહેદ ખુલાસો કરે છે કે તેઓ મજુરી કામે ગયેલ હતા ચાલતુ હતુ તે જોવા માટે બેઠેલ હતા. તેઓને નિ.૩૭/૬ બતાવવામાં આવેલ છે તે ફોટો છે જે જોઇ જણાવેલ કે તેમાં તેઓના પપ્પા અને બીજા બે કાકા છે અને હાર્વેસ્ટર છે અને અન્ય ઉપર બેઠા છે તેઓને તેઓ ઓળખતા નથી. તેઓને એ ખ્યાલ નથી કે આ જે ફોટો છે તે મશીન નવુ આવ્યુ હોય તેને ફુલહાર કરતો વિધિનો ફોટો છે. તેઓને એ વાતનો ખ્યાલ નથી કે આ મશીન કોઇ વ્યકિત લાવ્યુ હોય અને તેઓના પ્પપા કાકા એ વિધીમાં ગયા છે કે કેમ. જય સોમનાથ હાર્વેસ્ટર

મશીનના માલીક કોણ છે તે સવાલ પુછતા જણાવેલ કે હાર્વેસ્ટરનું કામ વિશાલભાઇ કરે છે એટલે તેઓ ગામમાં રહેતો હોઇ જાણે છે. તેઓ પાયલબેન પ્રેમજીભાઇ વેગડાને ઓળખે છે. તેઓ પાયલબેનને ઘણા સમયથી ઓળખે છે. તેઓ આશરે દોઢથી બે વર્ષથી તેઓને ઓળખે છે. છેલ્લા અંદાજે ૮–૧૦ મહીનાાથી તેઓને ત્યાં આવે છે અને જાય છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓ પાયલબેન પ્રેમજીભાઇ વેગડ સાથે જાતિય સંબંધ બંનેની સંમતીથી બાંધુ છુ. સવાલ–તમો પાયલબેન પ્રેમજીભાઇ વેગડને કયા સંબંધથી તમારા ઘરે લાવેલ છો ? જવાબ–તેઓ બંને તેઓની બંનેની સંમતીથી સાથે સથવારો મલી રહે તે ઉદ્દેશથી લાવેલ. એ વાતનો ઇન્કાર કરેલ છે કે તેઓ પાયલબેન પ્રેમજીભાઇ વેગડને તેઓને ઘરે લઇ આવેલ હોય. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓ અને પાયલબેન વચ્ચે એક કરાર થયેલ છે. સવાલ–તા.૧૮.૭.૨૦૨૫ ના રોજ તમોએ સ.ત.નુ સોગંદનામું તેઓએ કોર્ટમાં રજુ કરેલ ત્યારે પાયલબેનને તમો ઘરે લઇ આવેલા હતા કે કેમ ? જવાબ–હા. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓની સરતપાસમાં પાયલબેન પ્રેમજીભાઇ વેગડ અન્વયેની કોઇ હકીકત જણાવેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે પાયલબેનનું મેઇન્ટેનન્સ તેઓ કરે છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે નામ.સુપ્રિમકોર્ટની ગાઇડલાઇન મુજબના સોગંદનામામાં તેઓ પાયલબેન પ્રેમજીભાઇ તેઓના અશ્રિત છે તેવું જાહરે કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે પાયલબેન પ્રેમજીભાઇ વેગડને લગ્ન કરીને તેઓના ઘરે લઇ આવેલ છે તેવા આક્ષેપો કરતી અરજી અરજદાર સંગતીબેને બગોદરા પોલીસ સ્ટેશનમાં કરેલલી છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે આ અરજી સંબંધે પોલીસે તેઓને બગોદરા પોલીસ સ્ટેશને બોલાવેલો. એ વાતનો સ્વીકાર કરેલ છે કે પોલીસે તેઓના મીઠાપુર ગામના તથા અરજદારના ગામ જાખડાના તથા તેઓના સમાજના આગેવાનોને પોલીસે પોલીસ સ્ટેશનમાં બોલાવેલા. તેઓ કોઇ આગેવાનોના નામ જાણતો નથી. તેઓ જાખડા ગામના ભાજપના ધરાસભ્ય કાળુભાઇને ઓળખે છે. જે તેઓની સમાજના છે. એ વાતનો

સ્વીકાર કરેલ છે કે એ લોકો એવુ કહેતા હતા કે આ મુદ્દાનો તેઓ નિકાલ કરી આપીશું. આ બધી ચર્ચાઓ તેઓની રૂબરૂમાં થયેલી. સવાલ–કાળુભાઇ ધારાસભ્ય તથા તમામ આગેવાનોની મધ્યસ્થા થયા પછી પોલીસે તમારો જવાબ લીધેલો ? જવાબ– એ વાતનો સ્વીકાર કરેલ છે કે એક માસ બાદ પોલીસે તેઓનો જવાબ લીધેલો. એ વાતનો સ્વીકાર કરેલ છેકે આ જવાબ લીધા પહેલા પોલીસે તેઓને બે વાર બોલાવેલા. એ વાતનો ઇન્કાર કરેલ છે કે તમામ આગેવાનોએ એ વાત તેઓની રૂબરૂમાં કબુલ કરેલી કે પાયલબેન પ્રેમજીભાઇ વેગડ સાથે લગ્ન કરેલા છે. એ વાતનો ઇન્કાર કરેલ છે કે જો આ આગેવાનોએ મધ્યસ્થ ના કરી હોત અને આ પ્રશ્નનો નિકાલ ન કર્યો હોત તો પોલીસ તેઓની સામે એક લગ્ન ચાલુ છે તેમ છતાં બીજા લગ્ન કરવાનો ગુનો પોલીસ દાખલ કરતી હતી. તેઓને નિ.૩૭/૧ બતાવવામાં આવેલ છે જે પોલીસ રૂબરૂ તા.૧૨.૬.૨૫ ના રોજનો જવાબ છે જેમાં તેઓની સહી છે અને જે ઝેરોક્ષ કોપી છે. અરજદાર સંગીતાબેનનો જવાબ તા.૪.૭.૨૫ ના રોજ લીધેલ તે અન્વયનો નિ.૩૭/૨ થી બતાવવામાં આવેલ જેની ખબર નથી. એ વાતની તેઓને ખબર નથી કે આગેવાનોએ પશ્ન પુરો કરી દેવાની જવાબદારી લીધા પછી અને તેઓનો જવાબ લીધા પછી અરજદાર સંગીતાબેનનો જવાબ લઇ અરજી માંડવાળ કરી દીધેલી. તેઓ કાળુભાઇ ધારાભાસભ્યને તેઓના સાક્ષી તરીકે નામદાર કોર્ટમાં લાવીને તપાસવા માંગતા નથી. બાબુભાઇ ગગુભાઇ તેઓના પિતાશ્રી થાય છે. ભગવાનસંગ ગગુભાઇ તેઓના કાકા થાય છે. સામંતભાઇ તેઓના કાકા થાય છે. એવાતનો સ્વીકાર કરેલ છે કે તેઓ તેઓના બાપુજીની ખેતીની જમીનના ૭/૧૨ તથા ૭–અ ના ઉતારા જોવાનો કયારેય પ્રયત્ન કરેલ નથી. તેઓને એ વાત યાદ નથી કે તેઓના સસરા સવજીભાઇ ચૌહાણના ૭/૧૨ તથા ૮– જોવાન પ્રસગ પડયો હોય. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓ તેઓના સસરા સવજીભાઇ ચૌહાણના ૭/૧૨,૮–અ રજુ કરેલા છે. સવાલ–તેઓના આંક–૧૨ વાળો દસ્તાવેજ બતાવવામાં આવેલ જે વાંચવાનું કહેતા જે ૭/૧૨ નો દસ્તાવેજ છે તે અંગે

તમારે શું કહેવું છે ? જવાબ–તેમા તેમનુ નામ છે. તે સિવાયની હકીકત તેઓને ખબર નથી અને તે વાંચીને પણ કહી શકે નહી. સવાલ–તેઓને આંક–૧૩ વાળો દસ્તાવેજ બતાવવામાં આવેલ જે વાંચવાનું કહેતા જે ૭/૧૨ નો દસ્તાવેજ છે તે અંગે તમારે શુ કહેવું છે ? જવાબ–તેમાં તેઓના પિતાનું નામ છે. તે સિવાયની હકીકત તેઓને ખબર નથી અને તે વાંચીને પણ કહી શકે નહી. તેઓ સંગીતાબેન સાથે ગામમાં જ રહેતા હતા. આજદિન સુધી તેઓ સંયુકત કુટુંબમા રહયા નથી. તેઓ તેઓના પિતાશ્રીને કયારેય પણ એવું કીધુ નથી કે પપ્પા તમારી પાસે ૨૫૦–૩૦૦ વિઘા જમીન છે તો તેઓ જુદા રહે છે તો તેમને ભાગ આપો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ૨૫૦ થી ૩૦૦ વિઘા જમીન તેઓના પિતા પાસે નથી. તેઓએ તેઓના પપ્પાને મિલકત મેળવવા કોઇ લીગલ નોટીસ આપેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે આજદિન સુધી તેઓએ તેઓના પિતી મીલકતં ભાગ મેળવવા કોઇ દાવો કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે સંગીતાબેને તેઓની સામે જે અરજી કરી તેમાં તેઓનુ અને તેઓના કુટુબના સભ્યોનું સરનામું એક જ છે. તેઓ જે જવાબ રજુ કરેલો તે તેઓએ વાંચેલો કે કેમ તે તેઓને હાલ યાદ નથી. તેઓએ સરતપાસમાં શું લખાવેલું તે પણ તેઓને યાદ નથી. તેઓએ તેઓના પિતાની મિલકત અન્વયેના કોઇ દસ્તાવેજ રજુ કરવા રાજી નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓ તથા તેઓના પત્ની સંગીતાબેન વચ્ચેની કોર્ટ કાર્યવાહી સને ૨૦૧૩ થી થયેલ છે. એ વાત હલા તેઓને યાદ નથી કે વ.શ્રી આર.સી.પરમાર મારફત તેઓને તેઓની પત્નીને તેડી જવાની લીગલ નોટીસ આપેલ કે કેમ. તેમને નિ.૩/૧ બતાવવામાં આવેલ જે જોઇ જણાવેલ કે કઇ નોટીસ છે તે તેઓને યાદ નથી. નિ.૩/૧ ની જે નોટીસ બાબતે પુછવામાં આવે છે તે અન્વયેની કોઇ હકીકત તેમને યાદ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓ તેઓના પત્ની સામે છુટાછેડા મેળવવા તથા બાળકનો કબજો મેળવવા કેસ કરેલ છે. એ વાતનો ઇન્કાર કરેલ છે કે કોર્ટની દરમ્યાનગીરીથી અને સારા માણસો વચ્ચે પડવાથી બધા કેસો પડતા મુકવાના અને બંનેને

ભેગા થવાનું નકકી કરેલું. સવાલ–આ બધા કેસો કયા કારણસોર પડતા મુકેલા ? જવાબ–સંગીતાબેને રજુઆત કરેલી કે તેઓ તેઓનો એક કેસ પાછો ખેંચી લઉ તમે તમાર બંને કેસો પાછા ખેંચી લો કોઇ શરત વગર. જે કેસો પાછા ખેંચી લીધેલા તે કઇ સાલમાં ખેંચી લીધેલા તે યાદ નથી. તેઓને એ યાદ નથી કે સને ૨૦૧૭ માં બધા કેસો પાછા ખેંચી લીધેલ કે કેમ. તેઓને એ યાદ નથી કે તા.૯.૧૧.૨૦૧૭ ના રોજ સી.એમ.એ.નં.૧૬૬/૧૪ કેસ પાછો ખેંચી લીધેલ કે કેમ ? તેઓને એ ખબર નથી કે હાલનો કેસ ૨૦૧૮ મા દાખલ થયેલ છે કે કેમ એ વાતનો સ્વીકાર કરેલ છે કે સને ૨૦૨૦ સુધી તેઓએ સંગીતાબેન સામે કોઇ કોર્ટ કાર્યવાહી કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ ૨૦૧૭ બાદ ૨૦૨૦ સુધી કોઇ લીગલ નોટીસ સંગીતાબેનને આપેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ૨૦૦૫ બાદ તેઓ તેઓની પત્ની સાથે શારીરીક સંબંધ આજદિન સુધી નથી. સવાલ–સંગતીબને તમો જે શરતો જણાવો તે શરતો સ્વીકારી તમારી સાથે આવવા તૈયાર હોય તો તમે તૈયાર છો ? જવાબ– તેઓ આજદિન સુધી હજુ તૈયાર નથી કારણ કે તેઓની સાથે એક વર્ષ દરમ્યાન ઘણી ક્રુરતા કરેલ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ તેઓની પત્ની સામે ક્રુરતા અંગેની ફરીયાદ કરેલ નથી.

એ વાત હાલ મને યાદ નથી કે સંગીતાબેને મારી સામે જે સને 2018 માં ઘરેલુ હિસાની ફરીયાદ કરેલી તે ફરીયાદ/અરજીની હકીકત મે વાંચેલી કે કેમ. મને યાદ નથી કે સદર ફરીયાદ/અરજીમાં મારા પિતાશ્રીને તથા મારા માતૃશ્રીને પક્ષકાર બનાવેલા, એ વાત ખરી છે કે મે મારો જવાબ રજુ કરેલ છે. એ વાત મને યાદ નથી કે મારા માતા પિતાએ જવાબ રજુ કરેલ કે કેમ. એ વાત ખરી છે કે હુ મારા પિતાશ્રીને સદર કામમાં સાક્ષી તરીકે તપાસવા માંગતો નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા પિતાશ્રીને પેરાલીસીસ થયેલ છે. હુ મારા માતૃશ્રીને સદર કામમાં સાક્ષી તરીકે તપાસવા માંગતો નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓને વા અને સાંધાની બિમારી છે. હુ મારા પિતાશ્રીના જમીનના દાખલાઓ લઈને તલાટી કમ મંત્રીશ્રી લઈને આવે તે માટે

મારા સાક્ષી તરીકે તલાટી કમ મંત્રીશ્રીને તપાસવા માંગતો નથી. હુ મારા ગામના સરપંચશ્રીને સાક્ષી તરીકે તપાસવા માંગતો નથી. એ વાત ખરી નથી કે હુ તલાટી કમ મંત્રીશ્રી તથા સરપંચશ્રીને એટલા માટે નામ. કોર્ટમાં તપાસવા માંગતો નથી કારણ કે મારા પિતાશ્રીના નામે 250 થી 300 વીઘા ખેતીની જમીન છે તે સત્ય હકીકત નામ. કોર્ટના રેકર્ડ પર આવે. મને નિ. 43/1 બતાવવામાં આવતા તે જોઈને કહુ છુ કે તેમાં ક્ષેત્રફળ 2-02-22 દર્શાવેલ છે. જે ગામ નમુના નં. 7 સર્વે નં. 1570 ની કોમ્પ્યુટરાઈઝડ કોપી છે.મને નિ. 43/2 બતાવવામાં આવતા તે જોઈને કહુ છુ કે તેમાં કબ્જેદારની કોલમમાં બાબુભાઈ ગગુભાઈ, ભગવાનસંગ ગગુભાઈ અને સામંતસંગ ગગુભાઈના સંયુક્ત નામે છે. જેનુ ક્ષેત્રફળ 1-65-28 દર્શાવેલ છે. જે ગામ નમુના નં. 7 સર્વે નં. 1578 ની કોમ્પ્યુટરાઈઝડ કોપી છે.મને નિ. 43/3 થી નિ. 43/6 બતાવવામાં આવતા તે જોઈને કહુ છુ કે તે ગ્રામ નમુના 8 અ ની કોમ્પ્યુટરાઈઝ્ઝડ કોપી છે. જે અનુક્રમે ખાતા નં. 450, 451, 932 અને 933 છે. ઉપરોક્ત તમામ નિશાની વાળા દસ્તાવેજ રેવન્યુ રેકર્ડ હોઈ અને પબ્લિક ડોક્યુમેન્ટ હોઈ સામાપકશે વાંધો લીધેલ જે વાંધો ધ્યાને લઈ સદર સદર રેવન્યુ રેકર્ડને પુરવાર કરવાની શરતે દાખલ આંક. ૪૪ થી ૪૯..આપવામાં આવે છે. વધુમાં સદર દસ્તાવેજની વિશ્વસનીયતા, પ્રસ્તુતા અને ગ્રાહ્યતા કેસના આખરી ચુકાદાને અનુસરશે..એ વાત ખરી છે કે હું નામ. સુપ્રીમ કોટની ગાઈડલાઈન પ્રમાણે સોગંદનામું કરવા હકીકત આપવા ગયેલો ત્યારે હુ સંપુર્ણ સભાન અવસ્થામાં હતો.સવાલ- તમોએ નામ. સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન પ્રમાણે મેં રજુ કરેલ સોગંદનામાના પેઝ નં. 8, પેરા-જે માં 2 નંબર માં લખેલ વિગત મુજબ અરજદાર જાતે તથા પોતાના પિતા/નાનાજી સવજીભાઈ કાભઈભાઈ ચૌહાણની માલીકીની મોજે જાખડા તાલુકો-ધોળકા, જી.અમદાવાદ ખાતે આવેલ ખાતા નં. ૬૧૧ તથા ૬૧૩ ના રેવન્યુ સર્વે નં. 104 તથા 152 બંને નંબર તેમજ અન્ય ખાતેદારોની ખેતીની જમીન ફાર્મે રાખી વાર્ષિક 10 લાખ જેટલી આવક મેળવે છે તે હકીકત તમોએ કયા આધારે લખાવેલી છે? જવાબ- જે હકીકત મે 7/ 12 તૈયા 8 અરજુ કરેલ છે તથા બીજાની જમીન ફાર્મે રાખી તેઓ કામ કરી શકે તેવા સશક્ત છે.હુ સવજીભાઈ કાભઈભાઈની આશરે શું ઉંમર હશે તે હુ કહી શકુ નહી. સંગીતાબેનના માતૃશ્રીનુ નામ હાલ મને યાદ નથી હુ

સવજીભાઈના ધર્મપદની અને સંગીતાબેનની માતૃશ્રીને કેન્સરની બીમારી છે તે હું જાણતો નથી. એ વાતની મને ખબર નથી કે શુભાઈના ધર્મપત્ની કામ કરી શકે તેવા શક્તિમાન નથી. એ વાત ખરી નથી કે મે સવજીભાઈની આવક રુ. દસ લાખ કે જે સુપ્રીમ કોર્ટના સોગંદનામામાં દર્શાવી છે તે ખોટી દર્શાવી છે. સવાલ– તમી લગ્ન કર્યા ત્યારથી આજદિન સુધી ફક્ત છુટક મજુરી કરો છો કે બીજુ કંઈ કામ કરો છો ? જવાબ – છુટક મજુરી મળે ત્યારે મજુરી કરુ છુ અને બાદમાં ટ્રેક્ટર ચલાવવાનું કામ મળે ત્યારે એ વાત ખરી છે કે હુ સોગંદનામું કરાવવા ગયો ત્યારે હુ એ હકીકત જાણતો હતો કે ટ્રેક્ટર ચલાવવાનું કામ મળે ત્યારે કરવા જાઉ છુ..સવાલ– તમો જ્યારે સુપ્રીમ કોર્ટની એફીડેવિટ લખાવવા ગયા ત્યારે ટ્રેક્ટર ચલાવવાનુ કામ ક્યારેક ક્યારેક કરતો હતો તે હકીકત લખાવેલી નથી? જવાબ– લખાવેલ કે કેમ તે છાલ મને યાદ નથી. સવાલ– સુપ્રીમ કોર્ટના એફિડેવિટમાં કુટુંબના આશ્રીત તરીકે માતાપિતાનુ નામ દર્શાવેલ છે અને તેમાં તેમનો માસિક ખચર્ચો 8000/– દર્શાવેલો છે પરંતુ તેમની શું આવક છે અને ખેતી છે કે કેમ તે હકીકત દર્શાવેલી નથી.જવાબ– મારા માતાપિતાની આવક તથા ખેતીની જમીનની માહીતી મને ખબર નથી. એ વાત ખરી છે કે આ મુદ્દત પહેલાની મુદ્દતમાં અને મારી ઉલટતપાસમાં એ હકીકત ધ્યાનમાં આવેલી કે મારા પિતાના નામે ખેતીની જમીન છે.એ વાત ખરી છે કે મે એ વેરિફાય કરેલ નથી કે મારા પિતાની ખેતીની જમીન છે કે આ સંગીતા ખોટા 7/12, 8 લાવી છે.

એ વાત ખરી છે કે મારા પિતાના નામે જે ખેતીની જમીન છે તેમાં હુ ખેતી કરતો નથી. એ વાતની મને ખબર નથી કે મારો ભાઈ મારા પિતાની જમીનમાં ખેતી કરે છે કે કેમ. હુ આ મારા પિતાશ્રીની જમીનો અંગે સત્ય હકીકતો જાણતો હોય તેવો કોઈપણ સાક્ષી તપાસવા માંગતો નથી.

એ વાત ખરી છે કે મારા પુત્ર બ્રિજેશની જન્મ તારીખ 04.07.2005 ની છે. એ વાત ખરી છે કે અરજદારે ભરણપોષણની અરજી 2018 માં કરી ત્યારે બ્રિજેશ સગીર હતો. એ વાત ખરી નથી કે મે અરજદારને મારઝુડ કરીને કાઢી મુકેલા. એ વાત ખરી નથી કે લગ્ન વખતે અરજદાર કરિયાવરમાં સોના ચાંદીના દરદાગીના અરજી પ્રમાણે તથા વાસણ કુષણ, કપડા લત્તા, ફર્નિચર વગેરે લઈને આવેલા. એવુ મારું કહેવુ છે કે

અરજદાર લગ્ન વખતે કપડા સિવાય ઉપરોક્ત જણાયેલ ચીજવસ્તુમાંથી કોઈ વસ્તુ લગ્ન વખતે લાવેલ નથી. એ વાત ખરી છે કે ઉપરોક્ત જણાવેલ ચીજવસ્તુઓ પૈકી કોઈ પણ ચીજવસ્તુ અરજદારને મારુ ઘર છોડયુ ત્યારે લઈ ગયેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે જે અમારા તરફથી ઘરેણા બનાવેલા તે સાથે લઈ ગયેલા. એ વાત ખરી છે કે અરજદાર ગારા ત્યાંથી ઘરેણા લઈ ગયા તો મે આજદિન સુધી કોઈ પોલીસમાં કે કોર્ટમાં અરજી કે ફરીયાદ કરેલ નથી. એ વાતની મને ખબર નથી કે મારી સરતપાસમાં મારી પત્ની ઘરેણા લઈ ગઈછે તેવી હકીકત મે મારા જવાબમાં કે મારી સરવપાસમાં જણાવેલ છે કે કેમ. એ વાત ખરી નથી કે હુ તથા મારા માતા પિતા તથા મારા દાદા નાની નાની બાબતોમાં મહેણા ટોણા મારી વગેરે બાબતે ખાંચા કાઢી ઝગડા કરતા હતા.હુ એ હકીકત જાણતો નથી કે અરજદાર મારે ત્યાં હતા ત્યારે તેઓને ટાઈફોઈડ થયેલો હોય. એ વાત ખરી નથી કે અરજદારને ટાઈફોઈડ થયેલો અને સખત બિમાર હતા તે વખતે શ્રમે અરજદારની કોઈ દરકાર લીધેલ નહી અને જણાવેલ કે તારા બાપને ત્યા જા તારા બાપા તારી સારવાર કરાવશે. એ વાત ખરી નથી કે હુ અરજદાર સામે ખોટા ખોટા વ્હેમ રાખી હુ મારઝુડ કરતો હતો અને હુ જણાવતો હતો કે તુ કોઈને છાનામાના ફોન કરે છે અને તને કોઈ મળવા આવે છે એવો વ્હેમ રાખીને માનસિક અને શારિરિક ત્રાસ આપતા હતા. એ વાત ખરી નથી કે તારીખ ૨૩.૧.૨૦૦૬ ના રોજ અરજદારને તેના દરદાગીના અને કરિયાવરનો સામાન પડાવી લઈને સગીર પુત્ર સાથે કાઢી મુકેલા. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે 2005 ના આખરી મહિનામાં મને કહ્યા વગર અરજદાર તેમની જાતે ચાલી ગયેલા.

એ મને યાદ નથી કે અરજદારે તેની અરજીમાં પેરા ૭ માં જણાવે છે કે મારે(સામાવાળાને) ૨૫૦ વિઘા ખેતી લાયક જમીન છે અને ખેતી માટે ૨ ટ્રેકટર છે અને તે ખેતરમાં ઘઉં ચણા કપાસ વિગેરની ખેતી કરે છે અને વાર્ષિક ૨૦ લાખ ઉપરાંતની ખેતી છે. એ વાતની મને ખબર નથી કે અરજદારની અરજીના પેરા માં જણાવે છે કે અમો સામાવાળાને દુધની આવકમાંથી માસિક રૂ.૫૦૦૦૦ ઉપરાંતની આવક થાય છે. એ વાત ખરી છે કે અરજદાર

સવજીભાઈ કાભઈભાઈ ચૌહાણના માલિકીના પાકા આલીશાન વૈભવશાળી મકાનમાં રહે છે. એ વાતની મને ખબર નથી કે પાકા મકાનમાં અને મકાન જો ભાડે લેવુ હોય તો રૂ.૨૫૦૦૦ થી ૫૦૦૦૦ જેવું ભાડુ થાય. સવાલ– કોઈ પણ પરણીત દિકરી સામાન્ય રીતે તેના પિયરમાં રહે નહી તે વિશે શું કહેવુ છે? જવાબ– અરજદાર તેમની રીતે ચાલ્યા ગયા છે. એ વાત ખરી છે કે અરજદારે તેની અરજીમાં ભાડાની માંગણી પણ કરેલ છે. એ વાત એ વાત ખરી નથી કે હું મીઠાપુર ગામનો ખુબ મોટો ખેડુત છુ અને મારે માલિકીના અને કબજાના ટ્રેક્ટરો છે અને હાર્વેસ્ટર મશીન મારી માલીકીનું છે અને હુ મારા પિતાની તમામ ખેતી ની જમીન છે કે જે ૨૫૦ થી ૩૦૦ વીઘા છે તે સંભાળુ છુ અને વાર્ષિક ઘઉં, ચણા અને ડાંગર વાવી વાર્ષિક ૨૦ લાખ રૂપિયા જેવી માતબર રકમ મેળવું છું. એ વાત ખરી નથી કે હું મારી આવક ઇરાદાપુર્વક છુપાવુ છુ કારણ કે મારી પત્નીએ મારી સામે ભરણપોષણના તથા ઘરેલુ હિસાની ફરીયાદ કરેલી છે તેમાં નુકસાન વળતર તેમજ અરજીમાં જણાવ્ય પ્રમાણેની રકમો માંગેલી છે.

એ વાત ખરી નથી કે હું મારી સતપાસમાં તથા જવાબમાં અરજદાર કામ ધંધો કરે છે અને કમાય છે તે હકિકત ખોટી જણાવુ છુ. એ વાત ખરી છે કે અરજદાર કમાય છે તેવો કોઈ લેખિત આધાર મે નામદાર કોર્ટના રેકર્ડ પર આજદીન સુધી મુકેલ નથી. એ વાત ખરી નથી કે અરજદાર નં.૧ અને ૨ નાઓ કમાય છે તે હકિકત હું ઇરદાપુર્વક ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે મે મારા જવાબમાં તથા સરતપાસમાં તથા સુપ્રિમકોર્ટની એફિડેવિટ માં ઇરાદાપુર્વક અરજદાર સામે ખોટા આક્ષેપો કરતી વીગતો જણાવી છે. એ વાત ખરી નથી કે હું સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

(૧૮) ત્યારબાદ સામામવાળા પક્ષે આંક 60 થી નીચે મુજબની દલીલ રજુ કરેલ જેમા તેઓએ હકીકત જણાવેલ કે **"1. અરજદારની અરજી અને તેમાં**

જણાવેલી તમામ હકીકતો, રજુઆતો ખરી નથી અને કાયદેસર નથી જેથી અરજદાર કોઈપણ પ્રકારની રકમ કે ભરણપોષણ મેળવવા હકદાર નથી.

2. અરજદારને આ કે આવા સ્વરૂપની અરજી કરવાનો કાયદેસર હક, અધિકાર ન હોવાથી તે રદ થવાને પાત્ર છે.

૩. અરજદારે કરેલી અરજી અને તેમાં જણાવેલી તમામ હકીકતો શુદ્ધ બુધ્ધિ પર્વક કરેલી ન હોઈ અને માત્ર અને માત્ર અમો સામાવાળાઓને દ્વેષ ભાવથી હેરાન પરેશાન કરી પોતાની મનમાની અને સ્વછંદી રીતે રહેવા અને કોઈનું કહ્યું માનતા ન હોઈ છેલ્લા 20 વર્ષ કરતા પણ વધુ સમય થી કોઈપણ કારણ વિના સામાવાળા નો ત્યાગ કરી દીધેલ હોય અરજદારને સદર અરજી કરવાનો કાયદેસર કોઈ હક ન હોઈ સદર અરજી ખર્ચ સહિત રદ કરવા અમારી દલીલ છે.

4. અરજદાર એ પોતાની અરજીમાં જણાવેલ તમામ હકીકત ઉપજાવી કાઢેલ છે. અમો સામાવાળા ઓએ આજદિન સુધી માં ક્યારેય અરજદાર નં. 1 ને મેણાં–ટોણાં મારેલ નથી,કે અરજદાર ના કામમાં ખાંચા કાઢી સામા. નં. 2 અને 3 નો એ અરજદાર ની સાથે ઝગડો કરેલ હોય કે બાદ માં જયારે અરજદારના પતિ ઘરે આવે ત્યારે અરજદાર વિરુદ્ધ ચઢામણી કરેલ નથી કે ક્યારેય સામા. નં. 1 ના એ માતા – પિતાની ચઢામણી માં આવી અરજદાર ને મારઝૂડ કરેલ નથી કે કાઢી મુકેલ નથી. તેમજ અરજદાર 20 વર્ષ થી અલગ રહેતા હોય જે કોઈ ખોટા આક્ષેપો કરેલ છે તે 20 વર્ષ જુના છે. તેમજ અરજદાર એ કાયદાનો ગેરલાભ ઉઠાવી સામાવાળા પાસેથી પૈસા પડાવવા ના ખોટા બદ ઈરાદા પૂર્વક સામાવાળાની ખોટી આવક, મિલકત–જમીનો જણાવી ખોટી રજૂઆતો કરી મોટી વળતરની રકમ મેળવવા ખોટી રજૂઆતો કરેલ હોય જેથી અરજદાર એ માત્ર ખોટા આક્ષેપો કરી ખોટી અરજી દાખલ કરેલ છે.

5. અરજદારએ સામાવાળાઓ સામે માત્ર સામાન્ય આક્ષેપો કે જે દરેક મેટ્રિમોનિયલ કેસો માં થતા હોય છે તે જ જનરલ આક્ષેપો સામાવાળા ઉપર લગાવેલ છે અને અસ્પષ્ટ આક્ષેપો કર્યા છે. અરજદાર એ કોઈપણ બનાવની કોઈ ચોક્કસ તારીખ, સમય અથવા બનાવ દર્શાવ્યો નથી. માત્ર સામાન્ય આક્ષેપો આધારિત ઘરેલુ હિંસા સાબિત થતી નથી. અરજદાર દ્વારા માત્ર આરોપ મૂકવાથી જ ઘરેલુ હિંસા સાબિત થતી નથી. આરોપ સાબિત કરવાનો ભાર અરજદાર પર જ રહે છે. અરજદારએ પોતાના આક્ષેપોને સાબિત કરવા નામદાર કોર્ટ સમક્ષ કોઈપણ જાતના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ નથી કે કોઈ સાક્ષી તપાસેલ નથી. આ તબક્કે આ માટે અમો સામાવાળા નીચે મુજબના સાઈટેશન્સ રજૂ કરી તે ઉપર આધાર રાખીએ છીએ.પોતાના પુરાવા રજૂ કરેલ નથી કે કોઈ સાક્ષી તપાસેલ નથી. આ તબક્કે આ માટે અમા સામાવાળા નીરો મજબના સાઈટેશન્સ રજૂ કરી તે ઉપર આધાર રાખીએ છીએ.

**(1) Ganga Bhavani @ Gundabattina Ganga Bhavani vs. State of Telangana, 2025(3) Crimes 232 (Tel.)"9. as seen from the record, no time, date and particulars with regard to the alleged harassment made by the petitioner/respondent no. 5 are given and only vague and omnibus allegations are made against the petitioner. Further as per the provisions of DV Act, which is quasi civil In nature, aggrieved person who is in domestic relationship In a shared household at some or the other point with the respondent or petitioner whomsoever, shall only come under the purview of the sald Act for the purpose of domestic violence. In the Instant case, the petitioner-respondent No.5, who is the sister in law of the respondent No.5 resides In America and it is nowhere established that the petitioner- respondent No.5 and respondent No.2 have ever resided in a domestic relationship and lived together In a shared house elther singly or along with petitioner**

**No. 1 at any point of time. Therefore, the Ingredients of the offences under DV Act are not made out.**

**(ii) Ruturaj Mukundbhai Vyas vs. State of Gujarat, 2023(3)Crimes 212 (Guj.)**

**"6. At this stage, it will be frultful to mention the Judgment of the Hon'ble Supreme Court in the case of Preeti Gupta & Anr. (supra), wherein it is observed in paragraph 33 thus:-**

**"33. The ultimate object of justice is to find out the truth and punish the guilty and protect the Innocent. To find out the truth is a herculean task in majority of these complaints. The tendency of Implicating husband and all his Immediate relations is also not uncommon. At times, even after the conclusion of criminal trial, it is difficult to ascertain the real truth. The courts have to be extremely careful and cautious In dealing with these complaints and must take pragmatic realities Into consideration while dealing with matrimonial cases. The allegations of harassment of husband's close relations who had been living in different cities and never visited or rarely visited the place where the complainant resided would have an entirely different complexion. The allegations of the complaint are required to be scrutinized with great care and circumspection. Experience reveals that long and protracted criminal trials lead to rancour, acrimony and bitterness in the relationship amongst the parties. It is also a matter of common knowledge that In cases filed by the complainant If the husband or the husband's relations had to**

**remain in jall even for a few days, It would ruin the chances of amicable settlement altogether. The process of suffering is extremely long and painful."**

**8. In view of the above and on perusing the contents of the FIR, It appears that the applicant no.1 and other family members of the applicant no.1 are unnecessary roped In by the complainant and there are casual references made by her without allegations of active Involvement and no specific Instances are narrated by the complainant. No specific detalls are stated in the FIR. The allegations against the applicant nos.2 to 4, who are father-In-law, mother-in-law and sister-in-law, are also general and vague and are bereft of specific instances. There is no active Involvement established of the applicants in meting out cruelty from the contents of the F.I.R."**

6. ખરી હકીકતે આ કામના અરજદાર સાથે અમો સામાવાળા નં. 1 ના લગ્ન તા. 24/04/2004 ના રોજ થયેલા અને ત્યારબાદ અરજદારને અમો સમાવાળા સાથે લગ્નના પહેલા દિવસથી તકરાર હતી અને સામાવાળા નં. 1 લગ્નના પહેલા દિવસથી જ અરજદાર સાથે અમારા માવતર થી અલગ નળિયાવાળા કાચા મકાનમાં રહેતા હતા. આ કામના અરજદાર અમો સાથે લગ્ન બાદ પોતાના પિયર માંથી આપેલ કપડા- લત્તા તથા કરિયાવર ની અન્ય થોડી ઘણી ચીજ વસ્તુઓ લઈને રહેવા આવેલા. પરંતુ તેઓ પોતાના પિયર માંથી કોઈ સોના ચાંદીના દાગીના ઓ લાવેલ નથી અને તેથી સદર હકીકત અરજદારે તેઓ ની અરજીમાં તદ્દન ખોટી જણાવેલ છે. ખરી હકીકતે અમોની જ્ઞાતિમા સામવાળા ઓ એ ઘરેણા વહને ચઢાવવાનો રિવાજ હોય છે જેથી સદર રિવાજ મુજબ અમો સામાવાળાઓ એ અરજદાર માટે 10 થી 20 તોલાના સોનાના દાગીનાઓ તથા ચાંદીના દાગીનાઓ લગ્ન સમયે અરજદાર

ને આપેલા. જે ત્યારથી અરજદાર પાસે જ હતા અને આ દાગીનાઓ અરજદાર જયારે ઘર છોડી ગયા ત્યારે પોતાની સાથે પિયર લઇ ગયેલ છે. અરજદારને તેમના પિયર તરફથી કોઈ દાગીના મળેલ નથી.

7. અમો સામાવાળા તથા અરજદાર બંનેનું લગ્ન જીવન શરૂઆત ના પહેલા દિવસથી જ સારી રીતે ચાલેલ નથી તેમ જ અમે બંને વચ્ચે ક્યારેય મનમેળ થયેલો જ નથી. તેમ જ આ કામના અરજદાર પહેલેથી જ પોતાનું ધાર્યું કરવાવાળા તેમજ સ્વચ્છંદી સ્વભાવના હોવાથી ક્યારેય કોઈનું સાંભળતા નહીં અને અમો સામાવાળા સાથે રોજ રોજ નવા બહાનાઓ કાઢી કાયમ માટે નાની નાની બાબતોમાં ઝઘડો કર્યા કરતા અને પોતાને જે ઠીક લાગે તેમ જ કરવાનું આ એક પ્રકારનો અરજદારનો સ્વભાવ હતો. અને અરજદાર પોતાના પિયર માં ગમે ત્યારે ફોન કરીને પોતાને તેડવા માટે તેમના ઘરેથી કોઈને બોલાવી લેતા અને અમો સામાવાળા ઓ ને કહ્યા વગર ગમે ત્યારે કોઈપણ કારણ વિના પોતાના પિયર ચાલ્યા જતા હતા. અને તેમ કરવામાં અરજદારના કુટુંબીજનો પણ અરજદારને સાથ આપતા હતા અને જ્યારે અમો સામાવાળા અરજદાર ને તેડવા જતા ત્યારે અરજદારના નહીં. અને કુટુંબીજનો અરજદાર સિવાય અમો કોઈ પણ સામાવાળા ની વાત સાંભળતા આમ આ અરજદારની એક ટેવ પડી ગયેલ હતી.. જયારે પણ અરજદાર અમો સામાવાળા સાથે હોય ત્યારે અરજદાર ક્યારેય ઘરના કામમાં રસ લેતા નહીં તેમજ રસોડાની બાબતમાં પણ અરજદાર તેમના મૂડના આધારે રસોઈ બનાવતા. જો તેમનો મૂડ હોય તો જ તેઓ રસોઈ બનાવતા, નહિતર કાયમ કોઈને કોઈ બીમારી નું બહાનું કાઢીને ઘરમાં સૂઈ રહેતા અને જયારે અમો સામાવાળા અરજદારને દવાખાને લઈ જવાની વાત કરીએ તો કોઈપણ જાતનો પ્રત્યુતર આપતા નહીં અને ફરી પોતાના પિયરમાં ફોન કરી કોઈને બોલાવી ને અમો સામાવાળા ને જાણ કર્યા વગર પિયર જતા રહેતા અને કહેતા કે તમારી જરૂર નથી, મારી દવા હું જાતે કરાવી લઈશ, તમારે મારી ચિંતા કરવાની જરૂર નથી. તેવા પ્રકારના

કથનો કરતા અને પોતાના પિયર ચાલ્યા જ હતા. આમ, અરજદાર એ ક્યારેય એક પત્ની તરીકે ની પોતાની કોઈ પણ જવાબદારી નિભાવેલ નથી, અમો સામાવાળા નં. 1 ને ક્યારેય પતિ– પત્ની તરીકે અરજદાર એ પ્રેમ, હૂંફ કે લાગણી બતાવેલ નથી કે તે રીતે અમો સાથે રહેલ નથી. અને તે રીતે જયારે અરજદાર એ એક પત્ની તરીકે કોઈજ જવાબદારી નિભાવેલ ન હોય અને અરજદાર એ સદર ફરિયાદ માત્ર કાયદાનો દુરુપયોગ કરી અમો સામાવાળા ઓને હેરાન પરેશાન કરવા કરેલ હોય, અરજદાર ને અમો સામાવાળાઓ વિરુદ્ધ કાયદેસર અરજી કરવાનું કારણ ઉપસ્થિત થયેલ ના હોવાથી અરજદારની સદર ફરિયાદ રદ થવાને પાત્ર છે.

8. ત્યારબાદ સમય જતા તા. 04/07/2005 ના રોજ અરજદારના પિયરમાં અમારા પુત્ર બ્રિજેશ નો જન્મ થયેલો અને અમોના પુત્રના જન્મ બાદ અરજદાર સવા મહિને અમો સમાવાળાના ઘરે આવેલા અને આશરે પાંચ મહિના જેટલું માંડ અમો સામાવાળા ને ત્યાં રહેલા. અને પછી ડીસેમ્બર 2005 માં અમારા પુત્ર ને સાથે લઈ પોતાના પિયર સ્વેચ્છાએ ચાલ્યા ગયેલા. અને ત્યારબાદ આજ દિન સુધી અરજદાર અમો સામાવાળા થી અલગ કોઈ વ્યાજબી કારણ વિના પોતાના પિયર રહેતા આવ્યા છે અને ત્યારબાદ આજ દિન સુધી અમો સામાવાળા નં. 1 સાથે પતિ–પત્ની તરીકે નો કોઈ પણ સંબંધ રાખેલ નથી. અને ત્યારબાદ થી અમો સામાવાળાઓ ને પુત્ર બ્રિજેશ ને મળવા કે રમાડવા દીધેલ નહિ, અને તે રીતે અરજદાર એ અમો સામાવાળા નં. 1 ને પોતાના પુત્ર, અને સામાવાળા નં. 2 અને 3 ને તેમના પૌત્ર થી પણ અલગ રાખેલ છે અને અમો સામાવાળા ઓ ની બ્રિજેશ પ્રત્યેની લાગણી ઓ ને કયારેય સમજેલા નથી અને બ્રિજેશ સાથે સમય વિતાવા દીધેલ નહિ. અને આમ, અરજદાર એ અમો સામાવાળા ઓના એક પિતા અને દાદા–દાદી તરીકે ના તમામ હકો, ઈચ્છાઓ લાગણી ઓ છીનવી લીધેલ છે. અને તેજ રીતે અરજદારના કારણે પુત્ર બ્રિજેશ તેના પિતા, અને દાદા–દાદી ના પ્રેમ

અને લાગણી થી વંચિત રહેલ છે. તેમ છતાં અરજદાર ને આજદિન સુધી લેશ માત્ર નો પણ પશ્ચતાપ કે પસ્તાવો નથી. અને ક્યારેય પોતાના વર્તન માં સુધારો કરેલ નથી. તે ઉપરાંત બ્રિજેશ જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ અરજદાર એ બ્રિજેશ ને અમો સામાવાળાઓ વિષે ખોટી કાન ભંભેરણી કરતા અને એકતરફી વાતો કરી, એક સારા પુત્ર તરીકેનો ઉછેર કરેલ નથી, અને જયારે અમો બ્રિજેશ સાથે મળવા અને વાત કરવા અરજદાર ને કહેતા તો અરજદાર બ્રિજેશ દ્ધારા ફોન ઉપર પણ અમો ને ખોટી ખોટી ધમકીઓ અપાવતા. અને અમો વિરુદ્ધ ની ખોટી હકીકતો ઉપજાવી અમારા પુત્રને અમારી વિરુદ્ધ ઉપસાવતા. જેથી બ્રિજેશ અમો સાથે પ્રેમ થી વાત કરતો નહિ. આમ, અરજદાર એક પત્ની તરીકે જ નહિ પરંતુ એક સારી માતા તરીકે પણ પોતાના પુત્રને સારા સંસ્કાર આપેલ નહિ તેમજ એક માતા તરીકે પુત્ર ને સારું શિક્ષણ પણ આપેલ નથી અને જેના લીધે બ્રિજેશ માત્ર ધો. 10 સુધી ભણેલ છે અને ત્યારબાદ આગળ ભણવાનું છોડી દીધેલ છે અને હાલ પોતાના પુત્ર પાસે ખેતી મજૂરી કામ કરાવે છે. આમ, અરજદાર નં. 1 એ એક સારા માતા તરીકે પોતાના બાળક ને વધુ સારું ભણવા અને એક માતા તરીકે પોતે પોતાના બાળકના ઉજ્જવળ ભવિષ્ય અને શૈક્ષણિક કારકિર્દી બાબતે તદ્દન દુર્લક્ષ્ય સેવેલ છે.

9. જયારે અરજદાર અમો સામાવાળા સાથે જેટલો સમય રહેતા હતા ત્યારે અમો પતિ તરીકે અરજદાર ને ક્યારેય કોઈ વાત સમજાવવા નો પ્રયાસ કરતા તો અરજદાર હંમેશા તે બાબતનો વિરોધ કરતા અને અમારી કોઈપણ પ્રકારની વાત સાંભળતા નહિ અને કહેતા કે મને કાંઈ કહેવાનું નહિ અને વારંવાર આત્મહત્યા કરવાનું કહી ને ઘરના દરેક સભ્યોને ફસાવી દેવાની ધમકીઓ આપતા અને અમોને કાયમ માટે ત્યાગ કરી પોતાના માવતરે ચાલ્યા જશે તે પ્રકારની પણ ધમકીઓ આપતા. જે રીતે અરજદારે ઘરકામ બાબતે, રસોઈ બાબતે કે અન્ય કોઈ અમારા જીવનને લગતા નાના-મોટા

કામકાજ બાબતે અમો સામાવાળાની કોઈપણ વાત માનતા નહિ. અરજદાર અમો સામાવાળા નં. 1 સાથે રહ્યા તે સમયમાં પણ અરજદાર અમો સામાવાળા ને ભાગ્યે જ જાતીય સંબંધ બાંધવા સંમતિ આપતા અને પુત્ર ના જન્મ બાદ થી આજદિન સુધી અમો અરજદાર એ ક્યારેય અમો સાથે જાતીય સંબંધ રાખેલ નથી.

તેમજ અરજદાર હંમેશા અમો સામાવાળા નં. 1 ના ચરિત્ર અંગે શંકા કરી ઘણી વાર જાહેરમાં અપમાનિત કરેલ છે અને કહેલ છે કે તમારા કરતા વાઘરી અને પઢારો ની જિંદગી સારી છે અને વારંવાર જાહેરમાં એવું પણ કહેલ છે કે મારા બાપાએ મને તારી સાથે ક્યાંથી ભટકાડી દીધી છે તે ખબર પડતી નથી. અને ન બોલાય તેવા શબ્દો જાહેરમાં અમો સામાવાળા ને બોલી ને તુંકારાઓ એટલેકે તોછડેથી બોલીને અપમાનિત કરેલ છે અને જો ક્યારેક અરજદારને અમોના ગામના ઝાંપે પાણી ભરવા જવું પડતું તો ત્યારે ઘણીવાર અમો સામાવાળા ના નામના જાહેરમાં છાજીયા લેતાં [હિન્દુ ધર્મમાં પતિ ગુજરી જાય ત્યારે ગુજારનાર પાછળ સ્ત્રીઓ દ્વારા છાજીયા લેવામાં આવે છે.] અને કહેલ કે, મને તો મારા બાપાએ નરકમાં ધકેલી દીધેલ છે. આના કરતા તો મરી જવું સારું એમ ભૂંડા શબ્દો બોલી અમો સામાવાળા નં. 1 ના મૃત્યુ પામેલ હોય તે રીતે અમોના નામના જાહેર માં છાજીયા લીધેલ છે. અને અરજદાર અમો સામાવાળા નં. 1 ના ઉપર ચારિત્ર બાબતે આક્ષેપો કરેલા છે કે "મારો ભાયડો તો કેટલીય રાંડુ ને લઈને રખડે છે..." તે પ્રકારના અમો સામાવાળા ઉપર ચરિત્ર બાબતે આક્ષેપો કરેલા છે. અને જયારે પણ અરજદાર આ પ્રકારનું વર્તન કરે ત્યારે તેઓ કઈ જગ્યાએ એટલે કે જાહેરમાં બોલે છે તે અંગેનું પણ ભાન રહેતું નહિ અને તેના કપડાંનું પણ ભાન રહેતું નહિ. આમ, અરજદાર જેટલો સમય અમારી સાથે રહ્યા ત્યારે અમોને એટલી હદે માનસિક ત્રાસ પહોચાડેલ છે કે હાલ અમો તે સમય યાદ કરીએ તો પણ અમોને ઘણું દુઃખ થાય છે અને અમો રડી પડીએ છીએ. જે રીતે અમોના લગ્ન જીવનના સંબંધો

અરજદારના જીદી તથા ઝગડાળુ સ્વભાવ તથા તેઓના કુટુંબીજનો ની ખોટી ચઢામણી ના કારણે ખુબજ ખરાબ રીતે બગડી ગયેલ છે. જેથી હવે અમો સામાવાળા અરજદાર સાથે રહી શકીએ તેમ નથી અને તે અરજદાર જાણતા હોય તેઓએ અમોને માનસિક તેમજ નાણાકીય રીતે માત્ર હેરાન પરેશાન કરવા ના ઈરાદાથી સદર ખોટી ફરિયાદ દાખલ કરેલ છે.

10. અરજદારએ પોતાના આક્ષેપોને સાબિત કરવા નામદાર કોર્ટ સમક્ષ કોઈપણ જાતના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ નથી કે કોઈ સાક્ષી તપાસેલ નથી. અરજદાર એ **Ex.** 30 થી પોતાની જુબાની આપેલ છે. જેમાં પણ અરજદાર એ સામાવાળા ઓ વિરુદ્ધ માં ખોટી અને ઉપજાવી કાઢેલ હકીકતો રજૂ કરી છે. અને અરજદાર એ કોઈપણ બનાવની કોઈ ચોક્કસ તારીખ, સમય અથવા બનાવ દર્શાવ્યો નથી.અરજદાર તેમની તા. 04/02/25 ના ઉલટ–તપાસમાં તેમની જન્મ તારીખ પૂછતાં તેમની જન્મ તા. 04/11/1988 જણાવે છે અને સામાવાળા ના વકીલ શ્રી દ્વારા અરજદાર પાસે જન્મ નો દાખલો કોર્ટમાં રજ કરવા પૂછતાં તેઓએ દસ્તાવેજ કોર્ટમાં રજૂ કરવા ના પડેલ. ત્યાર બાદ અમો સામાવાળા દ્વારા નામદાર કોર્ટને **Ex.** 51 થી અરજદારનું જન્મ પ્રમાણપત્ર નામદાર કોર્ટમાં રજૂ કરવા પ્રોડક્શન અરજી કરેલ અને તેથી અરજદાર એ **Ex.** 53 થી જાખડા તલાટી–કમ–મંત્રી દ્વારા આપવામાં આવેલ અપ્રાપ્ય પ્રમાણપત્ર રજ કરવા આવેલ છે જે પ્રમાણપત્ર મુજબ સવજીભાઈ ચૌહાણ ની પુત્રી સંગીતાબેન ના જન્મ માટે **11/04/1986** ના રોજ જન્મ્યા હોવાનો બનાવ નોંધાવેલ નથી. આમ, અરજદાર એ પોતાની સાચી જન્મ તારીખ તા. **04/11/1986** ની હોય અને તેથી લગ્ન તા. **24/04/2004** ના રોજ અરજદાર માત્ર 17 વર્ષ અને 6 મહિના હોય પોતાની સાચી જન્મ તારીખ છુપાવવા માટે તા. **11/04/1986** નો જન્મપ્રમાણપત્ર માંગેલ અને તે દિવસનું જન્મ પ્રમાણપત્ર મળી આવેલ નથી. આમ, અરજદાર એ લગ્ન સમયે સગીર વયના હતા. તેવી હકીકત અમો સામાવાળાઓ થી

છપાવેલ હતી અને અમો સામાવાળા નં. 1 સાથે ખોટી રીતે લગ્ન કરેલ છે. અરજદાર એ આજદિન સુધી અમોને તેમની સાચી જન્મ તારીખ જણાવેલ નહિ.તે ઉપરાંત અરજદાર પોતાની ઉલટ–તપાસમાં અનેક વખત કાબુલ કરે છે કે તેઓ લગ્ન બાદ માત્ર 1 વર્ષ જેટલો સમય જ કટકે કટકે સાથે રહેલા અને ત્યારબાદ તેઓ સામાવાળા નં. 1 સાથે ક્યારેય સાથે રહેલ નથી. આમ,અરજદાર એ છુટ્ટા થયા ના લગભગ **13-14** વર્ષ બાદ **2018** માં ખોટી હકીકત દર્શાવતી અમો સામાવાળાઓ વિરુદ્ધ ફરિયાદ કરેલ છે. જેથી અરજદાર ની સદર ફરિયાદ રદ થવાને પાત્ર છે.તે ઉપરાંત અરજદાર એ પોતાની તા. **19/02/25** ના રોજ કરેલ વધુ સર–તપાસ માં જણાવે છે કે "મારો પુત્ર ધોરણ –7 માં અભ્યાસ કરતો હોવાથી તેના અભ્યાસ પાછળ પણ ખુબજ ખર્ચ થાય છે અને તેની શાળાની કી. ટ્યુશન ફી. સ્કુલ યુનિફોર્મ. રીક્ષા ભાડું. ઉછેર. દવાઓ વિગેરે નો ખુબજ ખર્ચ થાય છે" જે સદર ખોટી હકીકતો દર્શાવવામાં આવી છે. જયારે અરજદાર એ પોતાની વધુ સર–તપાસની એફિડેવિટ રજ કરી ત્યારે પુત્ર બ્રિજેશ પુખ્ત વય નો થઈ ગયેલ અને તે ધો. 10 નો અભ્યાસ પણ કરી લીધેલ અને ત્યારબાદ આગળ ભણેલ નથી. અને તે અરજદાર એ પોતાની ઉલટ–તપાસ માં સ્વીકારેલ છે. આમ, અરજદાર એ નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરતી ખોટી હકીકતો રજુ કરેલ છે.

11. તે ઉપરાંત અરજદાર એ **Ex. 28** થી મિલ્કત અને જવાબદારી અંગેનું સોગંદનામું રજૂ. કરેલ છે જેમાં અરજદાર એ પોતાની સાચી હકીકત સોગંદ પર જાહેર કરવાની હોય છે પરંતુ અરજદાર એ કેટલી કે માહિતી ઓ નામદાર કોર્ટ સમક્ષ છુપાવેલ છે /ખોટી જાહેર કરેલ છે. જેમાં

(1) પેરા નં. **A(4)** માં અરજદાર એ પોતાનું રહેણાંક પિયર/સાસરે/અલગ નિવાસ સ્થાન, તેનું સરનામું અને તેની માલિકી ની માહિતી, વગેરે જાણવાનું હોય છે પરતું અરજદાર એ તે અંગેની કોઈ પણ માહિતી સોગંદ ઉપર જણાવેલ

નથી અને નામદાર કોર્ટ થી છુપાવેલ છે. અરજદાર એ કેસ માં કોઈપણ જગ્યા એ તેમનું પૂરું સરનામું જણાવેલ નથી અને તેમની સરતપાસમાં જણાવે છે કે તેઓ તેમના પિતા સાથે રહે છે. જયારે તા. 21/04/25 ના રોજ ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે તેઓ છેલ્લા 2 વર્ષ થી પિતાથી અલગ રહેતા આવ્યા છે. આમ, અરજદાર કોર્ટમાં સોગંદ ઉપર સાચી માહિતી છૂપાવેલ છે.

(**II**) પેરા નં. **A** (7) : અરજદાર એ પોતાનો માસિક ખર્ચ શેનો? અને કેટલો? તે જણાવવાનું હોય છે જેમાં અરજદાર એ પોતાનો માસિક ખર્ચ રૂ. 50,000/– જણાવેલ

**b**. જો અરજદાર કોઈપણ પ્રકારની આવક ધરાવતા ન હોય અને તેમના પિતાની પણ આર્થિક સ્થિતિ નબળી હોય તો તેવી વ્યક્તિ માસિક રૂ. 50,000/– નો ખર્ચ કઈ રીતે પૂરો પડે છે. તે હકીકત નામદાર કોર્ટ એ ધ્યાનમાં લેવી જોઈએ. અને જો અરજદાર ઉધાર લઈને ખર્ચ પૂરો પાડતા હોય તો અરજદાર એ તેમણે કોની પાસેથી કેટલી રકમ ક્યારે ઉધાર લીધી તે પણ સોદંદુપર જાહેર કરવા નું હોય છે જે અરજદાર એ સોગંદ ઉપર છપાવેલ છે.

(III) **પેરા નં.** B (I), (II), (III), (Iv) : જેમાં અરજદાર અને સામાવાળા વચ્ચે અન્ય કોઈ પણ પ્રકારની કાયદાકીય કાર્યવાહી થયેલ હોય, તેમાં ભરણપોષણ નો હુકમ થયેલ હોય અને તેનું પાલન થયેલ છે કે નહિ અને ભરણપોષણ ની રકમ મળેલ છે કે નહિ તે સોગંદ ઉપર જણાવવાનું હોય છે. પરંતુ સદર કેસ માં અરજદાર એ બંને પક્ષકાર વચ્ચે અગાઉ થયેલ તમામ અન્ય કેસો અને તેમાં થયેલ ભરણપોષણ ના હકમ અને તેમને મેળવેલ રકમ નામદાર કોર્ટ થી છુપાવેલ છે જે નીચે મુજબ છે.

(**a**) **Cr. M.A. No: 40/15 (Cr. M.A. No: 52/13)**અરજદાર દ્વારા

સામાવાળા ઉપર **D.V. Act** હેઠળ કરવા માં આવેલ. જેમાં માસિક રૂ. 2,000/−નો વચગાળાનો હુકમ કરવામાં આવેલ અને અમો સામાવાળા સદર રકમ નિયમિત રીતે આભારત હતા અને બાદ માં બંને પક્ષકારો વચ્ચે સમાધાન થતા સદર કેસ પરત ખેચેલ.

(**b**) અમો સામાવાળા દ્વારા ડીસ્ટ્રીકટ કોર્ટ અમદાવાદ માં દીવાની અરજી નં. 166/14 થી અમારા પુત્ર બ્રિજેશ નો કબ્જો મેળવવા કરેલ જે પણ બંને પક્ષકારો વચ્ચે સમાધાન થતા સદર કેસ પરત ખેચેલ. કુનો અમો સઆભાપાળાળે અમજદારખી

(**c**) HMP No: 15/15 જુનો અમો સામાવાળાએ અરજદારથી મેળવવા દાખલ કરેલ જે બંને પક્ષકારો વચ્ચે સમાધાન થતા સદર કેસ પરત ખેચેલ.

(**d**) ત્યાર બાદ અરજદાર એ સદર **Cr. M.A. No**: 12/18 થી **D.V. Act** હેઠળ અમો સામાવાળાઓ વિરુદ્ધ ફરિયાદ કરેલ છે. સદર કેસ અગાઉ એક તરફી ચાલેલ અને જે હુકમ અન્વયે અરજદારે અમો સામાવાળા વિરુદ્ધ ના. ધોળકાના જ્યુડી. મેજી. ફ.ક સાહેબશ્રી સમક્ષ રૂ. 8,90,000/− ની રકમની રિકવરી માટે રિકવરી પર. ફોજદારી અરજી નં. 218/2022 દાખલ કરેલ અને તે કામે અમો સામાવાળા સક્ષમ ન હોવા છતાં અન્ય પાસેથી માંગી/ ઉધારી લઈ ને અરજદાર ને રૂ. 5,28,000/− જેટલી રકમ ચુકવેલ છે અને બાદ માં સદર કેસનું જજ્મનેટ **Cr. App. No**: 02/24 માં તા. 26/03/24 ના રોજ નામદાર એડી. ડી. જજ દ્વારા નામંજૂર કરવા માં આવેલ અને સદર એસ રિમાન્ડ કરેલ છે.

(**e**) અને બાદ માં અમો સામાવાળા એ **F. Sult No**: 31/24 થી છૂટાછેડા મેળવવા અરજી દાખલ કરેલ છે કરેલ છે જે હાલ માં પેન્ડિંગ છે.

(**II**). પેરા નં. **j** (2) : : જેમાં અરજદાર એ સામાવાળા ની આવક અને વ્યવસાય અંગે સાચી માહિતી આપવાની હોય છે અને તેના સમર્થનમાં દસ્તાવેજી પુરાવો રજૂ કરવાનો હોય છે. જેમાં અરજદાર એ કોઈપણ જાતના પુરાવા વગર અમો સામાવાળા ની વાર્ષિક આવક રૂ. 20,00,000/– જણાવેલ છે જે તદ્દન ખોટી છે. અરજદાર એ વાર્ષિક આવક સાબિત કરતો કોઈપણ પ્રકારનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. અને તે હકીકત અરજદાર એ તેમની ઉલટ–તપાસમાં સ્વીકારેલ છે પેરા નં. **j** (**Iv**) : સોગંદનામું કરનાર ની જાણમાં હોય તેવી જીવનસાથી ની મિલ્કત અને ને જવાબદારીઓની વિગતો. સમર્થનકરી દસ્તાવેજો સાથે પૈરા નં (**iv**) અરજદાર નો જવાબ: પાકું મકાન, ખેતીની જમીન અરજદાર એ તે સાબિત કરતા એફિડેવિટ સાથે કોઈ પણ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી અને માત્ર ખોટી હકીકત જણાવી નામદાર કોર્ટ ને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરેલ છે.બાદમાં અરજદાર એ તા. 13/10/125 ના રોજ **Ex**. 43 થી 8 દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે. તે તમામ ખેતી ની જમીન અમો સામાવાળા ના પિતા અને તેમના ભાઈ– બહેનો મળી કુલ 6 જન ના ભાગમાં આવેલ છે. હાલ અમો સામાવાળા નં. 1 નો તેમાં કોઈ હક્ક હિસ્સો નથી. તેથી અરજદાર એ સદર હકીકત પણ સોગંદ ઉપર ખોટી જણાવેલ છે.

(**v**) અરજદાર જાતે પોતાના પિતા સવજીભાઈ કાભભાઈ ચૌહાણની માલિકી ની આવેલ ખાતા નં. 611 કે જે હે. 01–14–00 ક્ષેત્રફળ વાળી છે તેમજ અન્ય ખેતીની જમીન જેનો ખાતા નં. 613 કે જે હે. 03–88–86 ક્ષેત્રફળ વાળી છે જે બંને જમીન ના 7/12 અને 8/૦ ના દસ્તાવેજો અમો સામાવાળા એ **Ex**. 32 થી રજૂ કરેલ છે. અને તેમાં અરજદાર અને બ્રિજેશ તે જમીન માં કેટી કરી અને અન્ય ખાતેદારીના નામે આવેલી જમીન કાર્મે રાખી વાર્ષિક રૂ. 10,00,000/– કમાય છે. જે હકીકત પણ અરજદાર એ નામદાર કોર્ટ સમક્ષ છપાવેલ છે.

(**vi**) પેરા નં. **F** (9): અરજદાર એ પોતાની બેન્ક એકઉન્ટ ની હકીકત નામદાર કોર્ટ થી છુપાવેલ છે.અરજદાર એ સદર તમામ હકીકતો દર્શાવી

**એકરાર વાંચી, સમજી ને જાહેર કરેલ છે.જે એકરાર નીચે મુજબ છે:**

**Declaration**

**1. I declare that I have made a full and accurate disclosure of my income, expenditure, assets and liabilities from all sources. I further declare that I have no assets, income, expenditure and liabilities other than as stated in this affidavit.**

**2. I undertake to inform this Court immediately with respect to any material change in my employment, assets, income, expenses or any other information included in this affidavit.**

**3. I understand that any false statement in this affidavit, apart from being contempt of Court, may also constitute an offence under Section 199 read with Sections 191 and 193 of the Indian Penal Code punishable with imprisonment upto seven years and fine, and Section 209 of Indian Penal Code punishable with Imprisonment upto two years and fine. I have read and understood Sections 191, 193, 199 and 209 of the Indian Penal Code, 1860.**

**DEPONENT**

**12. It Is most humbly stated that the offence which is punishable under Section 191 is in relation to giving false evidence which reads as under:**

**191. Giving false evidence Whoever, being legally bound by an oath or by an express provision of law to state the truth, or being bound by law to make a declaration upon any subject, makes any statement which is false, and which he either knows or believes to be false or does not believe to be true, is said to give false evidence.**
**Explanation 1- A statement is within the meaning of this section, whether It Is made verbally or otherwise.**

**Explanation 2- A false statement as to the bellef of the person**

**attesting is within the meaning of this section, and a person may be guilty of giving false evidence by stating that he believes a thing which he does not believe, as well as by stating that he knows a thing which he does not know.**

**That the respondent was legally bound by the directions of Hon'ble Supreme Court In the decision of Rajnesh v. Neha (Supra) to state the truth and declare the detalls asked In the affidavit of assets and liability. Despite that the respondent has made the statements which are false and the respondent was willfully and with the knowledge that the statement was false has made such statements In the affidavit. Therefore, all the essential ingredients of the offence punishable under Section 191 of the Indian Penal Code, 1860 Is made out against the respondent.**

**That the applicant has made the false declaration and willful concealments with having clear knowledge that the affidavit is supposed to be read as an evidence while deciding the quantum of the maintenance and therefore, with the Intent to get higher quantum of maintenance, the Information is concealed from the court. The Intention of the applicant would be very much implied behind filing the false affidavit and the Hon'ble Apex Court has made it very clear by adding the declaration In the form of an Affidavit clarifying that the false assertion or willful concealments would amount to an offence. The Intention of Hon'ble Supreme Court was much clear behind putting the RED LIGHT In form of citing the Section of Indian Penal Code and explaining the consequences of filing the false affidavit so as to bring sensitivity among the litigants and to make them aware about the duty cast on the shoulder of the litigants. It is most humbly stated that the offence which is punishable under Section 199 Is essentially In relation to tendering false statement made while giving evidence which reads as under:**

**199. False statement made In declaration which is by law receivable as evidence**

**Whoever, In any declaration made or subscribed by him, which declaration any Court of Justice, or any public servant or other person, is bound or authorized by law to receive as evidence of any fact, makes any statement which Is false, and which he elther knows or belleves to be false or does not belleve to be true, touching any point material to the object for which the declaration is made or used, shall be punished in the same manner as if he gave false evidence.**

**That the offence as mentioned under section 209 of the Indian Penal Code is aslo made out against the present respondent which reads as follows...**

**209. Dishonestly making false claim in Court**

**Whoever fraudulently or dishonestly, or with Intent to Injure or annoy any person, makes in a Court of Justice any claim which he knows to be false, shall be punished with Imprisonment of either description for a term which may extend to two years, and shall also be liable to fine.**

**In present case, the applicant has claimed abusively higher amount of maintenance and has attempted to conceal her own sources of Income to get higher quantum of maintenance therefore, the offence as enshrined under Section 209 Is also made out against the present applicant.That If the direction of the decision in the case of Rajnesh v. Neha (Supra) are taken into consideration, the Hon'ble Apex Court has taken Judicial Note to the ground reality of maintenance proceedings whereby both the partles proceedings conceal material facts to get the decision of the court in their favour, and to avoid the decision based on guess work and rough estimation and to lay down a streamlined procedure, the affidavits of Assets and Liability is designed and by passing specific directions, Hon'ble Supreme Court has ordered that the sald affidavit has to be filed across the nation in all the maintenance proceedings by exercising the Powers enshrined**

**under Article 136 read with Article 142 of the Constitution of India and has clearly ordered that the pleadings made in the application for maintenance and replles filed should be responsible pleadings and If the false statements and representations are made, the court may consider Initiation of proceedings u/s 340 of Code of Criminal Procedure and for Contempt of Court.**

**In present case, applicant has accepted in deposition that she was well aware of these facts mentioned In para 11. of arguments) at the time of filling the affidavit and Therefore It can not be interpreted that the statements made and facts concealed by the applicant in the affidavit are not willful which is erroneous and contrary to the decision of Hon'ble Supreme Court. It is noteworthy that when the applicant files an application seeking maintenance of Rs. 50.000/- per month. Rs. 20.000/- per month for rental accommodation and compensation of Rs. 30 lakh from the present respondents, randomly 5 lakh and 1 lakh for medical expenses for mental and physical harassment (applicant has not produced any medical bil or certificate for that) It Is Incumbent on the part of the present applicant to come before the court with clean hands. (Smt. Ritu @Ridhima & Anr. v. Sandeep Singh Sangwan CRR 457/2022] However, active concealment on the part of the applicant as to her Bank Account detalls and non-production of Bank Statements for last three years would result in concealment of her source of income and financial capacity and also that she has received Ru. 5,28,000/- from the respondent. This Impliedly proves the Intention of the respondent to grab money from the present applicant through Judicial Order which would be sheer abuse of process of Court.**

**Had It been the case that making false statements and wilful concealment would not amount to an offence under Section 191. 199 and 209. Hon'ble the Supreme Court would never go into directing the trial court to take cognizance of the offence of purjury. Therefore, it is most humbly submitted that as far as the**

**filling of affidavit In maintenance proceedings is considered. the court ought to take cognizance if the deponent has made faise statement. That the guidelines Issued by Hon'ble Supreme Court Is mandatory in nature and therefore, the learned trial court is bound to take cognizance once the fact as to making false statement is revealed. It is most humbly stated that the use of word 'may' In clause (h) of the direction is to save the litigants from unintentional, typographical, mathematical or arithmetical mistakes and not to protect their willful contempt or willful concealment of material facts resulting in abuse of process of Law.**

**The basic reason for which the Hon'ble Supreme Court has gone Into establishing a mechanism for fair disclosure of Income, assets and liabilities by both parties, l.e. to avoid concealments of the factual background of matter causing the petition decided on [4:50 PM, 3/20/2026] MN SHAIKH: bases of guesswork or rough estimation causing a delay In decision of the substantive petition. Had It been the case that the deponent was not required to state the complete truth before the court consciously, Hon'ble Supreme Court would never emphasise on Implementation of Guideline passed In Rajnesh v. Neha (Supra) through the decision of Aditi Mithi v. Jitesh Sharma reported in 2023 LiveLaw (SC) 963.**

**It is submitted that the above false declarations and evidence tendered by the applicant cannot be considered an outcome of negligence or Ignorance, since the same seem to be a part of a preplanned conspiracy of the applicant to play a fraud with this Hon'ble Court with the clear Intent of obtaining favourable orders at the detriment of the respondent.**

13. આ કામના અરજદાર હાલ યુવાન વયના, નિરોગી, સશક્ત હોય તેમજ ભણેલા–ગણેલા હોય તેઓ અને અમારો પુત્ર બ્રિજેશ જેની હાલ ઉંમર 20 વર્ષ છે, ધો. 10 સુધી નો અભ્યાસ કરેલ છે ત્યારબાદ અભ્યાસ છોડી દીધેલ છે. અને અરજદાર વર્ષો થી પોતે પોતાના પિતાના ખેતરોમાં ખેતીકામ કરતા આવ્યા છે તેમાં પુત્ર ને પણ સાથે રાખી લઈ તેની પાસે પણ ખેતીકામ કરાવે છે. આમ, અરજદાર નં. 1 હાલ પોતાના પિતાના અને અરજદાર નં. 2

પોતાના નાના સવજીભાઈ ની ખેતીની ફળદ્રુપ જમીનમાં કામ કરી તેમજ અન્ય બીજા ખેડૂત ખાતેદારો ની જમીન ફાર્મે રાખી અમો સામાવાળા કરતા પણ હાલના સમય– સંજોગો પ્રમાણે વધુ સારી આવક વાર્ષિક રકમ રૂ. 12,00,000/– ઉપરાંતની આવક ધરાવે છે. તેઓ પોતાના ટ્રેક્ટર તથા તેના સાધનો, ટુ– વ્હીલર ધરાવે છે. તથા દુધાળા પશુઓ રાખીને પણ દૂધની પણ સારી એવી આવક ધરાવે છે. તેમજ તેઓના પિતાના જાખડા મુકામે આવેલ પાકા બાંધકામ વાળા આલીશાન તેમજ વૈભવી મકાનમાં રહે છે. તેઓ કોઈ ભાડાની જગ્યા કે મકાનમાં રહેતા નથી. જે રીતે અરજદાર અમો સામાવાળા કરતા પણ સારું એવું સ્ટેટસ વાળી જિંદગી જીવી રહ્યા છે. તેમજ અમારો પુત્ર આજે પણ અમો સામાવાળા સાથે રહેવા માટે તૈયાર હોય તો આજે પણ અમો તેને અમારી સાથે લઈ જવા રાજી ખુશી છીએ.

14. અમો સામાવાળા એ **Ex** થી અરજદારની અરજીનો લેખિત જવાબ રજુ કરેલ છે જેને અમો વળગી રહીએ છીએ. તેમજ **Ex**. 27 થી દસ્તાવેજી પુરાવાનું લિસ્ટ અને **Ex**......થી સામાવાળા નં. 1 ની મિલકત અને જવાબદારી નું સોગંદનાનું રજૂ કરેલ છે અને તેમાં અમો સામાવાળાએ સોગંદ ઉપર સાચી જણાવેલ છે. અમો સામાવાળા નં. 1 છૂટક મજૂરીકામ કરી માસિક રૂ. 5,000/– થી 6,000/–. કમાઈએ છીએ. અમારા માતાપિતા સિનિયર સીટીઝન છે. બંને ને પગના ગોઠણ માં દુખાવાના કારણે હરીફરી શકતા નથી. રૂટીન કાર્ય કરી શકતા નથી અને અન્ય વ્યક્તિઓનો સહારો લેવો પડે છે તેમજ અમારા પિતા સામાવાળા નં. 1 ને વા ની બીમારીના કારણે પેરાલીસીસ થયેલ છે. અને તે બંને ની પાછળ માસિક ખર્ચ રૂ. 8.000/– થી વધુ થાય છે પરંતુ અમો તમામ ખર્ચ ચૂકવવા સક્ષમ ન હોય ઘટતી રકમ માટે અમારા ભાઈઓ મદદ કરે છે. આમ, અમો સામાવાળા માસિક રૂ. 5.000/– થી 6,000/– કમાતા હોય અને અલગ રહેતા હોય અમારો ઘરખર્ચ. વાહનવ્યવહાર ખર્ચ અને બાકી રહેતી રકમ માંથી માતા–પિતાની દવા – સારવાર નો ખર્ચ, તે ઉપરાંત અગાઉ અમો સામાવાળા એ અરજદાર ને કટકે કટકે રૂ. 5,28,000/– ભરેલ છે જે અમારી ક્ષમતા કરતા ખુબજ વધારે છે અને તેથી અમો સામાવાળા એ ઘણીમોટી રકમ અન્ય પાસેથી લીધેલ છે. તેમજ અમો સામાવાળા નં. 1 ના નામે કોઈપણ પ્રકારની સ્થાવર કે જંગમ મિલ્કત આવેલ નથી. અને જયારે ખર્ચ માટે કોઈ રકમ ઘટે ત્યારે કટુંબી ભાઈઓ તથા સગા વ્હાલાની મદદ લેવી પડે છે. અને ઘણીવાર આકસ્મિક – પ્રાથમિક જરૂરિયાત પહોંચી વળવા માટે પણ વ્યાજે રકમ લેવી પડે છે.

આ કામે અરજદાર એ અમો સામાવાળા પાસે થી મોટી રકમ પડાવવા ના બદ–ઈરાદા પૂર્વક અમો સામાવાળા ની ખોટી આવક દર્શાવેલ છે. અમો સામાવાળા ના નામે કોઈપણ પ્રકારની મિલ્કત આવેલ નથી, તેમજ અરજદાર એ નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવા **Ex.** 43 ના લિસ્ટ થી રજુ કરેલ છે અને તે જમીન અમો સામાવાળા નં.1 ધરાવે છે તેવું જણાવતા આવેલ છે. નકલો જોતા સ્પષ્ટ થાય છે કે અમો સામા.નં.–1 ના નામે કોઈ મિલ્કત આવેલી નથી. ખરેખર સદર અલગ અલગ ખાતા નંબર ની ખેતીની જમીનો પણ અમારા નામે આવેલ નથી તે વારસાઈ હક્કે અમારા પિતાને મળેલ છે અને તેમાં તેઓના 2 ભાઈઓનો ના પણ હિસ્સો આવેલ છે. અને સદર જમીનની ખેતી સંપૂર્ણ પણે વરસાદ ઉપર આધાર રાખે છે એટલેકે બિનપિયત છે. અને વર્ષમાં માત્ર એકજ વાર ઉપજ–નીપજ લેવામાં આવે છે. અને તેમાંથી વર્ષે એક વાર થયેલ આવક આશરે રૂ. 1,40,000/– થી 1,60,000/– જેવી થાય છે અને તે માંથી 3 ભાગ પડે છે અને તેમાં પણ અર્મો સામા. નં.–1 નો ભાગ કે હક્ક આવેલ નથી.અને તેથી અમો સામાવાળા નં. 1 નાઓ બીજા લોકોની જમીનોમાં મજૂરીકામ કરવા અને અન્યનું ટ્રેકટર ખેતીકામ માટે ચલવવાનું કામ કરીએ છીએ. અને તેમાં પણ જે દિવસે મજૂરી કામ ન મળે તે દિવસનું મહેનતાણું મળતું નથી. અને અમો સામાવાળા પાસે કોઈ દુધાળા પશુ નથી કે તે અમોને રાખવું પોષાય તેમ પણ નથી. જેથી તે હકીકત પણ અરજદાર દ્વારા ખોટી જણાવવામાં આવેલ છે.

સદર કામે અમો સામાવાળા પાસે થી ખોટી રીતે વધુ રકમ મેળવવા માટે અરજદાર એ **Ex.** 37 ના લિસ્ટ થી 4 ફોટોગ્રાસ રજૂ કરેલ છે. જેમાં ની. 37/3 થી જય સોમનાથ હાડવેસ્ટર ના નામનું વિઝિટિંગ કાર્ડ ની ઝેરોક્ષ છે. અસલ રજ કરેલ નથી તેમજ સદર પ્રકારના વિઝિટિંગ કાર્ડ કોઈ પણ વ્યક્તિ જાતે ટાઈપ કરી તેની પ્રિન્ટ કઢાવી શકે તેવા છે અને સદર દસ્તાવેજ તેની પણ ઝેરોક્ષ છે. તે ઉપરાંત નિ. 37/4 થી સામાવાળા ના જુદા જુદા 3 ફોટો છે કે જે માંથી 2 ફોટો માં સામાવાળા નં. 1 અન્ય ખેડૂતોને ત્યાં મજુરી કામ તેમજ ટેકટર ચલાવતા જતા હોય હાર્વેસ્ટર ચલાવતા જોઈ શકાય છે. તેના પરથી એવું કોઈ રીતે સાબિત થતું નથી કે સદર હાર્વેસ્ટર સામાવાળા ની માલિકીનું છે અને તે પોતાના ખેતરમાં વાપરી રહ્યા છે. હાર્વેસ્ટર સામાવાળાઓ ની માલિકી નું છે તેવું સાબિત કરતો કોઈ પણ દસ્તાવેજી પરાવો અરજદાર એ રજૂ કરેલ નથી. તે ઉપરાંત સદર ફોટોગ્રાફસ ઈલેક્ટ્રોનિક એવિડન્સ હોય તે રજૂ કરનાર એ સદર એવિડન્સ અંગે ની તમામ માહિતી કે આ ફોટોસ ક્યાં ના છે અને તે અરજદારએ ક્યારે લીધા અથવા તો અરજદાર પાસે કેવી રીતે આવ્યા?

ક્યાં ડિવાઈસ માં રાખ્યા હતા અને તે ડિવાઈસ ની તમામ ડિટેઈલ અને તે એવિડન્સ કોઈપણ પ્રકારની છેડછાડ કર્યા વગર રજ કરવા માં આવેલ છે તે દર્શાવતું **Sec. 63 of Bhartiya Shakshya Adhiniyam, 2023 (Sec. 65 B of Evidance Act)** મુજબ નું સર્ટિફિકેટ રજુ કરેલ નથી. તેથી સદર ફોટોગ્રાફ્સ ને એવિડન્સ તરીકે વંચાણે લઈ શકાય નહિ. **(Arjun Panditrao Khotkar v. Kallash Kushanrao Gorantyal, (2020) 7 SCR 180]**

15. તેમજ નામદાર ટ્રાયલ કોર્ટે સદર અરજીનો નિર્ણય કરતી વખતે બન્ને પક્ષકારો સામાન્ય કે મધ્યમ વર્ગના કે કયા વર્ગના છે? તેમજ ભરણપોષણ નક્કી કરતી વખતે પક્ષકારોની જ્ઞાતિ, જીવન ધોરણ, તેઓનો સામાજિક દરજ્જો, સામાવાળાની આવક, સામાવાળાની જરૂરિયાત, સામાવાળાની પોતાના સિવાય અન્યની જવાબદારી જે તમામ હકીકતો ધ્યાને લેવી જોઈએ તેમજ ભરણપોષણ નો હેતુ જીવન નિર્વાહ માત્ર નો હોય છે. અરજદાર ને બેઠા બેઠા માસિક આવક મળી રહે તો કોઈ સ્ત્રી કાયદાની જોગવાઈઓ નો ખોટો ગેરલાભ ઉઠાવતા રહે અને પતિને દબાણમાં રાખે અને છેવટે ઘર ભાંગવાનું બને, તેવું ના બને તે પણ કોર્ટે રકમ નક્કી કરી વખતે જોવાનું રહે છે. તેમજ નામદાર કોર્ટ દ્વારા ભરણપોષણ ની રકમ એટલી મોટી માત્રામાં નક્કી ન થવી જોઈએ કે સામાવાળા તે રકમ ભરી પણ ન શકે. આ તમામ પાસાઓ અને મુદ્દાઓ નામદાર કોર્ટએ નિર્ણય લેતી વખત નિર્ણય લેતી વખતે ધ્યાનમા રાખી ન્યાયીક નિર્ણય લેવો જોઈએ **[Lalit Bhola vs. Nidhhi Bhola, Crl. M. C. 75 of 2012, Delhi High Court)**

16. સદર કામમાં અગાઉ એકતરફી હુકમ થયેલ જે ડીસ્ટ્રીકટ કોર્ટ દ્વારા રદ કરી સદર કામ રિમાન્ડ કરવામાં આવેલ છે. તે અગાઉ હુકમ મુજબનું ભરણપોષણ મેળવવા અરજદાર એ કરેલી રિકવરી અરજી અન્વયે અમો સામાવાળાએ અરજદારને રકમ રૂ. 5,28,000/- ચુકવેલ છે અને જે રકમ પણ સામાવાળા ને મજરે આપવા ન્યાયના હિતમાં હુકમ કરવા અરજ છે.

17. અરજદાર એ પોતાની અરજી ના પેરા નં. 8 માં માંગેલ દાદ અને તેમાં જણાવેલ રકમ મેળવવા અરજદાર હકદાર થતા નથી. અરજદાર જે ગામમાં રહે છે ત્યાં મકાનનું માસિક ભાડું રૂ.4,000/– ની આસપાસ ચાલે છે. તેમજ અરજદારએ પેરા 8(સી) માં જણાવેલ ત્રાસ ના ઉચ્ચક રૂ. 5 લાખ

અને રૂ.1 લાખ માંગેલ છે જે માટે અરજદાર એ કોઈ પણ, બિલ્સ કે સર્ટિફિકેટ રજુ કરેલ નથી. હાલ અરજદાર નં. 2 પુખ્ત ઉંમર ના થઈ ગયેલ હોય અને પોતાની આવક ધરાવતા હોય કોઈ પણ જાતનું ભરણપોષણ મેળવવા હકદાર થતા નથી. તેમજ અરજદાર પોતેજ પોતાની ઈચ્છાથી કોઈપણ કારણ વગર છેલ્લા 20 વર્ષથી અમારો ત્યાગ કરીને જતા રહેલ છે તેથી પણ અરજદાર પોતાની અરજીના પેરા નં. 8 (ઈ) માં જણાવતી રકમ રૂ. 30 લાખ મેળવવા હકદાર થતા નથી. અને અમો સામાવાળાએ અમારી દલીલોમાં અને જવાબ જણાવ્યા મુજબ અમારી જ્ઞાતિ ના રીત રિવાજ મુજબ સામાવાળા દ્વારા લગ્ન સમયે સ્ત્રીને સોના ચાંદીના દાગીના આપવામાં આવતા હોય છે જે અમો સામાવાળા દ્વારા આપવામાં આવેલ અને અરજદાર તેમના ઘરે થી અન્ય કોઈ દર–દાગીના અમો સામાવાળા ને ત્યાં લાવેલ નહિ. અને સદર દાગીના અરજદાર પોતાની સાથે પોતાના પિયર લઈ ગયેલ છે તેથી પેરા નં. 8 (એફ) ના જણાવેલ રકમ પણ અરજદાર મેળવવા હકદાર થતા નથી.

18. જેથી અરજદાર લગ્નબાદ માત્ર 2.5 વર્ષ માટે જ કટકે કટકે અમો સામાવાળા સાથે રહેતા આવ્યા હતા અને ત્યારબાદ થી અમારો ત્યાગ કરી પોતાની સ્વેચ્છાએ કોઈપણ વ્યાજબી કારણ વિના અમોને જણાવ્યા વગર અમારો ત્યાગ કરી ને જતા રહેલ છે અને ત્યારબાદ આશરે 13 વર્ષ બાદ માત્ર જનરલ આક્ષેપો સામાવાળા ઉપર લગાવી અને અસ્પષ્ટ આક્ષેપો કરતી ખોટી અરજી કરેલ છે અને અરજદાર એ કોઈપણ બનાવની કોઈ ચોક્કસ તારીખ, સમય અથવા બનાવ દર્શાવેલ નથી. અને ખરી હકીકતે અમો સામાવાળાઓ એ ક્યારેય અરજદાર ને માર મારેલ નથી કે મેણાં – ટોણા મારેલ નથી અને તેથી અમો સામાવાળા એ અમારી દલીલ ના પેરા નં. 5 માં જણવ્યા મુજબ સદર અરજી/ફરિયાદ સાબિત થતી ન હોય સદર ફરિયાદ ખર્ચ સહિત રદ થવાને પાત્ર છે.

19. તેમજ અરજદાર એ માત્ર સામાવાળા સામે દ્વેષ ભાવ રાખી, સામાવાળા પાસે થી પૈસા પડાવવા ના બદ ઈરાદા સાથે પોતાની અસલ આવક અંગે ની હકીકત છુપાવી, તેમજ સામાવાળા ની ખોટી આવક દર્શાવી અને કોઈ પણ જાતનો રકમ નો પુરાવો રજુ કરેલ ન હોય, પોતાના બેન્ક ખાતા રજુ ન કરેલ હોય, બંને પક્ષકારો વચ્ચે અગાઉ થયેલ કેસો ની પણ હકીકત નામદાર કોર્ટ થી છુપાવી, તેમજ બાળક સગીર થઈ ગયેલ હોય અને કોઈપણ જાત નો અભ્યાસ કરતો ન હોવા છતાં ખોટી રજુ આત કરી ની સ્કૂલ, ટ્યુશનફી, તેમજ અન્ય ખર્ચ પણ થતો હોવાની ખોટી રજુઆત કરી, ખોટા

**પુરાવાઓ રજુ કરેલ હોય અરજદાર સામે એડવર્સ ઈનફરન્સ ડ્રો કરી, અરજદાર કોઈ પણ પ્રકાર નું ભરણપોષણ મેળવવા હક્કદાર થતા ના હોય તેવું ઠરાવી આપી કમ્પનસેટરી કોસ્ટ સહીત અરજી રદ કરવા અમારી દલીલ છે."**

<u>રેકર્ડ ઉપર બન્ને પક્ષોએ રજુ કરેલ હકીકત /દલીલ/અને રજુ કરેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાને આધારે મુલ્યાકનઃ-</u>

**(૧૯) <u>મુદા નંબર ૧</u>**

(૧૯.૧)સદર કેસની ગુણદોષ ઉપર ચર્ચા કરતાં પહેલાં આ કાયદાનો ઉદ્દભવ, ઉદેશ્ય, અને આ કાયદો લાવવાની જરૂરીયાત ધ્યાને લેવી પડે તેથી આ કાયદાની પ્રારંભિત પ્રસ્તાવના જોતાં, કુટુંબમાં થતી કોઈપણ પ્રકારની હિંસા કે તેને લગતી અન્ય બાબતો અથવા તેને આનુસંગિત બાબતોથી ભોગ બનનાર મહિલાઓ, જેમને ભારતીય બંધારણ દ્રારા હકકોના રક્ષણની ખાતરી આપવામાં આવેલ છે. તેમના અધિકારોની વધુ અસરકારક સુરક્ષા માટેની જોગવાઈઓ માટે આ કાયદો ઘડવામાં આવેલ છે. આ કાયદો અમલમાં લાવવા માટે જે મહત્વનું કારણ મુકવામાં આવેલ તે એ છે કે, આપણા સમાજમાં ઘરેલું હિંસા વ્યાપક રીતે પ્રસરેલ છે પરંતુ તે જાહેરમાં દેખાઈ આવતી નથી. ભારતીય બંધારણના આર્ટિકલ ૧૪, ૧૫ તથા ૨૧ને ધ્યાને રાખી સ્ત્રીને ઘરેલું હિંસાથી બચાવવા અને સમાજમાં આવા ઘરેલું હિંસાના બનતા બનાવો અટકાવવાનાં હેતુ સાથે આ કાયદાનું બીલ પસાર કરવામાં આવેલ છે.

(૧૯.૨)આ કામે અરજદારે હાલની અરજી પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ-૨૦૦૫ મુજબની હોય તે કાયદાની કલમ-૨(એ)માં (એગ્રીવ્ટ પર્સન) વ્યથિત વ્યકિત એટલે કોઈ પણ સ્ત્રી કે જે સામાવાળા સાથે કૌટુંબિક સંબંધમાં હોય અથવા સંબંધિત હોય અને સામાવાળા દ્રારા કૌટુંબિક હિંસાનું કોઈપણ કૃત્યનો ભોગ બની હોવાનો આક્ષેપ કર્યો છે. વધુમાં કલમ-૨(એફ) જોતાં કૌટુંબિક સંબંધ એટલ

` બે વ્યકિતઓ વચ્ચેનો સંબંધ કે જેઓ ભાગિયા ઘરમાં રહેતાં હોય અથવા કોઈ એક સમયે રહી હોય કે જયારે તેઓ લગ્ન અથવા લગ્ન સ્વરૂપના સંબંધ, દતક દ્રારા અથવા સંયુકત કુટુંબના સભ્ય તરીકે સાથે રહેતી હોય. આમ, પ્રસ્તુત કેસમાં આ કામના સામાવાળા નં.૧ થી ૩ કુટુંબીઓ થાય છે.એટલેક સામાવાળા નં ૧ અરજદારના પતિ તથા નંબર ૨ સાસુ તથા નંબર ૩ સસરા થાય છે.

(૧૯.૩)કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓના રક્ષણ અધિનિયમ–૨૦૦પની કલમ–૩માં કૌટુંબિક હિંસાની વ્યાખ્યા આપવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

આ અધિનિયમના હેતુ માટે પ્રતિવાદીનું કોઈપણ કૃત્ય કાર્યલોપ ગુનો આચરવો કૌટુંબિક હિંસા ગણવામાં આવશે જો તે........

(એ)ભોગ બનનાર વ્યકિતનાં આરોગ્ય, સુરક્ષા, જીવન, અવયવ કે તેની સ્વસ્થતા ઈચ્છે તે માનસિક હોય કે શારિરીક તેને નુકસાન કે ઈજા પહોંચાડે કે તેને ખતરમાં મુકે અથવા તેમ કરવાનો ઈરાદો હોય અને તેમાં શારિરીક શોષણ, શાબ્દિક અને ભાવનાત્મક શોષણનો સમાવેશ થાય છે અથવા

(બી)........

(સી)........

(ડી)..........

સ્પષ્ટીકરણ:– આ કલમના હેતુઓ માટે–

(૧)...........

(૨) જાતીય શોષણમાં જાતીય પ્રકારનાં એવા વ્યવહાનો સમાવેશ થાય છે જે મહિલાનું શોષણ કરે છે, અપમાન કરે છે, તેને ઉતારી પાડે છે કે અન્ય રીતે સ્ત્રીની ગરીમાનું ઉલ્લઘન કરે છે.

(૩) શાબ્દિક અને ભાવનાત્મક શોષણમાં નીચેનાનો સમાવેશ થાય છે.

(એ) અપમાન, હાંસી ઉડાવવી, ઉતારી પાડવું, ખરાબ નામે બોલાવવું, અથવા સંતાન કે દિકરો ન હોવા અંગે અપમાન કરવું કે હાંસી ઉડાવવી અને,

(બી) ભોગ બનનાર વ્યકિતને જેમાં રસ હોય તેવી કોઈપણ વ્યકિતને શારીરિક દુ:ખ વારં વાર ધમકી આપવી.

(૪)............

(૨૨.૪)ઉપરોકત જોગવાઈ બાદ રેકર્ડ ઉપરનો મુદા નંબર ૧ અન્વયેનો પુરાવો જોતા

અરજદારે તેમની અરજીમા જણાવેલ આક્ષેપો અને તે અન્વયે બન્ને પક્ષોનો સોગંદ ઉપરનો પુરાવો જોતા બન્ને પક્ષે આક્ષેપ – પ્રતિ આક્ષેપ કરવામા આવેલ છે અને અરજદારની અરજીમા જે આક્ષેપો થયેલા છે તે અન્વયે સામાવાળાએ તેમની ઉપર આક્ષેપ કરેલ છે અને જે આક્ષેપોનો ઈન્કાર કરેલ છે આ કામના સામાવાળા એ તેમની દલીલ મા જણાવેલ કે અરજદારે જે શારીરીક /માનસીક અને મેણા ટોણાની હકીકત અન્વયે ના આક્ષેપો જે સામાવાળા ઉપર કરેલ છે તે જનરલ પ્રકાર ના છે કોઈ મારઝુડ કરેલ નથી કે કાઢી મુકેલ નથી બનાવની કોઈ ચોકકસ અને તારીખ જણાવેલ નથી આમ માત્ર સામાવાળા ઉપર આક્ષેપ કરવાથી ઘરેલુ હિંસા સાબીત થતી નથી વધુમા જણાવેલ કે અરજદાર ૨૦ વર્ષ થી અલગ રહેતા હોય જે આક્ષેપો ૨૦ વર્ષ જુના હોય આમ સામાવાળા એ હકીકત થી વાકેફ છે કે અરજદાર અને તેઓ ૨૦ વર્ષ થી અલગ રહે છે અને સામાવાળા એ જે આક્ષેપો ને નકારેલ છે તે માત્ર હકીકત ને આધારે નકારેલ છે તે અન્વયે કોઈ ઠોસ પુરાવો સંતોષ કારક રજુ કરેલ નથી સામાવાળા પક્ષે બચાવ લીધેલ કે અરજદાર દ્વારા રજૂ કરાયેલ અરજીમાં ઘેરેલું હિંસા અંગે ચોક્કસ તારીખો દર્શાવવામાં આવેલ નથી તથા અરજદાર દ્વારા જન્મનો દાખલો પણ રજુ કરવામાં આવેલ નથી, તેવા આક્ષેપો સામે કાયદાનો સિદ્ધાંત એવો છે કે માત્ર આ કારણોસર અરજીને અસમર્થ ગણાવી શકાતી

નથી. સદર એકટ હેઠળની રાહત ની દાદ અન્વયે નો હેતુ  પીડિત મહિલાને તાત્કાલિક અને અસરકારક રાહત પૂરી પાડવાનો છે;  ઘરેલું હિંસા ઘણીવાર સતત અને પુનરાવર્તિત સ્વરૂપ ધરાવતી હોવાને કારણે દરેક ઘટનાની ચોક્કસ તારીખ દર્શાવવી હંમેશા શક્ય હોતી નથી અને  અરજદારની ઓળખ તથા ઘરેલુ હિંસા ના સબંધ મા અન્ય દસ્તાવેજો કે મૌખિક પુરાવા દ્વારા પણ સ્થાપિત થઈ શકે છે અને માત્ર જન્મના દાખલાના અભાવે અરજીને નામંજૂર કરવી યોગ્ય નથી. આથી, કાયદાના નો હેતુ ને ધ્યાનમાં લેતા અરજીને માત્ર ટેકનિકલ આધાર પર સામાવાળા ની તકરાર ધ્યાને લઈ શકાતી નથી. વધુમા ભારતીય નારી કોઈ પણ વ્યાજબી કારણ સર તેમનુ લગ્ન જીવન બગડે તેવા આક્ષેપ કરે નહી.અને સ્ત્રીનો ઘરસંસાર લગ્ન બાદ તેમના પતિનુ જ ઘર પ્રથમ કહેવાય અને સામાવાળા ની દલીલ હોય કે જનરલ આક્ષેપ છે તો કોઈ પણ સ્ત્રી પોતાના પતિનો સામાન્ય બોલાચાલી સબબ પતિ ઘરનો ત્યાગ  કરે નહી. વધુમા આ પ્રકાર ની કાર્યવાહીઓમા ચુસ્ત પુરાવાનો આગ્રહ રાખવામા આવતો નથીઅને પતિ તથા પ ત્ની ના ઝગડા અને હીંસા ઘરની ચાર દિવાલો વચ્ચે થતી હોય છે. આ કામમાં અરજદારે પોતાની અરજી તથા સોગંદનામા  લગ્નજીવન દરમિયાન સામાવાળાઓ દ્વારા તેને શારીરિક, માનસિક તથા આર્થિક રીતે ત્રાસ આપવામાં  આવેલ છે તેવો  આક્ષેપ કર્યો છે જેમાં મારઝૂડ કરવી, શંકા રાખવી, અપમાનિત કરવું તથા સારવારમાં બેદરકારી રાખવી જેવી બાબતોઘરેલુ હિંસામા સમાવેશ થાય છે બીજી તરફ સામાવાળાએ પોતાની જુબાનીમાં અરજદારના તમામ આક્ષેપોને નકારી કાઢ્યા છે અને જણાવ્યું છે કે અરજદાર સ્વેચ્છાએ વર્ષ 2005 થી ઘર છોડીને પોતાના પિયર રહે છે અને તેમની તરફથી કોઈ ત્રાસ આપવામાં આવેલ નથી,  અરજદારની ઉલટ તપાસમાં સામાવાળા ધ્વારા ઉપરોકત ત્રાસ આપેલ નથી તે બાબતનો ઈન્કાર કરેલ છે. **<u>સામાવાળાની ઉલટ તપાસમાં તેની અન્ય સ્ત્રી સાથેના સંબંધ અંગેનો સ્વીકાર નોંધાય છે, જે કાયદાકીય રીતે</u>** માનસિક ત્રાસ તરીકે ગણાય છે અને અરજદારના આક્ષેપોને તે બાબતને સમર્થન

આપે છે. વધુમા સામાવાળા તેમની ઉલટ તપાસમા એ હકીકત સ્વીકારે છે કે તેઓ જો સંગીતાબેન મારા ત્યા મીઠાપુર ગામે આવીને રહેવા માંગતા હોય તો હુ તેમને રાખવા તૈયાર નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે 2005 બાદ મારે મારી પત્ની સાથે શારિરિક સંબંધ આજદિન સુધી નથી.વધુમા તેઓને સવાલ જવાબમા પુછેલ જેમા તેઓએ જણાવેલ કે...

**સવાલ– સંગીતાબેન તમો જે શરતો જણાવો તે શરતો સ્વીકારી તમારી સાથે આવવા તૈયાર હોય તો તમો તૈયાર છો?જવાબ–હુ આજદિન સુધી હજુ તૈયાર નથી. કારણ કે મારી સાથે એક વર્ષ દરમિયાન ઘણી ક્રુરતા કરેલ.એ વાત ખરી છે કે મે મારી પત્ની સામે કોઈ ક્રુરતા અંગેની ફરીયાદ કરેલ નથી.વધુમા** દાંપત્ય જીવન બચાવવા તથા પરસ્પર સમજૂતીના હેતુથી અગાઉ દાખલ કરેલ કેસો પાછા ખેંચેલ હતા. પરંતુ તે સમજુતી મુજબ આગળ ચાલેલ ન હોય જેથી અરજદારધ્વારા હાલનો કેસ દાખલ કરવામા આવેલ છે

વધુમા સામાવાળાએ અરજદારના આક્ષેપોનો સામાન્ય અને અસ્પષ્ટ અને કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ નથી, ઘરેલુ હિંસા જેવા કેસોમાં હંમેશા દસ્તાવેજી પુરાવા ઉપલબ્ધ હોવા જરૂરી નથી તે પણ ધ્યાનમાં લેવા યોગ્ય છે વધુમા પ્રોટેકશન ઓફીસર એ રીપોર્ટ આપેલ છે.પ્રોટેકશન ઓફીસરના હુકમ મા તારણ આપેલ છે કે ઘરેલુ હિંસા બને છે. ઘરેલુ હિંસામા પ્રોટેશન ઓફીસરનો રીપોર્ટ ધ્યાને લઈ આ તબકકે સદર એકટ ના નિયમો ધ્યાને લેવામા આવે તો પ્રોટેકશન ઓફીસરનો રીપોર્ટ તથા સદર એકટની કાયદાકીય જોગવાઈ તથા પ્રોટેકશન ઓફીસરના નિયમોને આધીન ચર્ચા કરતા આવે છે પ્રોટેકશન ઓફીસર શ્રી ધ્વારા જે રીપોર્ટ રજુ કરવામા આવે છે તે ઘરેલુ હિંસા ધારા ની કલમો ૯(ખ) અને ૩૭(૨)(ગ) અન્વયે ઘરેલુ હિંસાના બનાવનો અહેવાલ રજુ કરવામા આવે છે. અને પ્રોટેકશન ઓફીસર ની નિમણુક રાજય સરકાર ધ્વારા નિયુકત કરવામા આવે છે. અને પ્રોટેકશન અધિકારી તેની ફરજો

અને કાર્યો નિયમ ૮ તથા ૧૦ અન્વયે બજાવે છે. અને અને જે રીપોર્ટ તૈયાર કરવામા આવે છે. તે અરજદારના નિવેદન ઉપર થી તૈયાર કરવામા આવે છે. આમ પ્રોટેકશન ઓફીસર ને કોઈ અરજદાર કે અરજદારના સમાવાળા સામે કોઈ પુર્વગ્રહ હોઈ શકે નહી તે જે રીપોર્ટ અને રીપોર્ટ ના આધારે સામાવાળાના નામ જણાવીને વિગવાર નિયત નમુનામા રીપોર્ટ રજુ કરે તે ન માનાવાને કોઈ કારણ રહેતુ નથી. અને સદર એકટની કલમ ૧૨ અન્વયે ભોગ બનનાર વ્યકિત કે તેના વતી સુરક્ષા અધિકારી કે અન્ય કોઈ વ્યકિત આ કાયદા હેઠળ એક કે તેથી વધુ સહાય માંગતી અરજી મેજીસ્ટ્રેટની સમક્ષ કરી શકશે.આમ સદર અરજી કોર્ટમા અરજદાર એ દાખલ કરેલ અને તે અન્વયે અદાલત ધ્વારા સુરક્ષા અધિકારી કે સેવા પુરી પાડનાર તરફથી મળેલા કૌટુંબિક હિંસાના બનેલા રીપોર્ટ મંગાવી ઘ્યાને લેવાનો રહે છે જે ઘ્યાને લેતા. અરજદારની અરજી દાખલ થયેલ ત્યારબાદ આ કામે પ્રોટેકશન ઓફિસરશ્રીનો રીપોર્ટ રજૂ થયેલ છે તેમાં પણ અરજદારની અરજીની હકીકતને સમર્થનકારી રીપોર્ટ આપેલ છે.;આમ સામાવાળા પક્ષે તેમની દલીલના સમર્થનમા રજુ કરેલ ચુકાદાઓ મુદા નંબર ૧ ની હકીકત અન્વયે મદદરુપ થતા ન હોય આથી સમગ્ર પુરાવા, બંને પક્ષકારોની જુબાનીઓનું મૂલ્યાંકન કરતાં એવું સાબીત થાય છે કે અરજદાર સામાવાળા ધ્વારા ઘરેલુ હિંસાનો ભોગ બનેલ છે ઉપરોકત તમામ હકીકતોએ અરજદાર ઉપર કૌટુંબિક હિંસા આચરેલ હોવાથી મુદ્દા નં.૧નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

<u>(૨૦) મુદા નંબર ૨</u>

અરજદાર ની રજુઆત હોય કે ફરીયાદીને ભવિષ્યમા માનસીક –શારીરીક ત્રાસ સામામવાળા પહોચાડે નહી તેવી સદર એકટની કલમ ૧૮ નીચે હુકમ કરવા અરજ કરેલ છે. આ અન્વયે જયારે મુદા નંબર ૧ મા ઘરેલુ હિંસાની અન્વયે કરેલ ચર્ચા મુજબ

ઘરેલુ હિંસા સાબિત થાય છે, સામાવાળા પક્ષે તેમની દલીલના સમર્થનમા રજુ કરેલ ચુકાદાઓ અન્વયે જયારે મુદા નંબર ૧ ની હકીકત સાબીત થતી હોય અને મુદા નંબર ૨ અન્વયેના દલીલમાં રજુ કરેલ ચુકાદાઓ મદદરુપ થતા ન હોય ત્યારે અરજદારને ભવિષ્યમાં તેવા ત્રાસથી સુરક્ષિત રાખવું કોર્ટનું કર્તવ્ય બને છે. કાયદાનો મુખ્ય ઉદેશ હિંસાનો ભોગ બનેલ સ્ત્રીને રક્ષણ આપવનો અને પુન: હિંસા નો ભોગ ન બને સલામત જીવન જીવી શકે તે જોવાનુ છે. સદર એકટની કલમ ૧૮ મા વિવિધ પ્રકારના રક્ષણ નો હુકમ આપવાની જોગવાઈ કરેલ છે. જે જોગવાઈ અંતર્ગત અરદારની દાદ સુરક્ષા અન્વયે ની હોય જે કલમ ૧૮ નીચે મુજબ મંજુર કરવી વ્યાજબી જણાતી હોય મુદા નંબર ૨ નો જવાબ હકારમા ઠરાવમા આવે છે.

**<u>(૨૧) મુદા નંબર ૩</u>**

રહેઠાણની દાદ અન્વયે જોતા અરજદાર એ અરજ કરેલ કે સામાવાળાઓ જેવા મકાનમા રહે છે તેવુ મકાન રહેવા માટે અરજદાર ને આપે વિકલ્પે માસીક રુા.૨૦,૦૦૦/– મકાન ભાડા ના આપે તેઓ કલમ ૧૯ હેઠળ હુકમ કરવા અરજ કરેલ છે આ અન્વયે એ રેકર્ડ ઉપરની હકીકત થી એ સાબીત થયેલ છે અરજદાર અને તેના પુત્ર સામાવાળા વાળા થી ઘણા ઘણા લાંબા થી અલગ રહેતા હોય અને સામાવાળા તેમની ઉલટ તપાસમા એ હકીકત નો સ્વીકાર કરે છે અરજદાર સવજીભાઈ કાભઈભાઈ ચૌહાણના માલીકીના પાકા આલીશાન વૈભવીશાળી મકાનમા રહે છે. અરજદાર હાલ તેના માવતરે રહે છે. અને સામાવાળા તરફથી કોઈ તેમને રહેવામાટે ઘરની વ્યવસ્થા કરી આપેલ હોય તેવુ રેકર્ડ ઉપર જણાતુ નથી. રેકર્ડ ઉપરનો પુરાવો જોતા અરજદાર તેમના પિયરમા રહેતા હોય અને આજદીન સુધી તેઓને અલગ મકાન રહેવા માટે આપેલ ન હોય કે કોઈ વૈકલ્પિક

વ્યવસ્થા કરેલ ન હોય કે કોઈ ભાડુ આપેલ ન હોય જે અન્વયે અરજદાર એ માસીક ૨૦,૦૦૦/-(વીસ હજાર) ના માસીક ભાડાની માગંણી કરેલ હોય સદર એકટની કાયદા ની કલમ ૨(એસ) મા શેર હાઉસની વ્યાખ્યા છે જે ધ્યાને લીધી જેમા જયા અરજદાર સામાવાળા એટલે કે તેમના પતિ સાથે સાથે લગ્ન જીવન દરમ્યાન રહેતા હોય પછી તે એકલા રહેતા હોય કે સંયુકત કુટુંબ સાથે રહેતા હોય આમ પતિ જયા રહેતા હોય તે જગ્યાએ રહેવાનો અરજદારને સદર કાયદાની જોગવાઈઓ મુજબ, કલમ ૧૯ (૧ )(એફ/છ) હેઠળ સ્ત્રીને તેના વૈવાહિક જીવન દરમિયાન રહેલા “shared household” માં રહેવાનો કાનૂની અધિકાર છે, ભલે તે ઘર પતિના નામે હોય કે સાસરી પક્ષના નામે હોય. અથવા વિકલ્પે સામાવાળા તેમના ઘરમા રહેવાનો હકક ન આપે તો તેમને ભાડે મકાન ની વ્યવસ્થા કરી આપવી જોઈએ અને એ વ્યવસ્થા સામાવાળા મુજબનુ સ્ટેટસ વાળુ ઘર હોવુ જોઈએ સદર અરજીની હકીકત મા સામાવાળા તેમના માતા-પિતા સાથે રહે છે. સદર એકટ ની કલમ કલમ ૩ અન્વયે તે ઘરેલુ હિંસા આચરેલ હોય કાયદાનો હેતુ એ છે કે કોઈપણ સ્ત્રીને તેના રહેઠાણથી વંચિત ન રાખી શકાય.અને સામાવાળા એ તેમની દલીલ ના સમર્થનમા રજુ કરેલ મુદા નંબર ૩ ની હકીકત અન્વયેના ચુદાદાઓ ઉપરોકત ચર્ચા ને અંતે મદદરુપ થતા ન હોય .વધુમા રેકોર્ડ પરથી એવું પણ જણાય છે કે પક્ષકારો ઘણા વર્ષોથી અલગ રહે છે આવી પરિસ્થિતિમાં અરજદારને ફરી તે જ સંયુક્ત રહેઠાણમાં મોકલવું વ્યવહારુ કે હિતાવહ જણાતું નથી. અરજદાર તેમની ઈચ્છાએ જયા રહેવા માંગતા હોય તે એરીયામા ભાડા મકાન રાખવા અન્વયેના ભાડાના દરો અન્વયે અને સામાવાળા હાલ જયા રહે છે તે હકીકત ધ્યાને લેતા સામાવાળાએ અરજદારને ભાડા પેટે માસીક ૬૦૦૦/-(છ હજાર ) ભાડા પેટે ચુકવવાનો હુકમ કરવામા આવે તો યોગ્ય અને વ્યાજબી જણાશે આમ મુદા નંબર ૩ નો જવાબ અંશત: હકારમાઠરાવમા આવે છે.

(૨૨) મુદા નંબર ૪

(૨૨.૧) સદર મુદા અન્વયે સદર એકટ ની કલમ ૧૯(૮) ની જોગવાઈ ધ્યાને લેતા મુદા નંબર ૧ અન્વયે જયારે અરજદાર ધરેલુ હિંસાનો ભોગ બનેલ હોય ત્યારે અરજદાર તેણીનુ સ્ત્રીધન મેળવવા હકકદાર છે કે કેમ ? તે અનવયે રેકર્ડ ઉપરનો પુરાવો જોતા સામાવાળા એ તેમની જુબાનીમા જણાવેલ કે ''**આ કામના અરજદાર અમો સાથે લગ્ન બાદ પોતાના પીયરમાંથી આપેલ કપડા- લત્તા તથા કરીયાવરની અન્ય થોડી ઘણી ચીજવસ્તુઓ લઈને રહેવા આવેલા. પરંતુ તેઓ પોતાના પીયરમાંથી કોઈ સોના ચાંદીના દાગીનાઓ લાવેલ નથી. સદર હકીકત અરજદારે તેઓની અરજીમાં તદ્દન ખોટી જણાવેલ છે. ખરી હકીકતે અમોની જ્ઞાતિમાં સામાવાળાઓએ ઘરેણાં વહુને ચડાવવાનો જ્ઞાતિ રીવાજ હોય છે જે રીતે અમો સામાવાળાઓ દવારા ચડાવેલ ૧૦ થી ૧૨ તોલાના સોનાના કરાવેલ દાગીનાઓ તથા ચાદીના દાગીનાઓ અરજદાર પાસે હતાં અને તેઓ આ અમો સામાવાળાના તમામ દાગીનાઓ અરજદાર પોતાની સાથે લઈને. ચાલ્યા ગયેલ છે અને જે હાલ પણ તેઓની પાસે છે. તેઓ તેમના પીયર તરફથી કોઈ દાગીના કરાવેલ હોય તેવુ બનેલ નથી." આ અન્વયે બન્ને પક્ષો તરફથી સોના ચાંદીની વસ્તુ અન્વયે કોઈ દસ્તાવેજી પુરાવો અરજીમા જણાવેલ હકીકત અન્વયે સંતોષકારક રજુ કરેલ નથી. આમ અરજદારે તેમની સરતપાસમા પેરા ૧ મા સોના ચાંદની જે હકીકત વિગતવાર જણાવેલ છે તે હકીકત નો સામાવાળા તેમના સોગંદનામામા ના પેરા ૧ મા જણાવેલ હકીકત મુજબ અને ઉલટ તપાસમા ઈન્કાર કરેલ છે** "સ્ત્રીધન" એટલે કે લગ્ન સમયે અથવા ત્યારબાદ સ્ત્રીને મળેલ ભેટો, દાગીના તથા અન્ય સંપત્તિ પર તેનો સંપૂર્ણ હક હોય છે. પતિ અથવા સાસરી પક્ષ એ સ્ત્રીધન અન્વયેની ચીજવસ્તુઓના માત્ર સંરક્ષક ગણાય છે, માલિક નહીં. તેથી, આવી ચીજવસ્તુઓ પરત ન આપવી એ સ્ત્રીના અધિકારનું ઉલ્લંઘન ગણાય છે અને તે આર્થિક ત્રાસ ની વ્યાખ્યામાં પણ આવે છે. બીજી બાજુ,

સામાવાળાએ આ દાવાને નકારી કાઢ્યો છે અરજદારે તેઓની તમામ ચીજવસ્તુઓ, કરીયાવર, સ્ત્રીધનના દાગીના સામાવાળાઓ પાસેથી અપાવવાની માંગણી કરેલ છે, આ હકીકત ના સમર્થનમાં અરજદારે કોઈ પુરાવો રજુ કરેલ નથી. માત્ર કરીયાવરના અન્વયેની હકીકત રજુ કરી દેવાથી એવુ અનુમાન કરી શકાય નહી કે તેમાં જણાવેલ તમામ ચીજવસ્તુ ઓ લગ્ન સમયે કે લગ્ન બાદ આપવામાં આવેલ છે, કારણ કે કરીયાવર આપતી વખતે ત્રાહિત વ્યકિતની હાજરી સુચક હોય છે તેમ છતાં તેવા કોઈ સાહેદને આ કામે તપાસવામાં આવેલ નથી. તેમજ અરજદાર તરફે રજુ લીસ્ટના સમર્થનમા સદર ચીજ વસ્તુઓ ખરીદ કર્યા અંગેના બીલ અથવા તો અન્ય કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી.આમ એ હકીકત સ્પષ્ટ થતી ન હોય કે સોના ચાંદીના દાગીના સામાવાળાની કસ્ટડીમા છે કે કેમ ? તે અન્વયે બન્ને પક્ષો એ કોઈ સ્પષ્ટ અથવા દસ્તાવેજી પુરાવા દ્વારા એ સાબિત કરવાનો પ્રયત્ન કર્યો નથી જેથી અરજદારની કરીયાવર, સ્ત્રીધનના દાગીના વિગેરે સામાવાળાઓ પાસે છે તે હકીકત રેકર્ડ ઉપર પુરવાર થતી ન હોય, જેથી આ પ્રકારનો હુકમ કરવો ન્યાયોચીત જણાતો નથી.મુદા નંબર ૪ નો જવાબ નકારમા સાબીતીના અભાવે ઠરાવામા આવે છે.

(૨૩) <u>મુદા નંબર ૫</u>

(૨૩.૧)સદર મુદા અન્વયે અને અગાઉ ઉપરોકત તમામ મુદા અન્વયે કરેલ ચર્ચા ધ્યાને લીધાબાદ સદર મુદા નંબર ૫ અન્વયે સબંધીત હકીકતનો પુરાવો જોતા સામાવાળા સ્વીકારે છે કે એ વાત ખરી છે કે મારા પુત્ર બ્રિજેશની જન્મ તારીખ 04/07/2005 ની છે. એ વાત ખરી છે કે અરજદારે ભરણપોષણની અરજી 2018 માં કરી ત્યારે બ્રિજેશ સગીર હતો.

એ વાત ખરી છે કે મે એ વેરિફાય કરેલ નથી કે મારા પિતાની ખેતીની જમીન છે
-- એ વાત ખરી છે કે મારા પિતાના નામે જે ખેતીની જમીન છે તેમાં હું ખેતી કરતો

સવાલ સુપ્રીમ કોર્ટના એફિડેવિટમાં કુટુંબના આશ્રીત તરીકે માતાપિતાનું નામ દર્શાવેલ છે અને તેમાં તેમનો માસિક ખર્ચો ૮૦૦૦/– દર્શાવેલો છે પરંતુ તેમની શુ આવક છે અને ખેતી છે કે કેશ તે હકીકત દર્શાવેલી નથી.જવાબ મા જણાવેલ કે મારા માતાપિતાની આવક તથા ખેતીની જમીનની માહીતી મને ખબર નથી.અરજદાર પક્ષે સામાવાળા ની ઉલટ કરવામા આવેલ તેમા તેઓએ ની ઉલટ તપાસ મા પુછેલ પ્રશ્ન ના જવાબમા તેઓએ જાણબૂઝીને મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે "મને યાદ નથી" એવું કહીને હકીકતોને ટાળવાનો પ્રયાસ કરે છે. ખાસ કરીને, સને ૨૦૧૮ ની ફરીયાદ અંગે તથા તેમાં કોણ પક્ષકાર હતા તે બાબતે સાહેદે અસ્પષ્ટ જવાબ આપ્યો છે, જ્યારે તેણે પોતે જ સ્વીકાર્યું છે કે તેઓએ સદર કામમાં જવાબ રજુ કરેલ છે. આથી સાબિત થાય છે કે સાહેદને હકીકતોની જાણ હોવા છતાં તે કોર્ટને ભ્રમિત કરવા પ્રયત્ન કરે છે.આ ઉપરાંત, સાહેદે સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે તે પોતાના પિતાશ્રી તથા માતૃશ્રીને સાક્ષી તરીકે તપાસવા માંગતો નથી અને તેના માટે કારણ આપ્યું છે કે પિતાશ્રીને પેરાલિસિસ છે અને માતૃશ્રીને વા તથા સાંધાની બિમારી છે. આ કારણો માનવતાપૂર્ણ હોઈ શકે, વિશેષમાં, સાહેદે પોતાના પિતાશ્રીના નામે આવેલી જમીનના દાખલા મેળવવા માટે તલાટી કમ મંત્રીશ્રીને કે ગામના સરપંચશ્રીને સાક્ષી તરીકે તપાસવા માંગતો નથી, જે અત્યંત મહત્વપૂર્ણ બાબત છે. સામાન્ય રીતે જમીનના માલિકીના પુરાવા સરળતાથી તલાટી કમ મંત્રી રજૂ કરી શકાય છે, છતાં સાહેદે આ સાક્ષીઓને તપાસવા ઈનકાર કર્યો છે. આથી સ્પષ્ટ થાય છે કે સાહેદ પાસે જમીન તથા આવક અંગે સચોટ માહિતી છે, છતાં તે કોર્ટ સમક્ષ સાચી માહિતી તથા દસ્તાવેજો રજૂ કરવાનું ટાળે છે અને ખાસ કરીને **કેટલા વિઘા જમીન છે તે માહીતી હોવાની હકીકત બહાર ન આવે તે માટે જ મહત્વપૂર્ણ સરકારી તથા સ્વતંત્ર સાક્ષીઓને તપાસવા માંગતા નથી.** આમ એવુ જણાય

આવે છે કે સામાવાળા જાણબૂઝીને પોતાની વાસ્તવિક આવક અને મિલકત છુપાવે છે. આ તબકકે સદર એકટ ની કલમ ૨૦(૧)(ડી) નો જોગવાઈ ઘ્યાને લેતા પ્રવર્તમન સમય માટે અમલમા રહેલ કોઈ કાયદા હેઠળ થયેલ હુકમ સહીત પીડીત વ્યકિત માટે તેમજ તેણીના બાળકો માટે ભરણપોષણની જોગવાઈ કરેલ છે. આર્થિક શોષણ કોને કહેવાય તે ઘ્યાને લઈએ તો અદાલતના હુકમ અન્વયે હકકદાર હોય તેવા તમામ આર્થિક કે નાણાકીય સંસાઘનોથી વંચિત કરવી , અથવા પિડિત વ્યકિતની તથા તેના સંતાનોની જરુરિયાત પુરતી જ નહી પરંતુ તેમા સ્ત્રીઘન , પીડિત વ્યકિતની સંયુકતપણે કે વ્યતિગત રીતે માલીકીની મિલ્કત, મજીયારા રહેઠાણ , ભાડુ તથા નિભાવનો ખર્ચ થાય છે વઘુમા મા ઘરની ચીજવસ્તુ ઓ જંગમ સ્થવાર મિલ્કતો , કિમંતી ચીજ વસ્તુઓ શેર જામીનગીરીઓ, બોન્ડઝ અથવા અન્ય મિલ્કતનુ હસ્તાંતર કે જેમા પીડિત વ્યકિતનુ હિત સમાયેલુ હોય અથવા તે હકકદાર બનતી હોય તેવી તમામ સાઘનો કે સવલત ઉપર નિયં તત્રનો સમાવેશ થાય છે . સામાવાળા નો મુખ્ય વાંધો એવો છે કે અરજદાર સ્વઇચ્છાએ ઘર છોડીને ગઈ છે અને તેને કોઈપણ પ્રકારનો ત્રાસ આપવામાં આવ્યો નથી. વધુમાં, સામાવાળા દ્વારા પોતાની આવક અંગે અરજદાર દ્વારા દર્શાવેલ આંકડાઓને વધારેલા અને અસંગત ગણાવવામાં આવ્યા છે. સામાવાળા એવો દાવો કરે છે કે તેની આવક મર્યાદિત છે અને તે અરજદાર દ્વારા માંગવામાં આવેલ ઊંચી રકમ ચૂકવવા સક્ષમ નથી. સામાવાળા ની આવક અંગે, અરજદાર દ્વારા દર્શાવેલ આંકડા ભલે ઊંચા જણાતા હોય, પરંતુ સામાવાળા એ પોતાની વાસ્તવિક આવક અંગે પારદર્શક માહિતી રજૂ કરી નથી. ન્યાયિક સિદ્ધાંત મુજબ, જ્યારે કોઈ વ્યક્તિ પોતાની આવક અંગે સાચી માહિતી રજૂ કરવામાં નિષ્ફળ જાય, ત્યારે કોર્ટ તેના વિરુદ્ધ અનુમાન લઈ શકે છે. અરજદારે તેમની અરજીમા ભરણપોષણ પેટે માસીક રુા. ૫૦,૦૦૦/- તથા સગીર

બાળક બ્રીજેશ ના ભરણપોષણ પેટે ૩૦,૦૦૦/- ની માંગણી કરેલ છે. આ તબકકે સગીર બાળક બ્રીજેર અનવયે જોતા અરજદાર ના વકીલ શ્રી એ દલીલ મા જણાવેલ કે તેમની જન્મતારીખ ૪/૭/૨૦૦૫ ની છે જે તારીખ ૪/૭/૨૩ સુધી માઈનોર છે તે હકીકત ધ્યાને લીધા બાદ અરજદારની અને તેના પુત્રની ભરણપોષણની રકમ અન્વયે સામાવાળા ની આવક ,જીવનધોરણ અને તે અન્વયે ના નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રીમકોર્ટ ના ભરણપોષણની રકમ નકકી કરતી વખતે શુ શુ માપદંડ ધ્યાને લેવા જોઈએ તે અન્વયે **નામદાર સુપ્રિમકોર્ટના નીચે મુજબના લેન્ડમાર્ક જજમેન્ટ મા ભરણપોષની રકમ નકકી કરવા અન્વયે જે સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે તે માનપુર્વક ધ્યાને લેતા...**

**(1) Supreme Court of India**

**Rajnesh vs Neha on 4 November, 2020**

“ In Manish Jain v Akanksha Jain 34 this Court held that the financial position of the parents of the applicant-wife, would not be material while determining the quantum of maintenance. An order of interim maintenance is conditional on the circumstance that the wife or husband who makes a claim has no independent income, sufficient for her or his support. It is no answer to a claim of maintenance that the wife is educated and could support herself. The court must take into consideration the status of the parties and the capacity of the spouse to pay for her or his support. Maintenance is dependent upon factual situations; the Court should mould the claim for maintenance based on various factors brought before it.On the other hand, the financial capacity of the husband, his actual income, reasonable expenses for his own maintenance, and dependant family members whom he is obliged to maintain under the law,

liabilities if any, would be required to be taken into consideration, to arrive at the appropriate quantum of maintenance to be paid. The Court must have due regard to the standard of living of the husband, as well as the spiralling inflation rates and high costs of living. ***The plea of the husband that he does not possess any source of income ipso facto does not absolve him of his moral duty to maintain his wife if he is able bodied*** and has educational qualifications. (ii) A careful and just balance must be drawn between all relevant factors. The test for determination of maintenance in matrimonial disputes depends on the financial status of the respondent, and the standard of living that the applicant was accustomed to in her matrimonial home.

The maintenance amount awarded must be reasonable and realistic, and avoid either of the two extremes i.e. maintenance awarded to the wife should neither be so extravagant which becomes oppressive and unbearable for the respondent, nor should it be so meagre that it drives the wife to penury. The sufficiency of the quantum has to be adjudged so that the wife is able to maintain herself with reasonable comfort.

(v) **The Delhi High Court in Bharat Hedge v Smt. Saroj Hegde laid down the following factors to be considered for determining maintenance :**

"1. Status of the parties.

2. Reasonable wants of the claimant.

3.The independent income and property of the claimant.

4. The number of persons, the non-applicant has to maintain.

5. The amount should aid the applicant to live in a similar lifestyle as he/she enjoyed in the matrimonial home.

6. Non-applicant's liabilities, if any.

7. Provisions for food, clothing, shelter, education, medical attendance and treatment etc. of the applicant.

8. Payment capacity of the non-applicant.

9. Some guess work is not ruled out while estimating the income of the non-applicant when all the sources or correct sources are not disclosed.

10. The non-applicant to defray the cost of litigation.

11. The amount awarded u/s 125 Cr.PC is adjustable against the amount awarded u/ 24 of the Act. 17.”

(vi) Apart from the aforesaid factors enumerated hereinabove, certain additional factors would also be relevant for determining the quantum of maintenance payable.

(a) Age and employment of parties In a marriage of long duration, where parties have endured the relationship for several years, it would be a relevant factor to be taken into consideration. On termination of the relationship, if the wife is educated and professionally qualified, but had to give up her employment opportunities to look after the needs of the family being the primary caregiver to the minor children, and the elder members of the family, this factor would be required to be given due importance. This is of particular relevance in contemporary society, given the highly competitive industry standards, the separated wife would be required to undergo fresh training to acquire marketable skills and re-train herself to secure a job in the paid workforce to rehabilitate herself. With advancement of age, it would be difficult for a dependant wife to get an easy entry into the work-force after a break of several years.

**(e) Serious disability or ill health**

Serious disability or ill health of a spouse, child / children from the marriage / dependant relative who require constant care and recurrent expenditure, would also be a relevant consideration while

quantifying maintenance.

(b) **Criteria for determining the quantum of maintenance**

(c) For determining the quantum of maintenance payable to an applicant, the Court shall take into account the criteria enumerated in Part B – III of the judgment.

વધુમા આ અન્વયે નામદાર સુપ્રિમ કોર્ટ ના રજનેશ વિ.નેહાના લેન્ડમાર્ક ચુકાદમા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ નામદાર સુપ્રિમકોર્ટની ગાઈડલાઈન અન્વયે રજુ થયેલ બન્ને પક્ષકારોના સોગંદનામા ,બન્ને પક્ષોનો રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા સામાવાળા ની આવક/મિલ્કત અન્વયે ચર્ચા કરતા પતિ તરફથી એવી દલીલ કરવામા આવેલ હોય કે તેમની પાસે કોઈ આવકનુ સાધન નથી તેવુ કહેવા માત્રથી તે તેમની પત્ની ભરણપોષણ કરવાની નૈતીક ફરજમાથી મુકત થઈ શકે નહી આ અન્વયે તેમના પતિની શારીરીક રીતે સક્ષમ હોય ત્યારે એબલ બોડીનો સિધ્ધાંત ધ્યાને લ ેવો જોઈએ હાલના કેસમા પતિ કોઈ ગંભીર બીમારીહોય અને શારીરીક રીતે કામ કરવા સક્ષમ ન હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર રજુ નથી ભરણપોષણ ની રકમ નકકી કરતી વખતે તમામ પરીબળો ધ્યાને લઈ લઈ ન્યાયસંગત સંતુલન રાખવુ આવશયક તે રકમ વ્યાજબી અને વાસ્તવીક હોવી જોઈએ ભરણપોષણની રકમ એટલી પુરતી હોવી જોઈએ કે પત્ની યોગ્ય સુવિધા સાથે પોતાનુ જીવન નિર્વાહ કરી શકે આમ ઉપરોકત ચુકાદામા પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ ભરણપોષણની રકમ નકકી કરતી વખતે પક્ષકોરની સ્થિતિ,અરજદારની વ્યાજબી જરુરીયાત,આવક ,સંપતિ, ભરણપોષણ કરવાનુ છે તે વ્યકિતોઓની સંખ્યા, સામાવાળાની જવાબદારી,સામાવાળાની ચુકવણીની ક્ષમતા,અને જયારે સામાવાળા આવકનો સ્ત્રોત જાહેર ન કરે ત્યારે અંદાજ આધારીત મુલ્યાકંન ,અગાઉ કોઈ ભરણપોષણની અરજી નીચે ભરણપોષણ મેળવતા

હોય તો તે હકીકત ધ્યાને લેવી જોઈએ. વધુમા સામાવાળાએ નામદાર સુપ્રિમકોર્ટની ગાઈડલાઈન મુજબના સોગંદનામાના પેરા સી મા તેમની ઉપર આશ્રીત માતા અને પિતા છે તેવુ જણાવેલ અને તેમનો અંદાજીત માસીક ખર્ચ ૮૦૦૦/– બતાવેલ છે.ત્યારબાદ પેરા –એફ મા આવકની માહીતી મા જાહેર કરેલ છે કે.તેમની માસીક આવક ૫૦૦૦/– થી ૬૦૦૦/– છે.ત્યારબાદ તેઓએ છેલ્લા ત્રણ વર્ષના ખાતાની આવક ના સ્ટેટમેન્ટ રજુ કરેલ જે જોતા યુનીયન બેંક ઓફ ઈન્ડીમા બેંક ખાતે ધરાવે છે અને તારીખ ૧ ૨/૨/૨૫ ના રોજ કલોઝીંગ બેલેનસ રુા. ૯૨૭/– જણાવેલ છે વધુમા પેરા જી મા વડીલો પાર્જીત મિલ્કત મા તેઓએ સ્વીકાર કરેલ છે કે ટુકી જમીન વરસાદ અધારીત ખેતી થાય તે પ્રકારની બીન પીયતવાળી છે. અરજદાર તરફે આંક ૧૨ થી રજુ કરેલ ગામના નમુના નંબર ૭–૧૨ ના ઉતારામા સ.નં. ૨૪૧ વાળી જમીન જે સામાવાળા ના પિતા બાબુભાઈ ગગુભાઈ તથા ભગવાનસંગ ગગુભાઈ ના કબ્જેદાર તરીકે જણાય છે ત્યારબાદ અરજદાર તરફે આંક ૧૩ થી રજુ કરેલ ગામના નમુના નંબર ૭–૧૨ ના ઉતારામા સ.નં. ૮૯૯ વાળી જમીન જે સામાવાળા ના પિતા બાબુભાઈ ગગુભાઈ તથા ભગવાનસંગ ગગુભાઈ ના કબ્જેદાર તરીકે જણાય છે ત્યારબાદ અરજદાર તરફે આંક ૧૪ થી રજુ કરેલ ગામના નમુના નંબર ૭–૧૨ ના ઉતારામા સ.નં. ૩૮૪ વાળી જમીન જે સામાવાળા ના પિતા બાબુભાઈ ગગુભાઈ ના કબ્જેદાર તરીકે જણાય છે ત્યારબાદ અરજદાર તરફે આંક ૧૨ થી રજુ કરેલ ગામના નમુના નંબર ૭–૧૨ ના ઉતારામા સ.નં. ૧૫૭૦ વાળી જમીન જે સામાવાળા ના પિતા બાબુભાઈ ગગુભાઈ ના કબ્જેદાર તરીકે જણાય છે ત્યારબાદ અરજદાર તરફે આંક ૪૫ થી રજુ કરેલ ગામના નમુના નંબર ૭–૧૨ ના ઉતારામા સ.નં. ૧૫૭૮ વાળી જમીન જે સામાવાળા ના પિતા બાબુભાઈ ગગુભાઈ તથા ભગવાનસંગ ગગુભાઈ સામતભાઈ ગગુભાઈ ના કબ્જેદાર તરીકે જણાય છે ત્યારબાદ અરજદાર તરફે આંક ૪૬ થી રજુ કરેલ ગામના નમુના નંબર ૮–અ જમીનની ખાતાવહી મા ખાતા નંબર ૪૫૦ વાળી જમીન

જે સામાવાળા ના પિતા બાબુભાઈ ગગુભાઈ તથા ભગવાનસંગ ગગુભાઈ ના કબ્જેદાર તરીકે જણાય છે જે ખેતીલાયક ઉપયોગ છે તેવુ જણાય છે. ત્યારબાદ અરજદાર તરફે આંક ૪૭ થી રજુ કરેલ ગામના નમુના નંબર ૮–અ જમીનની ખાતાવહી મા ખાતા નંબર ૪૫૧ વાળી જમીન જે સામાવાળા ના પિતા બાબુભાઈ ગગુભાઈ ના કબ્જેદાર તરીકે જણાય છે જે ખેતીલાયક ઉપયોગ છે તેવુ જણાય છે. ત્યારબાદ અરજદાર તરફે આંક ૪૮ થી રજુ કરેલ ગામના નમુના નંબર ૮–અ જમીનની ખાતાવહી મા ખાતા નંબર ૯૩૨ વાળી જમીન જે સામાવાળા ના પિતા બાબુભાઈ ગગુભાઈ તથા ભગવાનસંગ ગગુભાઈ તથા સામતભાઈ ના કબ્જેદાર તરીકે જણાય છે જે ખેતીલાયક ઉપયોગ છે તેવુ જણાય છે. ત્યારબાદ અરજદાર તરફે આંક ૪૯ થી રજુ કરેલ ગામના નમુના નંબર ૮–અ જમીનની ખાતાવહી મા ખાતા નંબર ૯૩૩ વાળી જમીન જે સામાવાળા ના પિતા બાબુભાઈ ગગુભાઈ ના કબ્જેદાર તરીકે જણાય છે જે ખેતીલાયક ઉપયોગ છે તેવુ જણાય છે.ત્યારબાદ સામાવાળા એ આંક ૩૨ થી અરજદાર તથા તેના પિતાના માલીકી ની મોજે જાખડા , તા.ધોળકા જી. અમદાવાદ ખાતે આવેલ ખાતા નંબર ૬૧૧ , તથા ૬૧૩ ના રેવન્યુ સર્વે નંબર ૧૦૪ તથા ૧૫૨ વાળી ખેતીની જમીનમા તેમજ અન્ય ખાતેદારોની ખેતીની જમીનના ઉતારા રજુ કરેલ છે. સામાવાળએ તેમની ઉલટ તપાસમા એ હકીકત સ્વીકારેલ કે અરજદારના પિતા સવજીભાઈની વાર્ષીક આવક કેટલી હશે તે તેઓ જણાવી શકે નહી. વધુમા તેઓએ ઈન્કાર કરેલ કે તેઓ ખેડુત હોય અરજદાર પક્ષે ટ્રકટર /હાર્વેસ્ટ મશીન સામાવાળા ધરાવે છે તે અન્વયે ના ફોટોગ્રાફ રજુ કરેલ છે પરં તુ કોઈ માલીકી હકક સામાવાળાનો હોય તેવા પુરાવા રજુ કરેલ નથી વધુમા સામાવાળાએ તે હકીકત થી ઈન્કાર કરેલ છે કે તે મશીન તેઓના નામના હોય વધુમા સદર અરજી/કેસ રીમાન્ડ થતા આગળની કાર્યવાહી માટે ચાલેલ જે મુજબ સદર સમયગાળો મુજબ અરજદાર તથા તેમના પુત્ર ને સામાવાળા તરફથી ભરણપોષણ ચુકવામા આવતુ હતુ

અને તેઓ સદર ભરણપોષણની રકમ ચુકવી શકવામા સક્ષમ નથી તેવી હકીકત પણ રેકર્ડ ઉપર રજુ નથી. તારીખ ૧૬/૭/૨૨ ના રોજ અરજદાર નંબર ૧ ને ૭૦૦૦/– તથા અરજદાર નંબર ૨ ને ૩૦૦૦/– તથા ઘરભાડાના રુા. ૫૦૦૦/– માસીક ચુકવવાનો હુકમ થયેલ હતો અરજદારનો પુત્ર તેઓની સાથે રહે છે. જેમા પુત્ર જન્મ તારીખ જોતા તારીખ ૪/૭/૨૩ સુધી તે માયનોર હોય ત્યારબાદ એડલ્ટ થયેલ વધુમા સામાવાળા ની દલીલ હોય કે તેઓ પાસે કોઈ મિલ્કત ન હોય કોઈ આવક ન હોય તો તો તેઓએ તેમની જવાબ /દલીલ મા કબુલ કરેલ છે કે તેઓએ તારીખ ૨૭/૪/૨૩ થી ૧૬/૮/૨૪ સુધી મા કુલ રકમ ૫,૨૮,૦૦૦/– ભરણપોષણ પેટે ચુકવેલ છે. વધુમા આ તબકકે નીચે મુજબના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ છે કે

2014 SCC OnLine Cal 22627, Calcutta High Court has held as under:

"...***Merely because a person is claiming that he has no income that is no ground to exonerate him from the liability of maintaining his wife. In such a situation if it is found the husband is an able-bodied person and has capacity to earn then he shall be bound to maintain his wife."***

જો સામાવાળા (પતિ) અરજદારનુ ભરણપોષણ કરવા માટે તેમની પાસે કોઈ આવક નથી કે તેમની પત્નીનુ ભરણપોષણ કરવા તેની પાસે રકમ ચુકવવા માટેના કોઈ સાધન નથી ,નોકરી નથી, બેરોજગાર છે અથવા તેમનો વ્યવસાય નથી કે વ્યવસાય સારી રીતે ચાલતો નથી કે તેવુ કારણ રજુ કરે તો તે હકીકત/રજુંઆત ટકવાપાતત્ર નથી અને તે અન્વયેના પુરાવા રજુ કરે તો કાયદામા તેની કોઈ સ્વીકાર્યતા નથી અને તેમની પત્ની ની ભરણપોષણની જવાબદારીમાથી મુકત થઈ શકે નહી.પરંતુ આવક નથી તેવી રજુઆત કરવામા આવે તે પરિસ્થિતિમા એવુ પણ ધ્યાને લેવુ જોઈએ કે પતિ એ શારીરીક સ્વસ્થ અને સક્ષમ વ્યકિત છે તો પતિ એ શારીરીક શ્રમ અન્વયે કામગીરી કરી તેના મહેનતાણામાથી પત્ની ની આર્થીક મદદ કરવી પતિની પવિત્ર, સામાજીક ,

નાણીકીય ફરજ છે. હાલના સમયમા એક વ્યકિતને જમવા માટે એક સમયના મીનીમમ રૂ. ૧૦૦/– હાલની મોંઘવારી ને ધ્યાન મા રાખીએ તો દિવસમા ત્રણ વખત વ્યકિત ને જીવન નિર્વાહ માટે ખોરાકની જરુર પડે છે જે જોતા તો એક વ્યકિતના ૬૦૦/– રુપિયા માત્ર ખોરાક પાછળ જતા રહે હાલના કામમા અરજદાર અને તેના પુત્ર સાથે રહેતો હોય અને ઉપર જણાવ્યા મુજબ પુત્ર તારીખ ૪/૭/૨૦૨૩ બાદ પુખ્ત વયનો થઈ ગયેલ હોય આમ બે વ્યકિતના માત્ર રોજના ખોરાકનો ખર્ચ ગણાવામા આવે તો ૬૦૦/– રુપિયા મીનીમમ થાય જેને માસીક ગણતરી કરતા ૧૮૦૦૦/– થાય તદ ઉપરાંત સદર કામમા અરજદાર ની ઉમર અને સાજા–માંદા સમયે થતો આકસ્મીક તબીબી ખર્ચ તથા સામાજીક ખર્ચ/વ્યહારીક ખર્ચ વિગેરે બાબત જોતા તમામ હકીકત નજર સમક્ષ રાખતા અરજદાર નંબર ૧ ને માસીક ભરણપોષણ પેટે ૧૨૦૦૦/–(બાર હજાર તથા તેમના દીકરાને માસીક ભરણપોષણ પેટે માસીક ૯૦૦૦/– (સાત હજાર હજાર પુરા) ૪/૭/૨૦૨૩ સુધી માસિક ભરણપોષણ તરીકે ચૂકવવામાં આવશે તો તે વ્યાજબી ગણાશે અને સામાવાળાની મર્યાદા બહારની પણ ગણાશે નહિ તેવું આ અદાલતનું નમ્ર પણે માનવું છે. આથી, મુદ્દા નં પ નો જવાબ અંશતઃ હકારમા આપવામાં આવે છે. .

(૨૪) <u>મુદા નંબર ૬</u>

(૨૪.૧)ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ ૨૨ માં વળતરના હુકમની જોગવાઈ કરવામાં આવેલ છે અને તે મુજબ સદરહું અધિનિયમ હેઠળ અન્ય રાહતો ઉપરાંત ભોગ બનેલ વ્યકિત ધ્વારા કરાયેલ ઈજાઓ જેમાં સામાવાળા ધ્વારા થયેલ કૌટુંબિક હિંસાના કૃત્યોથી થયેલ માનસિક યાતના અને લાગણીશીલ પીડા સહિત માટે વળતર અને નુકશાન ચૂકવવા પ્રતિવાદીને નિર્દેશ કરતો હુકમ કરી શકે છે.આ અન્વયે અરજદાર તથા સામાવાળા છેલ્લા ઘણા વર્ષોથી અલગ રહે છે. તે હકીકત ધ્યાને લીધા બાદ આ

કામના અરજદાર ઘરેલુ  હિંસાનો ભોગ બનેલ હોય તે પુરવાર થતું હોય અને તેના કારણે અરજદારને શારીરીક – માનસીક યાતના સહન કરવી પડી હોય અને કલમ ૨૨ અન્વયે અરજદારને અન્ય રાહતો ઉપરાંત વળતર અપાવવું વ્યાજબી જણાઈ આવતું હોય,અરજદાર ઘરેલું હિંસા અધિ.ની કલમ ૨૨ મુબજ શારિરીક માનસિક ત્રાસના વળતર પેટે રૂા.૩૦,૦૦,૦૦૦/– (ત્રીસ લાખ પુરા ) ચૂકવી અપાવવા અરજી કરેલ છે. પરંતુ અરજદારને સામાવાળાઓ તરફથી આપવામાં આવેલ ત્રાસને પ્રમાણે અરજદારને તબીબી સારવારની જરૂરી પડેલ હોય અને તેવી સારવાર કરાવેલ હોય તેવી કોઈ હકીકત અરજદાર રેકર્ડ ઉપર લાવી શકેલા નથી. જેથી શારિરીક માનસિક ત્રાસ પેટે જે વળતરની માંગણી કરેલ છે તે સંપૂર્ણ પણે ચુકવવા માટે આદેશ કરવો ન્યાયોચિત જણાય આવતું નથી. જેથી  મુદ્દા નં.૬ નો જવાબ આખર હુકમમાં જણાવેલ રકમ અનુસાર અંશત:હકારમાં  રકમ અનુસાર હકારમા ઠરાવી મુદા નંબર ૭ અન્વયે નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) અરજદારની હાલની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળાઓએ અરજદાર કે તેમના આશ્રીત સંબંધે કોઈપણ વ્યકિત સાથે કૌટુંબિક હિંસાનું કોઈ પણ કૃત્ય કરવા પર આથી પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૩) સામાવાળા નંબર ૧ એ અરજદાર ને માસીક રુા.૧૨૦૦૦/– (બાર હજારા પુરા ) તથા પુત્ર બીજેશ કે જે અરજી સમયે સગીર વયના હોય અને તેઓ તા. ૦૪/૦૭/૨૦૨૩ સુધી  સગીર હોય જેથી તેઓને રુ. ૯૦૦૦/– (નવ હજાર પુરા) માસીક ભરણપોષણ પેટે અરજીની તારીખથી તા. ૦૪/૦૭/૨૦૨૩ સુધી ચડયે ચડયા ચુકવવાનો હુકમ કરવામા આવે છે

વધુમા સદર કેસ રીમાન્ડ થયેલ હોય જેથી અગાઉ સામાવાળા એ જે રકમ ભરણપોષણ /ભાડા પેટે /વળતર પેટે ચુકવેલ હોય તે રકમ તેઓને ભરણપોષણની રકમ માથી બાદ મળવાપાત્ર રહેશે.

(૪) આ કામના સાામવાળા નંબર ૧ એ અરજદારના સ્ટેટસ મુજબ રહેઠાણની વ્યવસ્થા કરી આપવી. જો અરજદાર સામાવાળાએ કરેલ રહેઠાણની વ્યવસ્થાએ રહેવાની અનિચ્છા દર્શાવે અથવા સામાવાળા રહેઠાણની વ્યવસ્થા ન કરી શકે તેમ હોય તો દર મહિને અરજીની તારીખથી ઉપરોકત રકમ ઉપરાંત રૂા. ૬૦૦૦/– (અંક છ હજાર પુરા) રહેઠાણની વ્યવસ્થા બદલ અલગથી અરજદારને ચૂકવી આપવા.

(૫) આ કામના અરજદારને સામાવાળાઓ ધ્વારા થયેલ પારીવારીક હિંસાથી થયેલ માનસીક યાતના, લાગણી, પીડા અને આ અરજી ખર્ચના સંયુકતપણે રૂા ૪૦,૦૦૦/–(અંકે રૂપિયા ચાલીસ હજાર પુરા) અલગથી ચુકવીઆપવા.

(૬) આ કામના સામાવાળા નાએ ઉપરોકત કરેલ હુકમમાં જે ચડેલ ભાડાની રકમ આપવાનો હુકમ કરેલ છે તેનું પાલન હુકમની તારીખથી ૬૦ દિવસમાં કરી આપવું અને ચાલુ મહિનાની નાણાકીય સહાયની રકમ હુકમ મુજબ જે તે મહિનામાં ચૂકવી આપવી.

(૭) અરજદાર જે જગ્યાએ રહેતા હોય ત્યાં હકુમતમાં આવેલ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને એવો આદેશ કરવામાં આવે છે કે અરજદાર તરફથી માંગણી થયે, તેને રક્ષણ પૂરૂ પાડવું. આ ઉપરાંત, અરજદારની તરફેણમાં કરવામાં આવેલ હુકમ ના પાલનમાં માંગણી થયે, અચૂકપણે મદદ કરવી, જરૂરી સગવડો પૂરી પાડવી તેવો આદેશ કરવામાં આવે છે.

(૮) આ હુકમની નકલ પક્ષકારોને ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ ૨૪ અન્વયે પૂરી

પાડવી.

(૯) આ હુકમની નકલ અરજદાર જે પોલીસ સ્ટેશનની હકુમતમાં રહેતા હોય તે પોલીસ સ્ટેશનને મોકલી આપવી.

(૧૦)આ હુકમની જાણ પ્રોટેકશન ઓફીસરશ્રી ને કરવી. પ્રોટેકશન ઓફીસરે આ હુકમના પાલન અંગેના યોગ્ય પગલા લેવા.

( ૧૧ )રજીસ્ટ્રીએ ઉપરોકત કાર્યવાહી અન્વયે તાત્કાલીક યાદી કરવી.

આ હુકમ આજરોજ તારીખઃ- ૨૨મી માહે એપ્રિલ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કરવામાં આવ્યો.

**તા. ૨૨ -૪-૨૦૨૬**

**ધોળકા**

**( બી.એમ.ગઢિયા)**

**એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ**

**ધોળકા કોડ નં જી.જે. ૦૧૧૭૬**